જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂલક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૭૫૭૫૦ ૦૬૮૫૦

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । બુધવાર । તા. ૨૧-૧૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । અંક : ૧૪ । પાના : ૦૪ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

જૂના વિસ્ફોટક પદાર્થોને નષ્ટ કરવાની કામગીરી દરમ્યાન બ્લાસ્ટ થયો

મહારાષ્ટ્ર: વર્ધામાં સેનાના હથિયાર ડેપોમાં ભીષણ બ્લાસ્ટ : ૬ના મોત, ૧૮ ઘાયલ

બે વર્ષ પહેલાં પણ ડેપોમાં વિસ્ફોટ થતાં ૧૬ જવાનોના મોત થયા હતા

મુંબઈ

મહારાષ્ટ્રના વર્ધા સ્થિત સેનાના આર્મી ડેપોમાં મંગળવારે સવારે અચાનક એક ભયાનક બ્લાસ્ટ થયો જેમાં છ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. પ્રાપ્ત થયેલ જાણકારી પ્રમાણે આ બ્લાસ્ટમાં ૧૮ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે. જુના વિસ્ફોટક પદાર્થોને નષ્ટ કરી રહ્યા હતા તે દરમિયાન બ્લાસ્ટ થયો હોવાનું માનવામાં આવી રહ્યું છે.

વર્ધામાં પુલગાંવ આર્મી ડેપોમાં મંગળવાર સવારે બ્લાસ્ટ છ લોકોને ભરખી ગયો છે. ફાયરિંગ ડેપોમાં થયેલ આ ભયંકર ધમાકામાં એક ડઝન કરતા પણ વધારે લોકોને ઈજા પહોંચી છે. આ બ્લાસ્ટ થયો ત્યારે સવારની શિફ્ટમાં કામ કરનારા લગભગ ૪૦ લોકો ત્યાં હાજર હતા. વર્ધાથી લગભગ ૧૮ કિલોમીટર દૂર આવેલ આ ડેપોમાં જૂના વિસ્ફોટકોને નષ્ટ કરવાનું કામ ચાલી રહ્યું હતું. મંગળવારે થયેલ બ્લાસ્ટના કારણે પ્રશાસનની લાપરવાહી સામે આવી છે. જો કે, હાલમાં વિસ્ફોટક પર કેમિકલ નાખીને તેને ઠંડુ પાડવાની કોશિશ કરવામાં આવી રહી છે. ઈજાગ્રસ્ત થયેલ



લોકોને તાત્કાલિક ધોરણે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતા જ ઉચ્ચ અધિકારીઓ તેમજ રાહત અને બચાવ દળ સાથે જોડાયેલ લોકો ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. ઉલ્લેખનીય છે કે સેન્ટ્રલ એમ્યુનિશન ડિપો સૈન્ય ક્ષેત્ર છે અને હથિયાર ડિપોમાં તે સૌથી મોટું છે. બ્લાસ્ટ થયો તેના કારણે અહીં મોટા પ્રમાણમાં જાન અને માલની નુકસાની થઈ હોવાની આશંકા છે. આ બ્લાસ્ટના કારણે આસપાસના વિસ્તારમાં ભયનું મોજું ફરી વળ્યું છે. હાલ સુરક્ષાને ધ્યાનમાં રાખી આ વિસ્તારને ચારે તરફથી સીલ કરી દેવામાં આવ્યો છે અને લોકોની અવરજવર બંધ કરી દેવામાં આવી છે. સૂત્રોના જણાવ્યાનુસાર સુરક્ષાને ધ્યાનમાં રાખી ગામના રહેણાક વિસ્તારને ખાલી કરાવવામાં આવ્યો છે. ઘાયલોને હોસ્પિટલ સુધી પહોંચાડવા માટે પણ હેલિકોપ્ટરની મદદ લેવામાં આવી રહી છે. બ્લાસ્ટ અંગે જાણવા મળતી વિગતોનુસાર પુલગામ ડિપોમાં ખમરિયા હથિયાર ડિપોનો સ્ટાફ જૂના અને નકામા વિસ્ફોટકો હટાવી રહ્યો હતો આ દરમિયાન અચાનક બ્લાસ્ટ થયો હતો.

હુમલા માટે ભાજપ જવાબદાર :આપ

દિલ્હી સચિવાલયમાં કેજરીવાલ પર મરચાના પાઉડર વડે હુમલો : ૧ની ધરપકડ

ન્યુ દિલ્હી

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને એકવાર ફરી વિરોધનો સામનો કરવો પડ્યો છે. રાજધાની દિલ્હીમાં સચિલાલયમાં કેજરીવાલની આંખમાં કોઈ અજાણ્યા માણસે મરચાનો પાવડર ફેંક્યો છે. જો કે સુરક્ષાકર્મીઓએ તે વ્યક્તિને ઝડપી પાડ્યો હતો.

સચિવાલયમાં મુખ્યમંત્રી ચેમ્બરની થોડી જ બહાર કોઈ અજાણ્યા માણસે આવીને મરચાંનો પાવડર નાંખી દીધો હતો. કેજરીવાલ તે વખતે લંચ લેવા જઈ રહ્યા હતાં. જણાવવામાં આવી રહ્યું છે કે અરવિંદ કેજરીવાલની આંખોમાં મરચાનો પાવડર ગયો છે જેના કારણે ઘણી બળતરા થઈ રહી છે. થોડી જ વારમાં આ અંગે કેજરીવાલ પ્રેસ કોન્ફરન્સ પણ સંબોધિત કરશે.

દિલ્હી સીએમ પર જે વ્યક્તિએ મરચા પાવડર નાંખ્યો તેનું નામ અનિલ શર્મા છે. અનિલ નારાયણા દિલ્હીનો જ રહેવાસી છે. હાલ તેમને આઈપી સ્ટેટ પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવ્યો છે.

એન્કાઉન્ટરમાં ત્રણ જવાન પણ ઘાયલ થયા

શોપિયામાં એન્કાઉન્ટર: સેનાએ ૪ આતંકીઓને ઠાર કર્યા, એક જવાન શહીદ

શ્રીનગર

આજે વહેલી સવારે જમ્મુ-કાશ્મીરના શોપિયાન જિલ્લાના એક ગામમાં આર્મી અને આતંકીઓ વચ્ચે થયેલી અથડામણમાં ચાર આતંકીઓને ઠાર કરવામાં આવ્યા છે. શ્રીનગરથી ૬૦ કિલોમીટર દૂર શોપિયાન જિલ્લામાં ચલાવવામાં આવેલા ઓપરેશનમાં એક જવાન શહીદ થયો છે, તેમજ ત્રણ ઘાયલ થયા છે. સુરક્ષા દળોએ આ વિસ્તારમાં આતંકીઓ ઘૂસ્યા હોવાની માહિતી મળ્યા બાદ વહેલી સવારે સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. આ દરમિયાન આતંકીઓ તરફથી ફાયરિંગ થતાં જવાનોએ પણ વળતો પ્રહાર કરીને ચાર આતંકીઓને ઠાર કરી દીધા હતા. મળતી માહિતી પ્રમાણે ઈન્ટેલિજન્સ ઈનપુટ બાદ નદીમાર્ગ ગામ ખાતે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, આતંકીઓએ ફાયરિંગ શરૂ કરી દેતા સર્ચ ઓપરેશન એક્રાઉન્ટરમાં પરિવર્તિત થઈ ગયું હતું.

આર્મી અને પોલીસે સંયુક્ત રીતે આ ઓપરેશન પાર પાડ્યું હતું. અથડામણ દરમિયાન એક પેરા મિલિટરી કમાન્ડો શહીદ થયો હતો. નોંધનીય છે કે શોપિયાન વિસ્તારમાં આર્મી અને આતંકીઓ વચ્ચે તાજેતરમાં અનેક એક્રાઉન્ટર્સ થયા છે. ૧૮મી નવેમ્બરના રોજ શોપિયાનના રેબાન વિસ્તારમાં આવા જ એક એક્રાઉન્ટરમાં ભારતીય જવાનોએ આતંકી ગ્રુપ અલ-બદ્રના બે આતંકીઓને ઠાર કર્યા હતા. આ જ દિવસે પુલવામાના કાકાપોરા વિસ્તારમાં રેલવે કોલોની પાસે આવેલા સીઆરપીએફ કેમ્પ પર આતંકીઓના ફાયરિંગમાં સીઆરપીએફના એક જવાને પોતાનો જીવ ગુમાવ્યો હતો.

બેંક સાથે આધાર લિંક ન હોય તો સેલરી અટકાવી શકાય નહીં: મુંબઈ હાઈકોર્ટ

મુંબઈ

આધાર કાર્ડ સાથે સેલેરી અકાઉન્ટ લિંક ન હોવાને કારણે પોર્ટ ટ્રસ્ટના એક કર્મચારીનો પગાર ૨૦૧૬થી અટકાવી રાખવાના કેન્દ્ર સરકારના નિર્ણય પર મુંબઈ હાઇ કોર્ટે સવાલ ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે આધાર કાર્ડ સાથે બેંક અકાઉન્ટ લિંક કરવામાં નિષ્ફળ જવાને કારણે કોઈનો પણ પગાર અટકાવી શકાય નહીં.

મુંબઈ પોર્ટ ટ્રસ્ટમાં ચાર્જમેન તરીકે કાર્યરત રમેશ પુરાલે દ્વારા કરાયેલી અરજી પર હાઇ કોર્ટે

અનુસંધાન પાના નં. ૫

વિવાદમાં રહેલા જે.એમ. યાદવને છોટાઉદેપુરથી ફરી અમદાવાદ લાવ્યા

ગુજરાતના ગૃહ વિભાગે કર્યો 6 IPS અને 15 DYSPની બદલીનો આદેશ

અમદાવાદ

રાજ્યના ગૃહ વિભાગે ૬ આઈ.પી.એસ. અધિકારીઓ અને ૧૫ જેટલા ડી.વાય.એસ.પી.ની બદલીના આદેશ કર્યા છે. જેમાં અમદાવાદના ઝોન-૭ના ડી.સી.પી. આર.જે.પારગીની પશ્ચિમ રેલ્વેમાં બદલી કરવામાં આવી છે, જ્યારે પશ્ચિમ રેલ્વેના કે એન. ડામોરને અમદાવાદના ઝોન-૭નો ચાર્જ આપવામાં આવ્યો છે. તેમજ બીપીન આહીરેની બદલી સુરત ઝોન-૩ ડિસીપીથી ગાંધીનગર સ્ટેટ ટ્રાફિક બ્રાંચમાં અને વિધિ ચૌધરીની બદલી સુરત હેડક્વાર્ટરથી સુરત ઝોન-૩, ડીસીપી, એસ. વી. પરમારની બોટાદ એસ.પી.થી બદલી કરીને સુરત હેડક્વાર્ટર ખાતે બદલી કરવામાં આવી છે. તો બીજી તરફ હર્ષદ મહેતાની બદલી બોટાદ એસ.પી. તરીકે કરવામાં આવી છે.

આ બધાની સાથે ૧૫ ડીવાયએસપીની પણ બદલી કરવામાં આવી છે. આ બદલી અંતર્ગત સરકારના અને કેટલાક આઈપીએસ અધિકારીઓના ખાસ ગણાતા ડી.વાય.એસ.પી.ને અમદાવાદમાં પરત લાવવામાં આવ્યા છે. જેમાં ક્રાઈમબ્રાંચમાં પહેલા ફરજ બજાવી ચૂકેલા અને વિવાદમાં રહેલા જે.એમ. યાદવને છોટાઉદેપુરથી ફરી અમદાવાદમાં લાવીને કે. ડીવીઝન એ.સી.પી. તરીકે પોસ્ટીંગ આપવામાં આવ્યું છે. તેની સાથે સાથે અમદાવાદ પીસીબીમાં લાંબો સમય એ.સી.પી. તરીકેનો ચાર્જ સંભાળનાર એમ.કે.રાણાને એસ.સી. એસ.ટી.સેલ અમરેલીથી ફરી પાછા અમદાવાદ લાવીને એચ.ડીવીઝનનો ચાર્જ આપવામાં આવ્યો છે. આમ

અનુસંધાન પાના નં. ૫

તેઓ ચાર દિવાલ ઊભી કરતાં, અમે ઘર બનાવ્યાં,મોદીનો સોનિયા ગાંધી પર પ્રહાર

નોટબંધી ભ્રષ્ટાચારનો નાશ કરનારું ઝેર હતું : નરેન્દ્ર મોદી

ન્યુ દિલ્હી

ઝાબુઆમાં જનસભાને સંબોધિત કરતા પીએમ મોદીએ નોટબંધી પર કહ્યું કે, આ દેશને ભ્રષ્ટાચારે બર્બાદ કર્યો છે. દરેક કામ માટે લોકો પૈસા માંગતા રહેતા હતા, વગર પૈસે કોઈ કામ કરતું નહોતું, તો આ દેશને આ બિમારીથી બહાર નીકળવું જોઈએ. ઉધઈ લાગે ત્યારે ઝેરી દવા નાખવી પડે છે, હિન્દુસ્તાનમાં કોંગ્રેસના કાલખંડમાં એવો ભ્રષ્ટાચાર વધી ગયો કે નોટબંધી જેવી કડક દવાઓનો ઉપયોગ કરવો પડ્યો.

આજે મોદીની તાકાત જોઈને પાઈ-પાઈ બેંકોમાં જમા કરાવવા મજબૂર બન્યા છે. આજે દેશમાં જે ઘર, સ્કૂલ, હોસ્પિટલ બની રહ્યા છે, તે તમામ પૈસા પહેલા લોકો તકીયા નીચે છૂપાવીને રાખતા હતા અને જ્યારે બહાર નિકળ્યા ત્યારે વિકાસના કામમાં આવી રહ્યા છે. તેનાથી કોંગ્રેસને મુશ્કેલી પડી રહી છે. તે ચાર દિવાલો ઉભી કરતા રહ્યા અને અમે ઘર બનાવતા રહ્યા. અમે મોટી સંખ્યામાં બેઘર લોકોને રહેવા માટે ઘરો આપ્યા. મોદીએ કહ્યું કે, કોંગ્રેસ અમારી વિરુદ્ધ એટલા માટે છે કારણ કે અમે

અનુસંધાન પાના નં. ૫

જેમના પર ભ્રષ્ટાચારના આક્ષેપ છે તે શું નિષ્પક્ષ તપાસ કરશે : હાર્દિક પટેલ

રાજદ્રોહ કેસ : હાર્દિક,બાંભણિયા,ચિરાગ વિરુદ્ધ ક્રાઈમ બ્રાન્ચે ૧૮ પાનાની ચાર્જશીટ ફાઈલ કરી

અમદાવાદ

૨૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે રેલી બાદ ફાટી નીકળેલા તોફાનો અંગે સરકારે પાસ કન્વિનર હાર્દિક પટેલ, દિનેશ બાંભણિયા, ચિરાગ પટેલ અને અલ્પેશ કથીરિયા સામે રાજદ્રોહનો કેસ કર્યો હતો. આ કેસમાં આજે સેશન કોર્ટે હાર્દિક પટેલ, દિનેશ બાંભણિયા અને ચિરાગ પટેલ સામે ચાર્જફ્રેમ કર્યા હતા. આ કેસમાં ક્રાઈમ બ્રાંચ ૧૮ પાનાની ચાર્જશીટ ફાઈલ કરી છે. જેના આધારે ચાર્જફ્રેમ કરાયા છે. કોર્ટની કાર્યવાહી બાદ હાર્દિક પટેલે મીડિયા સાથે વાતચીત કરી હતી તેમજ ભવિષ્યમાં કોર્ટનો જે પણ ચુકાદો આવશે તેને માન્ય ગણશે તેવી વાત કરી હતી. સાથે હાર્દિકે એવું પણ કહ્યું હતું કે જો ચુકાદો તેની વિરુદ્ધમાં આવશે તો તેઓ ઉપલી કોર્ટમાં જશે.

"સામાજિક કામમાં વ્યવસ્ત હોવાથી કોર્ટમાં ન આવવાનું નક્કી કર્યું હતું. હું સતત પાંચ વખતથી કોર્ટમાં હાજર રહેતો હોવાથી આ વખતે કોર્ટ રાહત આપે તેવી ઇચ્છા હતી. પરંતુ કોર્ટના આદેશને પગલે હાજર રહેવું પડ્યું છે. ૨૫મી ઓગસ્ટ ૨૦૧૫ના રોજ જે બનાવ બન્યો હતો તેમાં ભાજપ સરકારના આદેશ પ્રમાણે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. કોર્ટમાં આજે ચાર્જફ્રેમની પ્રક્રિયા થઈ હતી. અમે તેના પર સહી પણ કરી છે. હવે નવી તારીખથી કેસ ચાલુ થશે."

સરકારે પાટીદાર અનામત આંદોલનને તોડવાના અનેક પ્રયાસો કર્યા છે. ચાર્જફ્રેમમાં એ વાતનો ઉલ્લેખ છે કે બંધારણીય રીતે અનામત ન મળી શકે. પોલીસે ખોટી તપાસ કરીને ચાર્જશીટમાં વિગતો મૂકી છે. પોલીસ તપાસને ગેરમાર્ગે દોરવા માટે ખોટી વિગતો લખીને ચાર્જશીટ તૈયાર કરી છે. અમે નીચલી કોર્ટના નિર્ણયને હાઇકોર્ટ અને હાઇકોર્ટના નિર્ણયને જરૂર

અનુસંધાન પાના નં. ૫



ડભોઇ તાલુકાના ખેડૂતોએ ડાંગર ટેકાના ભાવે પુરવઠા નિગમને આપી

વડોદરા : ડભોઇ તાલુકાના ખેડૂતોએ ડાંગરની ટેકાના ભાવે ખરીદીની રાજય સરકારની વ્યવસ્થાને ખૂબજ પ્રોત્સાહક પ્રતિસાદ આપ્યો છે અને ડાંગર પકવતા ખેડૂતો માટે આ વ્યવસ્થાને લાભપ્રદ ગણાવી છે. ઉલ્લેખનીય છે કે ડભોઇ તાલુકામાં વઢવાણા તળાવ આધારીત તેમજ હવે નર્મદા યોજનાની સિંચાઇ આધારીત ડાંગરની ખેતી વ્યાપક પ્રમાણમાં કરવામાં આવે છે.

પુરવઠા નિગમના ડભોઇ ગોડાઉન ખાતે વસઇના જનકભાઇ પટેલ ડાંગર નાંખવા આવ્યા હતા. એમણે જણાવ્યું કે સરકારે નક્કી કરેલા ટેકાના ભાવે ડાંગર જમા કરાવી છે. ઢોલારના જગદીશભાઇ પટેલે જણાવ્યું કે રાજય સરકારે ટેકાના ભાવે ડાંગરની ખરીદીની જે વ્યવસ્થા કરી છે એ સંતોષકારક છે. સરકારનુ આ પગલુ ઘણું સારૂ છે. ખેડૂતો માટે આ વ્યવસ્થા લાભદાયક છે. એક કળશી ડાંગરે એટલે કે ૩૦૦ કિગ્રા ડાંગરના વેચાણે રૂ.૪૦૦થી ૫૦૦નો ફાયદો થાય છે. કરાલી ગામના વસાવા શંકરભાઇએ પણ ટેકાના ભાવે ડાંગર ખરીદીની વ્યવસ્થાને આવકારી અને ફાયદાકારક ગણાવી હતી.

પુરવઠા નિગમના ડભોઇ ગોડાઉનના મેનેજર જિજ્ઞેશભાઇ ગોહિલે જણાવ્યુ હતું કે બે ક્વોલીટીની ડાંગર માટે ક્વીન્ટલના અનુક્રમે રૂ.૧૭૫૦/- અને ૧૭૭૦/- ભાવ ચૂકવવામાં આવી રહ્યાં છે. ૨૧૦ ખેડૂતોએ ડાંગરના ટેકાના ભાવે વેચાણ માટે ઓનલાઇન નામોની નોંધણી કરાવી છે. અત્યાર સુધીમાં ૧૦૦૧ ક્વીન્ટલ ડાંગરની ખરીદી કરવામાં આવી છે. વેચાણના નાણાંની ચૂકવણી જે તે ખેડૂતના બેન્ક ખાતામાં સીધેસીધી પારદર્શક રીતે કરવામાં આવી છે. ખેડૂતોને ડાંગરના વેચાણથી રૂ.૧૧ લાખ થી વધુ રકમની આવક થઇ છે. આ ઉપરાંત વાઘોડીયા અને સાવલી તાલુકામાં લોકોએ ટેકાના ભાવે ડાંગર ભરી છે. જયારે છોટાઉદેપુર જિલ્લાના પાવી જેતપુર અને છોટાઉદેપૂર ખાતે મગફળી, ડાંગર અને મકાઇનું ખેડૂતો ટેકાના ભાવે વેચાણ કરી રહ્યા છે.

મેઘાકૂઇમાં યોજાયો સેવાસેતુ કાર્યક્રમ આવક સહિતના દાખલા સરળતાથી મળી જતાં લાભાર્થીઓમાં ખુશી

વડોદરા : તાજેતરમાં વડોદરાના મેઘાકૂઇ ગામે યોજાયેલા સેવાસેતુ કાર્યક્રમનો આસપાસના ૧૦ ગામોના લોકોએ વિવિધ કામો માટે ઉત્સાહભેર લાભ લીધો હતો. લાભાર્થીઓએ સરળતાથી અને સ્થળ પર જ કામો થઇ જતા આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

અઠવાડીયું લાગે, વડોદરા સુધી ધક્કો ખાવો પડે અને ભાડું ખરચવુ પડે એવું કામ એકજ દિવસમાં થઇ ગયું એવી લાગણી વ્યક્ત કરતાં મેઘાકૂઇના અંબાલાલ વણકરે જણાવ્યું કે મારે આવકના દાખલાની જરૂર હતી. સેવાસેતુમાં તૈયારીમાં ફોર્મ ભરાઇ ગયું, તલાટીના સહીસિક્કા થઇ ગયા અને દાખલો પણ હાથોહાથ મળી ગયો. સોમાભાઇ ખુશાલભાઇને આવકનો અને સીનીયર સીટીઝનનો દાખલો જોઇતો હતો. તેમને લાગતુ હતું કે આ કામ માટે વડોદરા ધક્કા ખાવા પડશે અને ભાડાનો ખર્ચ કરવો પડશે. સેવાસેતુમાં તેમને આ બંને દાખલા ગણત્રીના કલાકોમાં મળી ગયા. તેમણે પણ રાજય સરકારના સેવાસેતુ કાર્યક્રમને ખુશખુશાલ થઇને દિલથી બિરદાયો હતો.

કાનજીભાઇ પરમારે જણાવ્યું કે મુખ્યમંત્રીએ સેવાસેતુ કાર્યક્રમ ધ્વારા ઘણી સારી વ્યવસ્થા કરી છે. ગામલોકોને તેના કારણે નાના-નાના કામો માટે છેક વડોદરા, મામલતદાર કચેરી સુધી દોડવું પડતુ નથી. સેવાસેતુમાં ઘરઆંગણે ઘણાં બધાં કામો થઇ જાય છે અને જરૂરી દાખલા, કોઇપણ જાતની મુશ્કેલી, વાંધાવચકા વગર મળી જાય છે.

સેવાસેતુમાં ૧૪થી વધુ ખાતાઓના ૫૫ જેટલા પ્રકારના કામો ઝડપથી અને સરળતાથી થઇ જાય છે એટલે જ સેવાસેતુ કાર્યક્રમ ગ્રામજનોને ઘેરબેઠાં ગંગા જેવો લાગે છે.

કુંડળધામના સંતો દ્વારા હરિ ચરિત્રામૃતસાગર મહાગ્રંથ અર્પણવિધિ કાર્યક્રમ યોજાયો



મોટી સંખ્યામાં સંતો.મંહતો અને હરિભક્તોની હાજરીમાં ઉત્સવ ઉજવાયો

બોટાદ જીલ્લાના સુપ્રસિધ્ધ કુંડળધામ ના સંતો દ્વારા વડતાલ સ્વામિનારાયણ મંદીર ખાતે હરિઓરિત્રામૃતસાગર મહાગ્રંથ અર્પણવિધિ નો ભવ્ય ઉત્સવ ઉજવાયો વડતાલ સ્વામિનારાયણ મંદીરના પરિસરમાં દિવ્ય અને ભવ્ય કાર્તિકી ઉત્સવ ઉજવાયો ભગવાન સ્વામિનારાયણ દિક્ષીત આધારાનંદસ્વામી ના હસ્તે હિન્દી ભાષામાં હરિચરિત્રામૃતસાગર મહાગ્રંથ ને ટાઈટેનિયમ ધાતુથી કંડારાયેલો આ મહાગ્રંથ ને સભા મંડપમાં સવારે ૧૦ ક્લાકે પરમ પુજય આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજને અર્પણ કરવામાં આવ્યો હતો સુરેન્દ્રનગર જીલ્લાના મેમકા ગામમાં જેઠ સુદ આઠમ સંવત ૧૮૫૫ માં જન્મેલા આધારાનંદ સ્વામીને ૧૭ વર્ષની ઉંમરે જન્માષ્ટમી ના દિવસે સવંત ૧૮૭૨ રોજ ભગવાન સ્વામિનારાયણે દીક્ષા આપી હતી આધારાનંદસ્વામી એજેઠ સુદ આઠમ ૧૯૧૪ના દિવસે હિન્દી સાહિત્યમાં વડતાલધામમાં હરિચરિત્રામૃતસાગર ગ્રંથ લખવાનો પ્રારંભ કર્યો હતો એઓએ ૧૩ વર્ષ ૫ માસ અને ૧૪ દિવસ વડતાલમાં રહીને આ ગ્રંથની રચના કરી હતી આ મહાગ્રંથમાં ૧.૦૨.૫૬૪ દોહા.ચોપાઈ.આદિ પદો લખાયેલા છે આ હસ્તલિખિત મુળ ગ્રંથની ઊંચાઈ ચાર ફુટ ની છે આ મહાન ગ્રંથ પૂ.જ્ઞાનજીવનદાસજીસ્વામી દ્વારા કુંડળ ખાતે ટેકનોલોજીના ઉપયોગથી વિશ્વના ઈતિહાસમાં પ્રથમવાર આવા મહાકાય ગ્રંથ ને ટાઈટેનિયમ ધાતુ ઉનર કંડારાયો છે ટાઈટેનિયમ ગ્રંથના ૧૨૪૦૪ પેઈજ કરાયા છે જયારે એક પેઈજનુ વજન ૧૩૦ ગ્રામ છે ધાતુ સાથે આ મહાકાય ગ્રંથનુ વજન ૧૦૪૭ કીલો છે આ ધાતુમાં ગ્રંથને કંડારતા સાડા ત્રણ વર્ષ જેટલો સમય લાગ્યો હતો આ દિવ્ય અને ભવ્ય ઉત્સવમાં સંતો,મહંતો અને હજારો ની સંખ્યામાં હરિભક્તો હાજર રહ્યા હતા

ઉપલેટાના ડુમીયાનીના ટોલનાકે સ્થાનિક વાહન ચાલકો પાસે વસુલાત ટોલ ચાર્જને લઈ અને ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ધારાસભ્ય લલિત વસોયાની આગેવાની માં એક મિટિંગ યોજાઈ

ધારાસભ્ય લલિત વસોયા એ મિટ્ટઈન્ગ માં લોક પ્રશ્ન નું નિરાકરણ લાવવા ને બદલે માત્ર ટૂંકું પ્રવચન આપી મિટિંગ પૂર્ણ થાય તે પહેલા ધારાસભ્ય લલિત વસોયા એ ચાલી પકડી



- બેઠક માં ઉપલેટા શહેર ના સ્થાનિકો અને લોકલ વાહન ચાલકો નું સુર
- ડુમિયાંની ટોલનાકે વાહન ચાલકો લુંટાતા નથી
- ઉપલેટા મારી માતૃભૂમિ છે અહીંના વાહન ચાલકો લૂંટાઈ તેવો કોઈ પ્રશ્ન નથી મેહુલ ચન્દ્રવાડીયા
- મીડિયા માં હાઈલાઈટ થવા ધારાસભ્ય એ ટોલનાકા ના પ્રશ્ને એક સ્ટન્ટ ઉભું કર્યું છે મેહુલ ચન્દ્રવાડીયા

ઉપલેટા સર્કિટ હાઉસ ખાતે ઉપલેટા ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ઉપલેટા નજીક આવેલ ડુમિયાંની ટોલનાકા પર ઉપલેટા ના લોકલ વાહન ચાલકો પાસે વસુલાત ટોલ ચાર્જ ને મુદ્દે એક બેઠક યોજાઈ હતી આ બેઠક માં ધોરાજી ઉપલેટા ના ધારાસભ્ય લલિત વસોયા પણ પ્રજા ને પડતી હાલાકી દૂર કરવા ના હેતુ થી ખાસ હાજર રહ્યા હતા

બેઠક માં લાંબી ચર્ચા વિચારણા કરેલ હતી અને ટોલ નાબુદી અંગે ધારાસભ્ય ની આગેવાની માં મળેલ બેઠક માં ધારાસભ્ય લલિત વસોયા એ ટોલ પ્લાઝા લોકલ વાહન ચાલકો પર વસુલાત કરતા ટોલચાર્જ બાબતે નિરાકરણ લાવવા ની બદલે ધારાસભ્ય શ્રી એ ટૂંકું પ્રવચન આપી અને મિટિંગ પૂર્ણ થાય તે પહેલા ચાલતી પકડી હતી

શું કહેછે સ્થાનિક વાહન ચાલકો અને પ્રબુદ્ધ નાગરિકો

આબાબતે ઉપલેટા ના પ્રબુદ્ધ નાગરિકો અને સ્થાનિક વાહન ચાલકો એ ટોલપ્લાઝા પર વસુલાત ચાર્જ અંગે જણાવેલ કે ડુમિયાંની ટોલનાકે નીતિ નિયમો ને અનુસાર ટોલ ચાર્જ વસૂલવામાં આવે છે વાહન સ્થાનિક ચાલકો ને કોઈ હાલાકી નથી થતી અને ટોલ પ્લાઝા પર લોકલ વાહન ચાલકો ને કોઈ જાતની અગવડ નથી પડતી

સુ કહેછે ટોલ પ્લાઝા ના મેનેજમેન્ટ

ધારાસભ્ય માત્ર મીડિયા માં સસ્તી પ્રસિદ્ધિ મેળવવા ટોલનાકા નું ઈસ્યુ બનાવ્યું મેહુલ ચન્દ્રવાડીયા આ તકે ટોલનાકા મેનેજમેન્ટ વતી મેહુલભાઈ ચન્દ્રવાડીયા ખાસ ઉપસ્થિત રહેલ હતા અને મેહુલભાઈ ચન્દ્રવાડીયાએ જણાવેલ કે ઉપલેટા નજીક ડુમિયાંની ટોલ નાકે નીતિ નિયમો ને અનુસાર ચાર્જ વસુલ કરવામાં આવે છે પરંતુ હમેશા સસ્તી પ્રસિદ્ધિ મેળવવા માં માહિર એવા ધોરાજી ઉપલેટા ના ધારાસભ્ય લલિત વસોયા ટોલ પ્લાઝા મુદ્દે માત્ર સ્ટન્ટ ઉભા કરી અને લોકો ને અને સ્થાનિક વાહન ચાલકો ને ઉલ્ટા ચશ્માં પહેરાવી અને લોકો ને ગેર માર્ગે દોરવા નું પ્રયત્ન કરે છે અને ધારાસભ્ય એ ટોલ પ્લાઝા પર લગાવેલ આરોપ નું જવાબ આપવા હું લોકો સમક્ષ આવ્યો તો ધારા સ્ભ્ય શ્રી એ લોક પ્રશ્ન નિરાકરણ લાવવા ને બદલે કાર્યક્રમ માંથી ચાલતી પકડી હતી ધારાસભ્ય અગાવ પણ સસ્તી પ્રસિદ્ધિ મેળવવા માટે જળ સમાધિ ખેડૂતો ના પ્રશ્ને અર્ધ નગ્ન રેલી અને ડુંગરી ના ભાવ મુદ્દે આંદોલન કરી અને નોટંકી કરેલ છે ધારાસભ્ય તરીકે ચૂંટાયા પછી ધારાસભ્ય શ્રી એ ધોરાજી ઉપલેટા માં હજુ એક પણ વિકાસ ના કામો શરૂ કરાવેલ નથી અને માત્ર સસ્તી પ્રસિદ્ધિ મેળવવા નિત નવીન સ્ટન્ટ ઉભા કરી અને પ્રજા ને ગેર માર્ગે દોરવાનું પ્રયાસ કરે છે

ગુજરાત વિધાનસભા ખાતે નેશનલ ઇ-વિધાન એપ્લિકેશન અંતર્ગત બે-દિવસીય વર્કશોપનું આયોજન

ગુજરાત વિધાનસભાની તમામ કાર્યવાહી પેપરલેસ બનાવાશે

'ડિજિટલ ઇન્ડિયા' અંતર્ગત ગુજરાતમાં સરકારી કામકાજનું ડિજિટિલાઇઝેશન કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ગુજરાત વિધાનસભાની તમામ કાર્યવાહીને પેપરલેસ બનાવવાના હેતુથી વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને વિધાનસભા ખાતે 'નેશનલ ઇ-વિધાન એપ્લિકેશન (ટ્રીફછ) અંતર્ગત તા. ૨૬ નવેમ્બર-થી બે-દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષ દ્વારા ટ્રીફછ ગુજરાતની નેશનલ એવોર્ડ વિજેતા ટીમને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવશે.

વિધાનસભા ખાતે તા.૨૬ અને ૨૭ નવેમ્બર-૨૦૧૮ દરમિયાન સવારે ૧૧-૦૦ કલાકે બે દિવસીય વર્કશોપમાં ટ્રીફછની વિશેષતાઓ ટેકનિકલ પાસાઓ, ટ્રીફછની સંસદીય ટીમ દ્વારા માસ્ટર ડેટા એન્ટ્રીની પદ્ધતિની સમજ, ટ્રીફછનો લાઇવ ડેમો અને પ્રશ્નોતરી સહિતના વિવિધ સત્રો યોજાશે. જેમાં સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સચિવશ્રી, ટ્રીફછ ટીમ અને ફ્રેંઝ ના અધિકારીઓ, તજજ્ઞો ટ્રીફછના અમલીકરણ અંગે માર્ગદર્શન આપશે તેમ, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગરની અખબારી યાદીમાં જણાવાયું છે.

મહિલાએ પૂર્વ પતિને લાફો મારી કહ્યું જ્યાં જઈશ ત્યાં આવી તોડફોડ કરીશ

અમદાવાદ

સામાન્ય રીતે છૂટાછેડા લીધા બાદ પતિ તેની પૂર્વ પત્નીનો પીછો કરી તેને હેરાન પરેશાન કરતો હોવાના કિસ્સાઓ સામે આવતા હોય છે, પરંતુ અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં તેનાથી વિપરિત કિસ્સો બન્યો છે. પૂર્વ પત્નીએ પતિની જુના નોકરીના સ્થળે જઈ તોડફોડ કરી હતી. તેમજ કહ્યું હતું કે, જ્યાં જ્યાં રહીશ કે નોકરી કરીશ ત્યાં ત્યાં આવી હું તોડફોડ કરીશ, એવી ધમકી આપી પૂર્વ પતિને લાફો માર્યો હતો. જેને પગલે પૂર્વ પતિએ પૂર્વ પત્ની સામે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં મારામારી અને તોડફોડની ફરિયાદ નોંધાવી હતી.

મૂળ નડિયાદના ચકલાસીના રહેવાસી અને હાલમાં વસ્ત્રાપુરમાં રાધે પીજીમાં રહેતા અને નોકરી કરતા ધર્મેશભાઈ પારેખના લગ્ન ૨૦૦૧માં ઈસનપુરમાં રહેતી જ્યોતિ નામની યુવતી સાથે થયા હતા. જ્યોતિ ધર્મેશના કહ્યામાં ન હોવાથી તેઓએ ૨૦૧૭માં છૂટાછેડા લઈ લીધા હતા. ત્યાર બાદ ગઈકાલે પૂર્વ પત્ની જ્યોતિએ પૂર્વ પતિ ધર્મેશ પારેખ પહેલા જ્યાં નોકરી કરતા હતા એવા બોડકદેવમાં આવેલા બ્યુટીપાર્લરમાં જઈને તોડફોડ કરી હતી.

આ તોડફોડને પગલે બ્યુટી પાર્લરના સ્ટાફે ધર્મેશભાઈને ફોન કરી જણાવ્યું હતું કે,તમારી પત્ની અહીં આવી તોડફોડ કરે છે જલ્દી આવી જાવ. જેથી ધર્મેશભાઈ ત્યાં ગયા હતા. ધર્મેશભાઈએ પૂછતાં જ્યોતિએ જણાવ્યું હતું કે હું અહીં તોડફોડ કરવા આવી છું. હું અહીં નોકરી નથી કરતો બીજે કરું છું તેમ કહેતા જ જ્યોતિએ તેને લાફો મારી દીધો હતો.

આ દરમિયાન જ્યોતિએ બ્યુટીપાર્લરના સામાનની તોડફોડ કરી હતી અને કહ્યું હતું કે, તું જ્યાં જ્યાં રહીશ કે નોકરી કરીશ ત્યાં ત્યાં આવી તોડફોડ કરી હેરાન પરેશાન કરીશ તેમ કહી જતી રહી હતી. ધર્મેશભાઈએ આ અંગે જ્યોતિ (રહે, હાલ. ઈન્દ્રપ્રસ્થ ટાવર, વસ્ત્રાપુર) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

મોડી બપોરે ઝાંપાબજારથી બડેખાં ચકલા સુધી જુલૂસ નીકળશે

જુલૂસ રાજમાર્ગ પરથી પસાર થઈ ચોકબજાર પહોંચશે

સુરત

સુરત શહેર સિરતુન્ની કમિટિનાં આગેવાનો સર્વ સિરાજ સૈયદ શહાબુદ્દીન (પ્રમુખ), અફઝલ રંગુની (મહામંત્રી), ઉપપ્રમુખો અસલમ સાયકલવાલા (કોર્પોરેટર), લાલખાન પઠાણ (માજી કોર્પોરેટર), અસદ કલ્યાણી, અૈયુબ બોટાવાલા, નિશાર જમાદાર, ઝોન પ્રમુખો શેખ નિઝામોદ્દીન ઝેનુદ્દીન, આસીફ રંગુની, અૈયુબ શેખ, રોશન શેખ, સૈયદ જમાલુદ્દીન સહિત આગેવાનોએ સંયુક્ત એક અખબારી નિવેદનમાં જણાવ્યું હતું કે, ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર હજરત મોહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનાં જન્મ દિવસની ઉજવણીનાં ભાગરૂપે સમગ્ર ભારત દેશનાં વિવિધ શહેરોમાં નાના-મોટા જુલૂસો કાઢી જુલૂસો માધ્યમે પયગમ્બર સાહેબે સમગ્ર માનવજાતને આપેલો શાંતિ અને ભાઈચારાનો શુભ સંદેશો લોકો સુધી પહોંચાડાય છે. આ પરંપરાને વિવિધ શહેરો સાથે સુરત શહેરમાં પણ સુરત શહેર સિરતુન્નબી કમિટિએ જાળવી રાખી છે. કાલે તા.૨૧-૧૧-૨૦૧૮ને બુધવારના રોજ ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર હજરત મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.)નાં જન્મ દિવસની ઉજવણીનાં ભાગરૂપે બપોરે ૪.૦૦ કલાકે ઝાંપાબજાર મુકામેથી સુરત શહેર સિરતુન્નબી કમિટિએ પરંપરાગત રીતે એક વિશાળ જુલૂસ કાઢવાનું આયોજન કર્યું છે. જે મુજબ જુલૂસમાં શહેરનાં વિવિધ વિસ્તારો જેવા કે બડેખાં ચકલા, રાંદેર, માનદરવાજા, સલાબતપુરા, ચીમની ટેકરા, સૈયદપુરા, હોડી બંગલા, ગોપીપુરા, મોમનાવાડ, નાનપુરા, બેગમપુરા, શાહપોર, નવશહીદનો ટેકરો તેમજ ઉન, ભેસ્તાન સહિત મુસ્લિમ વિસ્તારોમાંથી નાના નાના જુલૂસો ડી.કે.એમ. હોસ્પિટલની ગલીથી મુલ્લાજી દેવડી થઈ ઝાંપાબજાર ખાતે ભેગા થશે અને ત્યાંથી મુખ્ય જુલૂસનું આકાર બનાવાશે ત્યારબાદ ત્યાંથી મુખ્ય જુલૂસ સુરત શહેર સિરતુન્નબી કમિટિનાં નેજા હેઠળ ટાવર થઈ ભાગળ રાજમાર્ગથી લીમડાચોક, લાલગેટ થઈ ભાગાતળાવ થઈ ચોકબજાર ચાર રસ્તાથી ગાંધી પ્રતિમાની સામેથી સાગર હોટલની ગલીથી બડેખાં ચકલાથી પસાર થઈ હઝરત ખ્વાજા દાના (રા.હ.) સાહેબની દરગાહ ખાતે પહોંચી પુરૂ થશે.

મ.પ્રદેશમાં વોટ માંગવા નીકળેલ ભાજપ ઉમેદવારને જૂતાનો હાર પહેરાવાયો

ભોપાલ

મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણી દરમિયાન નેતાઓનો પાર્ટીના કાર્યકર્તાઓ અને વોટરોની પાસે આવવા-જવાનો સિલસિલો ચાલી રહ્યો છે. વોટ માંગવા દરમિયાન નેતાઓને ક્યારેક લોકોના ગુસ્સાનો ભોગ પણ બનવું પડે છે અને ક્યારેક તેમને તેમની ટીકાનો પણ ભોગ બનવું પડે છે. મધ્યપ્રદેસના નાગદામાં ભાજપના ધારાસભ્ય અને ઉમેદવાર દિલીપ શેખાવતને આવા જ એક શખ્સના ગુસ્સાનો ભોગ બનવું પડયું છે.

ભાજપના ઉમેદવારો દિલીપ શેખાવત નાગદામાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા હતા. ત્યારે એક શખ્સે તેમને ગળામાં જોડાંનો હાર પહેરાવી દીધો હતો. સોમવારે બનેલી ઘટનાનો એક વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે દિલીપ શેખાવતનું અભિવાદન કરનારા શખ્સે તેમને જોડાનો હાર પહેરાવ્યો. ત્યારે શરૂઆતમાં તેઓ સમજી શક્યા નહીં અને બાદમાં તેમને આનો અહેસાસ થયો. ત્યારે તેઓ આવી હરકત કરનાર શખ્સ પર તૂટી પયા હતા. વીડિયોમાં જે શખ્સ શેખાવતને જોડાનો હાર પહેરાવતો દેખાઈ રહ્યો છે. તેણે માથા પર ભગવા રંગની ટોપી પહેરેલી છે. ટોપીનો રંગ જોતા આ વ્યક્તિ ભાજપનો જ કાર્યકર્તા હોવાનું લાગી રહ્યું છે. આ ઘટના સોમવારે સાંજની અને રાત્રિની છે. મહત્વપૂર્ણ છે કે મધ્યપ્રદેશમાં વિધાનસભાની ૨૩૦ બેઠકો છે. આમાની ૩૫ બેઠકો અનુસૂચિત જાતિ માટે અને ૪૭ બેઠકો અનુસૂચિત જનજાતિ માટે અનામત છે.

સુરતમાં જૈન સાધ્વીઓને સેલ્ફ ડિફેન્સ માટે તાલીમ આપવાનું શરૂ

ગોપીપુરા જૈન ઉપાશ્રયમાં સાધ્વીઓ લાઠીદાવ શીખી રહ્યા છે

સુરત, તા.૨૦

સાધ્વીઓની છેડતીના વધવા બનાવના કારણે જૈન સમાજ સાધ્વીઓને સેલ્ફ ડિફેન્સની ટ્રેનિંગ આપી રહ્યો છે. જેનો પ્રારંભ સુરતના ગોપીપુરા કૈલાશનગર જૈન ઉપાશ્રયમાં કરવામાં આવ્યો છે. જેમાં સાધ્વીઓ લાઠી દાવ સહિતના દાવ સાધ્વીઓ શીખી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પહેલા જ સુરતના નાનપુરા વિસ્તારના એક ઉપાશ્રયમાં રાત્રિના સમયે સાધ્વીની છેડતી કરી હોવાની ઘટના બની હતી

દેશભરમાં કોઈ જગ્યાએ જૈન સાધ્વીને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવતી હોય તેવું ધ્યાનમાં નથી. કદાચ આવો પ્રથમ કિસ્સો જ હશે. જેમાં સાધ્વીજી મહારાજને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવી રહી છે. લાઠી દાવ સહિતના અનેક દાવ સાધ્વીજી મહારાજને શિખવવામાં આવી રહ્યા છે.

જૈન સમુદાયોના પવિત્ર વ્યક્તિઓના સુરક્ષાઓના આયામોનો અભાવ અને અસામાજિક તત્વોને તાત્કાલિક જામીન મળી જતા હોવાથી સ્વરક્ષાના તાલીમ વર્ગની ગોપીપુરા કૈલાશનગર જૈન ઉપાશ્રય ખાતે શરૂઆત થઈ છે. જેમાં ૫૦થી વધુ જૈન સાધ્વીઓએ ભાગ લીધો હતો. સાધ્વી પોતાની સાથે વિહાર માં જે વસ્તુ સાથે રાખે છે તેના દ્વારા પોતાની રક્ષા કેમ કરવાની તેની પણ ખાસ ટ્રેનિંગ આપવામાં આવી હતી. પોતાની પાસે રહેલ લાકડી પણ ચલાવાની ટ્રેનિંગ આપવામાં આવી હતી. આગામી દિવસ માં અનેક સાધ્વી ને પણ આ પ્રમાણેની ટ્રેનિંગ આપવામાં આવશે.

કીમ ચાર રસ્તા પાસેથી છોકરાનું અપહરણ

સુરત

કોસંબા-કિમ ચાર રસ્તા પાસે આપેલી એક સોસાયટીમાં રહેતી એક સગીરાનું લગ્નની લાલચ આપી પટાવી-ફોસલાવી તેમજ અપકૃત્ય કરવાના ઈરાદે સાથે એક અજાણ્યા ઈસમે અપહરણ કરી ફરાર થઈ ગયો હોવાનો બનાવ કોસંબા પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ બિહાર રાજ્યના વતની અને હાલમાં કિમ ચાર રસ્તા પાલોદ ગામ ખાતે રહેતા અશોકકુમાર રામબ્રિજ પ્રસાદ ચાની લારી ચલાવે છે. તેમની ૧૬ વર્ષની સગીર પુત્રીને લગ્નની લાલચ આપી પટાવી-ફોસલાવીને અપહરણ કરી ફરાર થઇ ગયો હતો. પરિવારજનોએ આગળ-પાછળના વિસ્તારો તેમજ સગાભાઈ સંબંધીઓને ત્યાં તપાસ કરતા તે ન મળી આવતા માતા-પિતાએ અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

માણાવદરનાં પત્રકાર મયુર રાવલને મા અમૃત્તમ વાત્સલ્ય યોજના થકી જીવતદાન મળ્યુ

હદયની તકલીફમાં વિનામુલ્યે મળી સારવાર મુખ્યમત્રી અમૃતમ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના થકી અનેક ગરીબ પરીવારોનાં બુઝાતા દિપકમાં રોશની પ્રસરે છે-મયુરભાઇ રાવલ

જૂનાગઢ : માં અમૃત્તમ અને માં અમૃત્તમ વાત્સલ્ય યોજના હેઠળ લાભાર્થીઓ માટે રજીસ્ટ્રેશનથી લઈ ને લેબોરેટરી, ઓપ્રેસન, દવાઓ, દર્દીનો ખોરાક તેમજ અન્ય સેવાઓ ફ્રી મા આપવામાં આવે છે અને દર્દી નો મુસાફરી નો પણ ચાર્જ (રૂ.૩૦૦) હોસ્પિટલ દ્વારા ચૂકવાય છે, આ યોજના અતર્ગત લાભાર્થીઓને મળેલ નિયત ખર્ચ માન્ય હોસ્પિટલને સરકાર દ્વારા સીધો આપવામાં આવે છે. ''મા''અને ''મા વાત્સલ્ય '' કાર્ડ ધરાવતા લાભાર્થીઓ મળેલ નિયત સારવાર નો ખર્ચે માન્ય હોસ્પિટલ મા જઈ ને લાભ લઈ શકે છે. મુખ્યમંત્રી અમૃતમ ''માં''અને મા વાત્સલ્ય યોજના જે યોજના હેલ્થ ઈન્સ્યોરન્સ આધારિત છે જેમાં કોઈપણ અન્ય વીમા કંપનીનો સમાવેશ થતો નથી.ગંભીર બીમારીઓ માટે કુટુંબ દીઠ વાર્ષિક મહતમ રૂ.૩,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ લાખ) સુધીની વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે. રાજ્ય સરકારશ્રીએ ગરીબી રેખા હેઠળ જીવતા લોકો ઉપરાંત નીચલા મધ્યમ વર્ગીય પરિવારો, રાજ્ય સરકારના વર્ગ-ત્રણ અને



વર્ગ -ચારના ફિકસ પગારના કર્મચારીઓ, પત્રકારો અને તેમના પરિવારજનો, ગ્રામ્ય અને શહેરી વિસ્તારના તમામ આશાવર્કર બહેનો અને તેના પરિવારજનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.જે અંતર્ગત પત્રકારોને આરોગ્ય સેવામાં સાંકળી લેવાતા આ સેવાનાં લાભ થકી માણાવદરનાંએકજરસીયાતમંદ પત્રકારનીજીવનલીલાનેજીવતદાન મળ્યુ છે. મયુરભાઇ હોસ્પીટલે સારવાર દરમ્યાન એટલુ સમજ્યા કે પત્રકાર તરીકે મને જાણ નહોંતી પણ હવે ખબર પડી કે આ યોજના હેઠળ દાઝેલા, હદયરોગ, કિડનીના ગંભીર રોગ, મગજના રોગ, ગંભીર ઈજાઓ, અકસ્માત, નવજાત શિશુઓના ગંભીર રોગો, કેન્સર ઓપરેશન જેવી કુલ-૯૨૮ જેટલી બીમારીઓ માટે ઉતમ પ્રકાર ની સારવાર આપવામાં આવે છે ગરીબી રેખા હેઠળ જીવતા લોકોને બીમારીમાં સહાય મળી રહે તે માટે સરકાર દ્વારા માં અમૃત્તમ અને માં વાત્સલ્ય યોજના અમલમાં છે. સારવાર માટે મળતી રકમમાં પણ વધારો કરવામાં આવ્યો છે. જેમાં સહાયની રકમ બે લાખથી વધારીને ત્રણ લાખ કરવામાં આવી છે. ઉપરાંત ઘૂંટણ અને થાપાની સર્જરી માટે ૪૦૦૦૦ની સહાય મળવા પાત્ર છે. જયારે કિડની ટ્રાન્સપ્લાન્ટેશન તેમજ કિડની અને પેન્ક્રીયાઝ ટ્રાન્સપ્લાન્ટેશનની સારવાર પ્રોસીઝરનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સારવારનો લાભ ગરીબી રેખા હેઠળ જીવતા કુંટુંબના પરિવારના પાંચ સભ્યોને મળી શકશે.

સુરતમાં ઈદે મિલાદુન્નબીનું જુલુસ પોલીસનો વિશેષ બંદોબસ્ત

શાંતિપૂર્ણ માહોલમાં નીકળનારા જુલુસ સંદર્ભે પોલીસ તંત્ર દ્વારા અગમચેતીના પગલા

સુરત

ઈસ્લામ ધર્મના મહાન પયગંબર હજરત મોહંમદ મુસ્તુફા સાહેબના જન્મદિવસ નિમિત્તે આવતીકાલે શહેરના રાજમાર્ગ પરથી ભવ્ય જુલુસ નીકળવાનો છે તે માટે શહેર પોલીસ દ્વારા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

સુરત શહેર સિરતુન્નબી કમિટી પરંપરાગત રીતે દર વર્ષે મહંમદ પયગંબર સાહેબના જન્મ દિવસ નિમિત્તે ભવ્ય જુલુસ કાઢે છે. શહેરના વિવિધ વિસ્તારોમાંથી નાના-નાના જુલુસો ડીકેએમ હોસ્પિટલ ખાતે ભેગા થઈ ત્યાં મુલ્લાજી દેવળી થઈ રાજમાર્ગ પર ટાવર ખાતેથી પ્રવેશે છે. ચોકબજાર સાગર હોટલની બેડખા ચકલા થઈ ખ્વાજાદાના સાહેબનીદરગાહ સુધી જુલુસ પૂરં થાય છે. જુલુસના રૂટ ઉપર ઠેર-ઠેર પોલીસ દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવે છે. શહેર પોલીસ કમિશનર દ્વારા સલાબતપુરા, મહિધરપુરા, ચોકબજાર, લાલગેટ, અઠવા પોલીસ મથક વિસ્તારમાંથી પસાર થતા જુલુસ માટે વધારાનો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આવતીકાલે સાંજે ૪ વાગે જુલુસ રાજમાર્ગ પરથી પસાર થશે જે રાત્રે ૮ વાગે પૂર્ણ થશે તેવી ગણતરીસાથે પોલીસ બંદોબસ્ત ફાળવાયો છે.

સુરત ટેક્સટાઈલ માર્કેટના વેપારી દ્વારા રૂા. ૧૫.૧૯ લાખની ઠગાઈ

કારખાનેદાર અવધ ક્રિએશન સામે પોલીસ ફરિયાદ નોંધાવી

સુરત

સુરત ટેક્ષટાઈર્લ્સ માર્કેટમાં આવેલ અવધ ક્રિએશનવાળાએ જોબવર્ક કામ રનાર કારખાનેદાર રૂા. ૧૫.૧૯ લાખનો ચૂનો ચોપડ્યો હતો.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કતારગામ ઉદયનગરમાં રહેતા રમેશભાઈ મૂળજીભાઈ વાવાડીયાએ આરોપી અશોક પારસકમલ પુરોહિત જિતેન્દ્ર રાવત પુરોહિત છગન રાવત પુરોહિત (અવધ ક્રિએશન) વિરુદ્ધ ફરિયાદી પાસે કાપડ ઉપર જોબવર્ક કામ કરાવ્યું હતું. ૯૦ દિવસમાં પેમેન્ટ આપવાનો વિશ્વાસ આપ્યા બાદ રૂા. ૧૫,૧૯,૩૨૧ની મંજૂરી નહીં ચૂકવી વિશ્વાસઘાત - છેતરપિંડી કરી હતી. સલાબતપુરા પોલીસ પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. આમ સુરત ટેક્સટાઈલ માર્કેટના વેપારી દ્વારા રૂા. ૧૫.૧૯ લાખની ઠગાઈ કર્યાની ફરિયાદ સલાબતપુરા પોલીસ મથકે નોંધાવવા પામી છે.

લોકદૃષ્ટિ ચક્ષુબેંક દ્વારા અમરોલી જગત નગરમાં નિ:શુલ્ક હેલ્થ શિબિર યોજાયો

રાષ્ટ્રની સેવા કરવાનો સંદેશો પાઠવતા ડૉ. પ્રફુલ્લભાઈ શિરોયા

સુરત, તા.૨૦

સુરત તેમજ ભારતના અનેક શહેરોમાં ચક્ષુદાન-દેહદાન-અંગદાનની જાગૃતિ ફેલાવી આજ સુધી ૪૦,૦૦૦ થી લોકોને દૃષ્ટિવાન બનાવીને માનવ સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડનાર ડૉ. પ્રફુલ્લભાઈ શિરોયાને દ્વિતીય રાષ્ટ્રપતિ એવોર્ડના ચાર વર્ષ પૂર્ણ થવા બદલ તેમજ આજે રાની લક્ષ્મીબાઈની જન્મ જયંતી, વિશ્વ ટોઈલેટ દિવસ અને તુલસી વિવાહના પવિત્ર દિવસે લોકદૃષ્ટિ ચક્ષુબેંક, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સક્ષમ પશ્ચિમ ભારતના સંયુક્ત ઉપક્રમે જગત નગર વિસ્તારમાં વિનામૂલ્યે હેલ્થ ચેકઅપ કેમ્પ અને સફાઈ અભિયાનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આ દિવસને યાદ કરી લોકદૃષ્ટિ ચેરીટેબલ ટ્રસ્ટ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી તેમજ સક્ષમ પશ્ચિમ ભારતના કાર્યવાહક તેમજ હોમગાર્ડઝના વડા કમાન્ડન્ટ ડૉ. પ્રફુલ્લભાઈ શિરોયા દ્વારા જગત નગર અમરોલી વિસ્તાર ખાતે વિના મૂલ્યે હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૮૩ દર્દીઓની તપાસ કરી હતી અને જરૂરીયાતમંદ લોકોને ફ્રીમાં દવા આપવામાં આવી હતી અને ૪૭ લોકોને એચઆઈવી કીટ દ્વારા લોહીની તપાસ કરવામાં આવી હતી. આ વિસ્તારમાં સફાઈ અભિયાનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. પ્રફુલ્લભાઈ દ્વારા લોકોને જણાવ્યું હતું કે લોકોએ ખુલ્લામાં શૌચ ના કરી અને પોતાની આરોગ્યલક્ષી કાળજી રાખવી જોઈએ. તેમજ જણાવ્યું હતું કે રાની લક્ષ્મીબાઈએ પોતાનું જીવન રાષ્ટ્રમય, રાષ્ટ્રહિતમાં અને રાષ્ટ્રવાદ માટે ખપાવી દીધું હતું. તેમના જીવનમાંથી પ્રેરણા લઈ હિન્દુસ્તાનને સૌ લોકોએ સમજીને રાષ્ટ્રની સેવા કરવી જોઈએ. આ સંદેશો ડૉ. પ્રફુલ્લભાઈ શિરોયા દ્વારા ઉપસ્થિત ડૉ. પ્રફુલ્લભાઈ શિરોયા દ્વારા ઉપસ્થિત સૌને પાઠવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમ્યાન ડૉ. પ્રફુલ્લભાઈ શિરોયા, દિનેશભાઈ પટેલ, હિરેનભાઈ ગજેરા, ડૉ. ભાવિન શિરોયા, ડૉ. રાજકિશોર બહેરા, કિશોર પટેલ, રાજેશ મેર, હર્ષદભાઈ પ્રજાપતિ, અશોક બાડત્યા, ઈશ્વરભાઈ બેહેરા, જતીન્દ્રનાથ લેંકા ઉપસ્થિત રહ્યા હતા અને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સમગ્ર દેશમાં પરિભ્રમણ કરનાર સ્વસ્થ ભારત સાયકલ યાત્રાનું સુરત આગમન

સુરતમાં સાયકલ યાત્રીઓનું મેયર જગદીશભાઈ પટેલે સ્વાગત કર્યું

સુરત

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, નવી દિલ્હીના ઉપક્રમે સમગ્ર દેશમાં તા.૨જી ઓક્ટોબરથી ઈટ રાઈટ ઈન્ડિયા મુવમેન્ટ ના થીમ પર કુપોષણ, ખોરાકથી તથા બિમારીઓને નાથવા માટે સ્વસ્થ ખોરાક મળી રહે તેવા ઉદ્દેશથી 'સ્વસ્થ ભારત સાયકલ યાત્રા' નામથી સાયકલ યાત્રાનો પ્રારંભ થયો છે. જેમાં ૨૫ જેટલા સાયકલસવારો સાયકલ દ્વારા દેશભર સહિત ગુજરાતમાં પરિભ્રમણ કરી રહ્યા છે.

આ યાત્રાનું આજે તા.૨૦મીએ સુરતના કનકપુર(સચિન) ખાતે સવારે ૯.૦૦ વાગે સાયકલ યાત્રા પ્રવેશ કરીને બપોરે ૧૨.૦૦ વાગ્યે સિટીલાઈટના સાયન્સ સેન્ટર ખાતે આયોજિત સ્વાગત સમારોહમાં જિલ્લા કલેકટરશ્રી ડો.ધવલ પટેલના હસ્તે સાયકલીસ્ટોને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. સાઈકલ યાત્રીઓનું મેયર જગદીશભાઈ પટેલે ગુલાબનું ફૂલ આપી સ્વાગત કર્યું હતું. આવતીકાલે તા.૨૧મીએ સવારે ૭.૦૦ વાગ્યે મેરેથોન દોડ, પ્રભાતફેરી યોજાશે. ત્યારબાદ ૯.૦૦ વાગ્યે યોગ અને કસરત નિદર્શન કર્યા બાદ ઈટ રાઈટ ઈન્ડિયા મુવમેન્ટ વિષય પર સેમીનાર યોજાશે. તા.૨૨મીએ સવારે ૮.૦૦ વાગ્યે સિટીલાઈટના સાયન્સ સેન્ટર ખાતે સાયકલ યાત્રાને ફલેગ ઓફ આપી પ્રયાણ કરવામાં આવશે. આ યાત્રામાં સુરતથી સ્થાનિક ૫૦ જેટલા સાયકલવીરો જોડાશે. સોલ્ટ સત્યાગ્રહ લોહ સાયકલયાત્રા રાજયના ૧૪ જિલ્લાઓમાં કુલ ૨૭ સ્થળોએ રાત્રિરોકાણ કરીને તા.૨૭ નવેમ્બરના રોજ અંબાજી થઈ રાજસ્થાન જશે. સાયકલ રેલી જે જિલ્લામાંથી પસાર થશે ત્યાં સ્થાનિક સાયકલવીરો પણ જોડાશે. આ સાયકલ યાત્રાનો ઉદ્દેશ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના દેશ પ્રત્યેના સમર્પણ અને ત્યાગને ભાવાંજલિ આપવાનો તેમજ દેશની જનતાને ફોર્ટીફાઈડ ફૂડ મળી રહે તે માટે જનજાગૃત્તિ લાવવાનો છે. આ યાત્રામાં રાત્રિ રોકાણના દરેક સ્થળોએ પ્રભાત ફેરી, વિડીઓ ફિલ્મ નિદર્શન, વોલ પેઈન્ટીંગ જેવા જનજાગૃત્તિના કાર્યક્રમો યોજી પૂજય ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે.

ભુજના નાડાપા ગામના તળાવમાં બાવડની ઝાડીમાં હાર જીતનો જુગાર રમતા ૫ જુગારીઓ પકડાયા

ભુજ કચ્છ: પોલીસ અધિક્ષકશ્રી એમ.એસ.ભરાડા સાહેબ, પશ્ચિમ કચ્છ ભુજની સુચના અને માર્ગદર્શન મુજબ આજરોજ એલ.સી.બી., પશ્ચિમ કચ્છ-ભુજ ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર શ્રી એમ.બી.ઔસુરાની સુચના અને માર્ગદર્શન તળે પોલીસ સબ ઈન્સપેકટર એચ.એસ.તીવારીની આગેવાની હેઠળ એલ.સી.બી.સ્ટાફના માણસો ભુજ તાલુકા વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા.

પેટ્રોલીગ દરમ્યાન ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે, ભુજ તાલુકાના નાડાપ ગામની આથમણી બાજુએ તળાવની પાસે આવેલ બાવડની ઝાડીમાં અમુક ઇસમો ગંજીપાના વડે રૂપીયાની હાર જીતનો જુગાર રમી રહયા છે. જે બાતમી અન્વયે તુરંતજ વર્ક આઉટ કરી બાતમી વાળી જગ્યાએ રેડ કરતા (૧)વાલા સવા ડાંગર, ઉ.વ.૨૫, રહે.નાડાપા, તા.ભુજ (૨)હુશેન ઈસ્માઈલ મણકા, ઉ.વ.૪૬, રહે. હબાય, તા.ભુજ, (૩)રણછોડ ભચા માતા, ઉ.વ.૪૨, રહે.નાડાપ, તા.ભુજ (૪)ભીમા કરશન ચાડ, ઉ.વ.૪૦, રહે.નાડાપા, તા.ભુજ (૫)કમા વેલા ચાડ, ઉ.વ.૫૨, રહે.નાડાપા, તા.ભુજ વાળાઓને રોકડા રૂા.૧૭,૨૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૪, કિં.રૂા.૨,૦૦૦/- તથા ગંજીપાના નંગ-૫૨, કિં.રૂા. ૦૦/- એમ કુલ્લે રૂપિયા ૧૯,૨૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી તમામ આરોપીઓ વિરૂધ્ધ પધ્ધર પો.સ્ટે. ખાતે જુગાર ધારા હેઠળ ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

કેનાલમાં પાણી છોડવા મુદ્દે ખેડૂતનો આપઘાતનો પ્રયાસ, કચેરીમાં છાટ્યું કેરોસીન

સુરેન્દ્રનગર

રાજ્યમાં આ વર્ષે થયેલા ઓછા વરસાદને કારણે ધરતીપુત્રોની દશા બગાડી છે, એક તરફ દુષ્કાળ અને બીજી બાજુ સરકારની ઢીલી નીતિને કારણે ખેડૂતો આપઘાતનો રસ્તો અપનાવી રહ્યાં છે, ફરી એકવાર આવી જ ઘટના સુરેન્દ્રનગરમાં સામે આવી છે, અહીં એક ખેડૂતે કેનાલમાં પાણી છોડવા માટે બહેરી સરકારના કાને અવાજ પહોંચાડવા માટે આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જો કે અન્ય ખેડૂતોએ તેને રોક્યો હતો અને હૈયા ધારણા આપી હતી.

પ્રાપ્ત વિગત પ્રમાણે લખતર મામલતદાર કચેરીમાં એક ખેડૂતે આપઘાતનો પ્રયાસ કરતાં ચકચાર મચી હતી. ખેડૂત પોતાની સાથે કેરોસીન લઈને આવ્યો હતો, જે તેણે કચેરીમાં છાટ્યું હતું. ખેડૂતની માગ હતી કે કેનાલમાં વહેલી તકે પાણી છોડવામાં આવે, જો કે કોઈ અણબનાવ બને તે પહેલા જ સાથી ખેડૂતોએ આપઘાત કરનાર ખેડૂતને પકડી લીધો હતો. બનાવને પગલે અધિકારીઓ પણ ગુમસૂમ થઈ ગયા હતા, જો કે બહેરી સરકાર સુધી અવાજ પહોંચાવા માટે આપઘાતનો પ્રયાસ કરવો પડે તે કેટલા અંશે યોગ્ય છે, થોડા સમય પહેલા જ મુખ્યમંત્રીની સભામાં એક ખેડૂતે આપઘાતનો પ્રયાસ કર્યો હતો, બાદમાં તેના પ્રશ્નનું નિરાકરણ તાત્કાલિક આવી ગયું હતું.

નકલી પીએસઆઈ અને કોન્સ્ટેબલ ઝડપાયા, ખાખી વરદી અને આઈકાર્ડ મળ્યા

રાજકોટ

રાજકોટમાંથી નકલી પોલીસ બની લોકોને ખંખેરતા બે શખ્સોને યુનિવર્સિટી પોલીસે ઝડપી પાડ્યા છે. ફોજદાર અને કોન્સ્ટેબલ બની લોકો સાથે છેતપિંડી કરતા હોવાનું જાણવા મળી રહ્યું છે. શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતા જયેશ શ્રીવાસ્તવ પીએસઆઈ કમિશનર ઓફ કચ્છ અને સુનિલ સાવસેટા નામનો શખ્સ કોન્સ્ટેબલ હોવાનો રોફ જમાવતા હતા. બન્ને પાસેથી ડુપ્લીકેટ આઈકાર્ડ મળી આવ્યા હતા અને બન્ને પાસેથી ખાખી વરદી પણ મળી આવી હતી.

નકલી પોલીસ બની લોકો સામે રોફ જમાવતા બે શખ્સોની પૂછપરછ પોલીસે શરૂ કરી છે. પ્રાથમિક માહિતી મુજબ સુનિલ અગાવ ગ્રામરક્ષક દળનો જવાન હોવાનું સામે આવ્યું છે. એ સિવાય અગાઉ ટ્રાફિક વોર્ડનની નોકરી કરી ચૂક્યો હતો. અગાઉ આરોપી વાહન ચોરીના ગુનામાં પકડાઈ ચૂક્યા છે. આ શખ્સોએ ક્યારથી નકલી પોલીસ બની ફરી રહ્યાં છે અને કેટલા લોકોને ક્યાં શહેરમાં કોને કોને ખંખેર્યા છે તેની વિગતો પોલીસ મેળવી રહી છે. હાલ તો નકલી પોલીસ ડ્રેસ અને આઈકાર્ડ કબ્જે કરી છેતરપિંડીનો ગુનો દાખલ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસે બંને પાસેથી આરપીએફ, કચ્છ પીએસઆઈ અને ગ્રામરક્ષક દળના નકલી કાર્ડ કબ્જે કરી તેઓના ઘરની પણ તલાશી લીધી હતી. જેમાં જયેશના ઘરમાંથી વધુ એક પોલીસ ડ્રેસ પણ મળી આવ્યો હતો. પોલીસ તપાસમાં જાણવા મળ્યા મુજબ જયેશ શ્રીવાસ્તવ પ્રાઈવેટ નોકરી કરે છે. જ્યારે સુનિલ અગાઉ ટ્રાફિક વોર્ડન હતો. અને વાહનચોરી કરતાં ડિસમીસ કરવામાં આવ્યો હતો. હાલ બંનેની વિશેષ પુછતાછ કરવા રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

માર્ચ ૨૦૧૯ પહેલાં સુરત એરપોર્ટ ઉપર કાર્ગો ટર્મિનલ કાર્યરત થશે

સુરત

સુરત એરપોર્ટ ઉપર ફૂડ-એગ્રો તથા મરીન ઈન્ડસ્ટ્રીને કેન્દ્રમાં રાખીને કોલ્ડ સ્ટોરેજ અને એસી પ્લાન્ટની પણ સુવિધા ઊભી કરવામાં આવનારી છે. સુરત એરપોર્ટ ઉપર સતત વધી રહેલા એરટ્રાફિક સાથે ટ્રેડ અને ઈન્ડસ્ટ્રીના પાર્સલ-ગુડ્ઝ કાર્ગો માટેની સુવિધા શરૂ કરવાનું આયોજન થઈ રહ્યું છે. હાથ ધરાયેલા કાર્ગો પ્રોજેક્ટ પૂર્ણતાને આરે છે. માર્ચ ૨૦૧૯ સુધીમાં કાર્ગો ટર્મિનલ કાર્યરત થવાનો અંદાજ છે. ત્યારે કાર્ગોની સાથે સાથે કોલ્ડ સ્ટોરેજ હાથ ધરાયો છે. જે માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. .

સુરત એરપોર્ટ સાથે સંકળાયેલા જાણકારો મુજબ ઔદ્યોગિક સિટી સુરતના વેપાર-ઉદ્યોગને સપોર્ટ મળી શકે તે માટે સુરત એરપોર્ટ ઉપર કાર્ગો સુવિધા શરૂ કરવા નિર્ણયકરવામાં આવ્યો હતો. ઓક્ટોબર ૨૦૧૬માં સુરત એરપોર્ટ ઉપર કાર્ગો ટર્મિનલ બનાવવાનો વહિવટી નિર્ણય કરાયો હતો. જે અંગે રૂપિયા ૮ કરોડનો પ્રોજેક્ટ મંજૂર થયા બાદ તેના નિર્માણની કામગીરી ચાલી રહી છે. એટીસી ટાવર તથા ટર્મિનલ બિલ્ડિંગ વચ્ચેના વિસ્તારમાં તૈયાર થઈ રહેલા આ ટર્મિનલમાં ગ્રાઉન્ડ ફ્લોર તથા ફર્સ્ટ ફ્લોની બાંધકામ થઈ રહ્યું છે. કુલ ૨૦૦૦ ચો.મીટરનું બાંધકામ થઈ રહ્યું છે. જે અંતિમ તબક્કામાં છે.

પ્રાદેશિક માહિતી કચેરી, સુરતના ઉપક્રમે

ડીજીટલ યુગમાં પત્રકારત્વના સિદ્ધાંતો અને પડકારો વિષય પર સેમિનાર યોજાયો

ડીજીટલ મીડિયાના યુગમાં આજે પણ અખબારોની વિશ્વસનીયતા ટકી રહી છે : નિવૃત્ત સંયુક્ત માહિતી નિયામક

સુરત

ગુજરાત પ્રેસ અકાદમી, ગાંધીનગર અને પ્રાદેશિક માહિતી કચેરી, સુરતના સંયુક્ત ઉપક્રમે પ્રેસ-ડેની ઉજવણીના ભાગરૂપે ''ડીજીટલ યુગમાં પત્રકારત્વના સિધ્ધાંતો અને પડકારો'' વિષય પર પ્રિન્ટ/ઈલેકટ્રોનિકસ અને ડીજીટલ મીડિયાના તંત્રીશ્રી/પ્રતિનિધિશ્રીઓની ઉપસ્થિતિમાં ચેમ્બર કોમર્સના સમૃધ્ધિ હોલ ખાતે સેમિનાર યોજાયો હતો.

આ પ્રસંગે સામાજિક અગ્રણી અને વરાછા બેન્કના ચેરમેનશ્રી કાનજીભાઈ ભાલાળાએ મીડિયા સામેના પડકારો વિષે વિસ્તૃત અને રસપ્રદ જાણકારી આપતાં જણાવ્યું હતું કે, માનવ જીવન પડકારો અને સંઘર્ષોનો સરવાળો છે. લોકશાહીનો ચોથો સ્થંભ ગણાતા મીડિયા જગતમાં પડકારોની ભરમાર છે. સમયની સાથે લોકમાનસ, લોકાભિગમ અને મીડિયાની કાર્યશૈલીમાં નિરંતર પરિવર્તન આવતું રહ્યું છે. ૧૫મી ઓગસ્ટ આઝાદી અને ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિન તરીકે રાષ્ટ્રીય ચેતનાનું પર્વ છે, એ જ રીતે નેશનલ પ્રેસ ડે મીડિયા ક્ષેત્રનું ઉત્તરદાયિત્વ નિભાવવાનું અને આવનારા પડકારો સામે સુસજજ બનવાની પ્રેરણા આપતું પર્વ હોવાનું શ્રી ભાલાળાએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે,

સમાજજીવનને ધબકતું રાખવા, લોકસમસ્યાઓનો પડઘો પાડવા મીડિયાના પ્રહરીઓ પારિવારિક અને સામાજિક જીવનની કુરબાની આપે છે. ડીજીટલ વેબ અને સોશ્યલ મીડિયાના જમાનામાં આજે પણ એક વર્ગ એવો છે જેમની સવાર અખબાર વાંચ્યા પછી જ પડતી હોય છે. જ્યાં સુધી માનવીનું અસ્તિત્વ છે, ત્યાં સુધી અખબારોને કોઈ ઊની આંચ નહિ આવે એમ તેમણે દ્રઢતાથી જણાવ્યું હતું. સમાજના અભિન્ન અંગ એવા અખબારોનો વિકલ્પ મળવો મુશ્કેલ છે એમ જણાવી તેમણે પત્રકાર એ સમાજનો સંદેશવાહક, ચોકીદાર હોવા સાથે જ એક શિક્ષકની ભૂમિકા પણ ભજવી રહ્યો છે, ત્યારે પત્રકારે લોકમાનસનું ઘડતર કરવાની જવાબદારી નિભાવવી પડશે. પોતાની શ્રેષ્ઠ શક્તિઓના ઉપયોગ વડે હાથ પર લીધેલા કાર્યને દીપાવવું જોઈએ. કર્તવ્યનું પાલન કરવું એ જ સાચો ધર્મ છે એ સૂત્રને આત્મસાત કરી પત્રકારે જનહિતને સર્વોપરી ગણી અખબારી ધર્મ નિભાવવો જોઈએ એમ ઉમેર્યું હતું.

શ્રી ભાલાળાએ વાંચન ખુબ જરૂરી હોવાનું જણાવી કહ્યું કે, પત્રકાર એક ઉત્તમ વાંચક હોવો જોઈએ, અને બહોળું વાંચન જ તેના લખાણમાં ઊંડાણ જન્માવે છે. સમાજના વિવિધ વર્ગોના વિચારો, અભિપ્રાયોને, વર્તમાન સામાજિક-રાજનૈતિક પ્રણાલીને નિષ્પક્ષતાથી રજૂ કરતા મીડિયા માટે ધાર્મિક સંસ્થાઓ અથવા રાજકીય શક્તિઓ તરફથી ભય ઊભો થઈ રહ્યો છે, જે ચિંતાનો વિષય છે. માહિતી વિસ્ફોટના આ યુગમાં સાચા અને અર્થપૂર્ણ સમાચારોથી લોકોને વાકેફ કરી લોકમાનસનું ઘડતર કરવાની દિશામાં પત્રકારોએ આગળ પડતી ભૂમિકા ભજવવી પડશે. મીડિયા પાસે અભિવ્યક્તિની તાકાત છે, પરંતુ દરેક અધિકાર અને પાવર સાથે વિશેષ જવાબદારીઓ પણ જોડાયેલી હોય છે. અભિવ્યક્તિની સ્વતંત્રતા હોવી જરૂરી છે, તે સાથે સ્વતંત્રાતાનો મર્યાદાપૂર્વકનો ઉપયોગ પણ જરૂરી છે એમ તેમણે જણાવી ઉપસ્થિત સૌ મીડિયાકર્મીઓને પ્રેસ દિનની શુભકામનાઓ પાઠવી હતી. નિવૃત સંયુકત માહિતી નિયામકશ્રી સેસિલ ક્રિસ્ટીએ જણાવ્યું હતું કે, ડીજીટલ યુગમાં પ્રિન્ટ અને ઈલેકટ્રોનિકસ મીડિયા સામે અનેક પડકારો રહેલા છે. ડીજીટલ મીડિયામાં સમાચારની સત્યતાનો અભાવ વર્તાય છે તેની સામે અખબાર વાંચવાથી જ સમાચારની વિશ્વનિયતતા નક્કી થાય છે. આમ અખબારોએ પોતાની વિશ્વસનીયતા ટકાવી રાખવી પડશે. ડીજીટલ યુગમાં પોલિટીકલ પાર્ટીઓ રોજે રોજ એક બીજાની તરફેણ-વિરૂધ્ધમાં સમાચારોનું પ્રસારણ કરતા હોય છે. લોકોને સનસનાટી ભર્યા સમાચારો ગમે છે જેને સોશ્યલ અને ડીજીટલ મીડિયા પોષે છે પરંતુ કોઈપણ ન્યુઝની સત્યતાની ચકાસણી કરીને ત્યાર બાદ જ રજુ કરવામાં આવે તે જરૂરી છે.

આ વેળાએ પ્રશ્નોત્તરી કરતા શ્રી કાનજીભાઈ ભાલાળા અને શ્રી સેસિલ ક્રિસ્ટીએ ઉપસ્થિત તંત્રીશ્રી- પત્રકારોએ ફેક ન્યુઝ, અખબારી મૂલ્યો, પત્રકારની સજજતા, સોશ્યલ મીડિયાના પ્રભાવ પર પૂછેલા પ્રશ્નોના માહિતીપ્રદ ઉત્તરો આપ્યા હતા.

આ પ્રસંગે સંયુક્ત માહિતી નિયામકશ્રી ભાવસિંહ રાઠવાએ પ્રેસ કાઉન્સિલની ભૂમિકા આપી હતી. શ્રી રાઠવાએ ઉપસ્થિત તંત્રી/પ્રતિનિધિશ્રીઓ ને આવકારતાં કહ્યું કે, પ્રેસ કાઉન્સિલ સમાજને ઉપયોગી અને સાચી હકીકત ઉજાગર કરતા પત્રકારોને પ્રેરણા આપવાનું કાર્ય સુપેરે નિભાવી સમાજના જાગૃત પ્રહરી, નીડર મીડિયાના હિતોનું રક્ષણ કરવાની ભૂમિકા અદા કરે છે. અનેક પડકારો વચ્ચે સમાજના વૈચારિક વિકાસ માટે ઝઝૂમતાં પત્રકારો પોતાની ફરજ અહર્નિશ બજાવી સમાજનું દિશાદર્શન કરવાની સરાહનીય ફરજ બજાવી રહ્યા હોવાનું શ્રી રાઠવાએ જણાવ્યું હતું.

સ્વાગત પ્રવચન નાયબ માહિતી નિયામકશ્રી એમ.એસ.વળવી તથા આભારવિધિ સહાયક માહિતી નિયામકશ્રી આર.આર. તડવીએ આટોપી હતી.

સેમિનારનું રસાળ શૈલીમાં સંચાલન કરતા ચિત્રલેખાના યુવા પત્રકારશ્રી ફૈસલ બકીલીએ જણાવ્યું કે, ડીજીટલ યુગના પ્લેટફોર્મના ઉપયોગ સાથે મીડીયા જગતમાં હરીફાઈ વધવાની સાથે તેની સામે પડકાર પર એટલા જ ઊભા થયા છે, જેથી સમાચારની સત્યતા જાળવવી એટલી જ કપરી બની રહી છે. જેથી ડીજીટલ યુગમાં કોઈ પણ અખબાર કે ન્યુઝ ચેનલ માટે વિશ્વનીયતા સૌથી અગત્યની છે. અને વિવેકભાન સાથે સમાજને આયનો બતાવવાનું કાર્ય થાય તે જરૂરી છે હોવાનું જણાવ્યું હતું. સમગ્ર સેમિનારનું સફળ આયોજન માટે સહાયક માહિતી નિયામકશ્રી સહાયક માહિતી નિયામકશ્રી ઉમેશ બાવીશા, માહિતી મદદનીશશ્રી મહેન્દ્ર વેકરીયા, સહાયક અધિક્ષકશ્રી અક્ષય દેસાઈ, શ્રી પરેશ ટાપણીયાએ જહેમત ઉઠાવી હતી. ઉલ્લેખનીય છે કે, અખબારી જગત સાથે સંકળાયેલી સંસ્થા ''પ્રેસ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા'' ની ૧૬મી નવેમ્બર,૧૯૫૬ ના દિવસે સ્થાપના થઈ હતી. પ્રેસ કાઉન્સીલના જન્મ દિવસને પ્રત્યેક વર્ષ સંભારણારૂપે ઉજવવા અને મીડિયાની સમાજમાં સંનિષ્ઠ લોકપ્રહરીની ભૂમિકાથી સમાજને અવગત કરાવવા માટે વર્ષ ૧૯૯૭માં ૧૬મી નવેમ્બરને નેશનલ પ્રેસ ડે રૂપે ઉજવવાનો નિર્ણય લેવાયો અને ત્યારથી સમગ્ર ભારતમાં આ દિવસની પ્રેસ ડે તરીકે ઉજવણી કરવામાં આવે છે.

તાપી જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં સરકારી બાકી લેણા સહિતના પ્રશ્નો ચર્ચાયા

કલેકટરે સર્વેને નવા વર્ષની શુભેચ્છા પાઠવી

વ્યારા

તાપી જિલ્લાના વડામથક વ્યારા ખાતે આવેલા જિલ્લા સેવાસદનના કોન્ફરન્સ હોલમાં જિલ્લા કલેકટર એન.કે.ડામોરની અધ્યક્ષતામાં અને બારડોલીના સાંસદ પ્રભુભાઈ વસાવાની ઉપસ્થિતિમાં તાપી જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી.

બેઠકના પ્રારંભે જિલ્લા કલેકટર એન.કે.ડામોરે ઉપસ્થિત સહુ અધિકારીઓને નવા વર્ષની શુભકામના પાઠવી હતી. સાંસદ પ્રભુભાઈ વસાવાએ નવા વર્ષની શુભકામના પાઠતા જણાવ્યું હતું કે, જિલ્લાનો વિકાસ અધિકારીઓ અને પદાધિકારીઓની સહિયારી જવાબદારી છે. સહુએ સાથે મળી આદિવાસી બહુલ તાપી જિલ્લાને વિકાસની નવી ઉંચાઈએ લઈ જવા માટે તેમણે આહ્વાન કર્યું હતું.

બેઠક દરમિયાન જિલ્લા વિકાસ અધિકારી જે.બી પટેલ, જિલ્લા પોલીસ અધિક્ષક એન.એન.ચૌધરી, નાયબ વન સંરક્ષક આનંદકુમાર તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓએ પણ સહુને નવા વર્ષની શુભકામના પાઠવી હતી. બેઠક દરમિયાન નિવૃત થયેલા કર્મચારીઓના પેન્શન કેસો, આગામી બે વર્ષમાં નિવૃત થનાર કર્મચારીઓના પેન્શન કેસો, સરકારી બાકી લેણાની વસુલાત, નિકાલ માટેના બાકી કાગળો, માહિતી અધિકાર અન્વયે મળેલ અરજીઓ, નાગરિક અધિકારપત્ર અન્વયે મળેલ અરજીઓના નિકાલ, એ.જી.ઓડિટના બાકી પેરાઓ અંગે વિગતે સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત જિલ્લા કલેકટર એન.કે.ડામોરે સી.એમ ડેશ બોર્ડની કામગીરી અન્વયે પણ સંબંધિત વિભાગોને વિગતે માર્ગદર્શન આપી દરેક વિભાગને ફાળવવામાં આવેલા લક્ષ્યાંકો ઝડપથી પૂર્ણ કરી ડેટા એન્ટ્રી કરવા જણાવ્યું હતું. બેઠકનું સંચાલન અધિક નિવાસી કલેકટર બી.બી.વહોનિયાએ કર્યું હતું. બેઠકમાં અધિક નિવાસી કલેકટર બી.બી.વહોનિયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જે.જે.નિનામા, પ્રાયોજના વહીવટદાર વિજયભાઈ પટેલ, કાર્યપાલક ઈજનેરો, વ્યારા પ્રાંત તુષારભાઈ જાની, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી આશાબેન વસાવા, અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને સંબંધકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

સાંસદ સી.આર. પાટીલની ભલામણથી

છોટુભાઈ પાટીલની ઝેડઆરયુસીસી સભ્ય તરીકે ફરીથી નિમણૂક

છોટુભાઈ પાટીલ છેલ્લા ૨૦ વર્ષથી રેલવેના પ્રશ્નો અંગે રજૂઆત કરે છે

સુરત

સુરત શહેર ભાજપ ઉપપ્રમુખ અને પૂર્વ કોર્પોરેટર અને સ્થાયી સમિતિના સભ્ય રહી ચુકેલા છોટુભાઈ પાટીલની સાંસદ શ્રી.સી.આર.પાટીલની ભલામણથી વધુ એક વખત ઝેડઆરયુસીસી મેમ્બર તરીકે નિમણૂક થઈ છે.

છેલ્લા ૨૦ વર્ષથી છોટુભાઈ પાટીલ દ્વારા સુરત સહિત દક્ષિણ ગુજરાતના રેલ્વે મુસાફરોને પડતી સમસ્યાના ઉકેલ માટે સતત રેલ્વે વિભાગમાં રજૂઆતો કરવામાં આવી રહી છે. ૧૯૯૮માં પહેલીવાર તેમની ડિવિઝનલ રેલ્વે યુઝર્સ કન્સલટેટિવ કમિટી, (ડિઆરયુસીસી)માં નિમણુંક કરવામાં આવી હતી. ત્યાર બાદ ૨૦૦૯ થી ૨૦૧૭ સુધી છોટુભાઈ ડીઆરયુસીસીના સભ્ય રહી ચુક્યાં છે. ૨૦૧૫માં ઝેડઆરયુસીસી માટે ડિઆરયુસીસીના સભ્યોમાં યોજાયેલી ચુંટણીમાં જીતી મેળવી છોટુભાઈ પાટીલ પ્રથમ વખત ઝેડઆરયુસીસીના સભ્ય બન્યા હતાં. આ વખતે સાંસદ શ્રી.સી.આર.પાટીલની ભલામણથી આગામી ૨ વર્ષ માટે તેમની પસંદગી કરવામાં આવી છે.

સુરત સહિત ઉધના રેલ્વે સ્ટેશન જ નહીં પરંતુ દક્ષિણ ગુજરાતના વેસ્ટન રેલ્વેના તમામ રેલ્વે સ્ટેશનો પર મુસાફરોને પડતી અગવડોના નિકાલ માટે છોટુભાઈ પાટીલનો ફાળો મહત્વનો રહ્યો છે. ઉધના રેલ્વે સ્ટેશન પર રીઝર્વેશન સેન્ટર, પાટા ક્રોસ કરવા અને ઉધના યાર્ડ તરફ જવા માટેના નવા બ્રિજની કામગીરી તેમજ વર્ષો જૂની પ્લેટફોર્મ નંબર ૪ અને પની માંગણીને મંજૂર કરાવવામાં તેમનો ફાળો રહ્યો છે.

પ્રવાસીઓની સુરક્ષા માટે ઉધના રેલ્વે સ્ટેશન પર જીઆરપીએફ અને આરપીએફની ચોકીને હવે પ્લેટફોર્મ નંબર ૧ પર લાવવામાં આવી છે. આ ઉપરાંત સુરતને ઉત્તર ભારત સાથે જોડતી ટ્રેનોની સમસ્યાના ઉકેલ માટે પણ છોટુભાઈ પાટીલની ભૂમિકા મહત્વપૂર્ણ રહી હતી.

સાંસદ શ્રી.સી.આર.પાટીલ સહિત શહેરના અગ્રણીઓએ છોટુભાઈને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી છે.

ભરૂચ જિલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ

રાજેન્દ્રસિંહ રાણા પ્રદેશ કોંગ્રેસમાં મહામંત્રી તરીકે પસંદગી પામ્યા

ભરૂચ કોંગ્રેસમાં છવાયેલી આનંદની લાગણી

ભરૂચ

ભરૂચ જિલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રાજેન્દ્રસિંહ રાણાની ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિમાં મહામંત્રી તરીકે નિમણૂંક થતા કોંગી વર્તુળમાં આનંદની લાગણી ફેલાઈ જવા પામી છે.

રાજેન્દ્રસિંહ રાણાએ એનએસયુઆઈથી લઈ યુથ કોંગ્રેસના સાત વર્ષ સુધી સફળ કામગીરી કરી છે અને તયારબાદ ભરૂચ જિલ્લા કોંગ્રેસ સંગઠનમાં બુથ લેવલથી લઈને અનેક મહત્ત્વની જવાબદારી અદા કરી છે. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ બન્યા બાદ તેમના નેતૃત્વમાં અને તેમની સૂઝબૂઝ તથા આવડતનાં લીધે જિલ્લા પંચાયત તેમજ જંબુસર અને આમોદ તાલુકા પંચાયતમાં કોંગ્રેસ સત્તા પ્રાપ્ત કરી હતી. સંગઠનના મજબૂત એવા રાજેન્દ્રસિંહ રાણાની હવે પ્રદેશ મહામંત્રી તરીકે નિમણૂંક થતા તેઓની ભૂમિકા અત્યંત મહત્ત્વની બની રહેશે. જિલ્લા કોંગી અગ્રણીઓએ રાજેન્દ્રસિંહ રાણાને સંગઠનમાં પોતાની કામગીરીથી રાષ્ટ્રીય નેતા અહેમદ પટેલનું પણ ધ્યાન ખેંચનાર રાજેન્દ્રસિંહ રાણા યુથ કોંગ્રેસના પ્રમુખ હતા. ત્યારે તેમણે જિલ્લાના યુથ કોંગ્રેસને જે મજબૂતી બખ્શી હતી એ આજની ઘડીએ પણ એવી જ છે અને રાજ્યકક્ષાએ પણ ભરૂચ જિલ્લા યુથ કોંગ્રેસનું સ્થાન અગ્રીમ હરોળમાં છે.

રાજેન્દ્રસિંહ રાણાને પ્રદેશ મહામંત્રી બનાવવાની સાથે સાથે જ ભરૂચ જિલ્લા પંચાયતના પૂર્વ સભ્ય યુનુસ પટેલની પણ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ તરીકે વરણી થઈ છે. ભરૂચ જિલ્લા કોંગ્રેસના બેય મજબૂત પદાધિકારીઓને પ્રદેશ કોંગ્રેસ સમિતિમાં સ્થાન મળતા કોંગ્રેસ વર્તુળમાં આનંદ ફેલાયો છે.

પુણા ગામ સીતાનગર પાસે બેઠક એટીએમમાં આગ લાગી

તાકીદે દોડી ગયેલા ફાયરે આગ પર કાબૂ મેળવ્યો

સુરત

ગતરાત્રે પુણાગામ સરદારનગર ખાતે એટીએમમાં શોર્ટ સર્કિટથી આગ લાગતા સ્થાનિક લોકોએ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત રાત્રે પોણા બાર વાગ્યાના સુમારે પુણાગામ સુમારે પુણાગામ સીતાનગર ચોકડી પાસે આવેલ એક્સિસ બેન્કના એટીએમમાં અચાનક શોર્ટ સર્કિટથી આગ લાગી હોવાનો મેસેજ મળ્યો હતો. બનાવની જાણ થતા જ ફાયર સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગને કાબૂમાં લીધી હતી. આગથી એટીએમ સેન્ટરની વાયરીંગ અને ઈલેકટ્રોનિક મશીનરીને નુકસાન થયું હતું.સમયરસ આગ કાબૂમાં આવી હતી. કોઈપણ પ્રકારની અન્ય જાનહાનિ થઈ ન હતી.

પ્રદેશ કોંગ્રેસના મંત્રી તરીકે સુનિલભાઈ પટેલની નિમણૂંક

પ્રદેશ પ્રમુખે સુનિલભાઈ પટેલને મહત્વપૂર્ણ જવાબદારી સોંપી

સુરત

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા સંગઠનમાં નવા ફેરફાર સાથે પ્રદેશ માળખુ જાહેર કર્યું છે. પ્રદેશ માળખામાં ૯૬ જેટલા વધુ નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં જનરલ સેક્રેટરી, સેક્રેટરી અને અન્ય પદની જવાબદારી સોંપાઈ છે. આ સાથે જ સુરત ખાતેના નેતા અને કાર્યકર્તા તેમજ આગેવાનોને પણ પ્રદેશ પ્રમુખ અમીત ચાવડા દ્વારા જવાબદારી સોંપાઈ છે. સુરત ખાતેથી સિનીયર અને પ્રભાવી એવા સુનીલભાઈ પટેલની ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મંત્રી (સેક્રેટરી) તરીકે નિમણૂંક કરી છે. તેમની આ નિમણૂંકને શહેર અને જિલ્લા આગેવાનો દ્વારા વધાવી લેવામાં આવી તેમજ તેમના સમર્થકો દ્વારા તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

સુરત કોંગ્રેસના સિનીયર અગ્રણી સુનિલભાઈ પટેલ અલથાણ ગામના ભૂતપૂર્વ સરપંચ ઉપરાંત ત્રણથી વધુ વખત સુરત મનપાના કોર્પોરેટર તરીકે ચૂંટાયા હતા. તદ્ઉપરાંત સુરત શહેર જિલ્લા કોંગ્રેસમાં પણ અનેક વખત મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવી છે અને સુનિલભાઈ પટેલની કર્તવ્યનિષ્ઠા તથા સિનીયર કોંગ્રેસી તરીકે વર્ષોથી કોંગ્રેસમાં સક્રિય ભૂમિકા અદા કરવા બદલ તેમની પ્રદેશ કોંગ્રેસના મંત્રી પદના હોદ્દા પર નિમણૂંક કરવામાં આવી છે.

ડૉ. અતુલભાઈ પાઠકજીની રાષ્ટ્રભાષા મહોપાધ્યાય ખિતાબ માટે પસંદગી

ડૉ. પાઠકજી ૫૮ વર્ષથી રાષ્ટ્રભાષાના પ્રચાર-પ્રસારની સંનિષ્ઠ ફરજ બજાવે છે

સુરત

અત્રે છેલ્લા ૫૮ વર્ષથી રાષ્ટ્રભાષા હિન્દીનાં પ્રચાર-પ્રસાર ક્ષેત્રે સંનિષ્ઠપણે કામગીરી બજાવી રહેલા અને છેલ્લા ૨૭ વર્ષથી રાષ્ટ્રભાષા પ્રચારક મંડળ, સુરતનું અધ્યક્ષ પદ સંભાળી રહેલા ડૉ. અતુલભાઈ પાઠકજીની હિન્દી વિકાસ સેવા સંસ્થા કમાનગંજ કુશીનગર દ્વારા તેનાં સર્વોચ્ચ સન્માન રાષ્ટ્રભાષા મહોપાધ્યાય માટે પસંદગી કરવામાં આવી છે.

સુરતમાં ડૉ. અતુલભાઈ પાઠકજીએ જુનું રાષ્ટ્રભાષા પ્રચારક મંડળનું કાર્યાલય અને પુસ્તકાલય જે સ્થળે ચાલતું હતું તેજ સ્થળે નવા વિશાળ રાષ્ટ્રભાષા ભવનનું પુનઃનિર્માણ કર્યું છે અને તેમાં રાષ્ટ્રભાષા પ્રચારક મંડળનાં કાર્યાલય તેમજ પુસ્તકાલય ઉપરાંત વાંચનાલય, સભાગૃહ, પ્રશિક્ષમ કક્ષ, અધ્યયન કેન્દ્ર, વ્યાખ્યાનમાળા ટ્રસ્ટ વગેરેની પણ સુવિધા રાખવામાં આવી છે.

ડૉ. અતુલભાઈ પાઠકજી છેલ્લા ૧૫ વર્ષથી ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદની કાર્યવાહક સમિતિના સભ્ય છે અને હાલમાં તેના વિભાગીય પ્રચાર મંત્રી પદે છે. ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદમાં ડૉ. અતુલભાઈ પાઠકજીએ એક નવી ગ્રંથમાળા પણ શરૂ કરી છે. આ ઉપરાંત ડૉ. અતુલભાઈ પાઠકજી અખિલ ભારતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, વર્ધાની વ્યવસ્થાપક સમિતિના સભ્ય, અભ્યુદય બહુઉદ્દેશ્ય સંસ્થા, વર્ધાના ઉપાધ્યક્ષ અને હિન્દી વિકાસ સેવા સંસ્થા, કમાનગંજ, કુશીનગર ઉપ્રના પ્રિસિડિયમના સભ્ય છે.

રાજ્ય સરકાર વોડાફોનને વધુ બીલ ચુકવે છે એ વાત વાસ્તવિકતાથી વેગળી

તારીખ ૨૦-૧૧-૨૦૧૮ના કેટલાક વર્તમાન પત્રમાં રાજ્ય સરકાર વોડાફોન મોબાઈલ ફોનને વધુ બીલ ચુકવે છે એ મથાળા હેઠળ પ્રસિધ્ધ થયેલા અહેવાલો પુરતો અભ્યાસ કર્યા વગરના અને વાસ્તવિકતાથી વેગળા અને હકિકતોથી તોડી મોડીને રજુ કરવામાં આવ્યા છે.

આ અહેવાલો અંગે સ્પષ્ટતા કરવાની કે વોડાફોન કંપની સાથે રાજ્ય સરકાર દ્વારા જે કરાર અમલમાં છે તે પુરતી કાળજી લઈને પારદર્શક ટેન્ડર પ્રક્રિયા દ્વારા અમલમાં મુકવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૭માં વોડાફોન કંપનીનો મોબાઈલ ફોન સર્વિસ કોન્ટ્રાક્ટ પુરો થતા પારદર્શક પ્રક્રિયાથી નવી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જેમાં ન્યુનતમ દરે અવિક્ષેપિત તેમજ ટેકનીકલ દ્રષ્ટિએ વધુ સારી સવલત પ્રાપ્ત થઈ શકે તેના ઉપર વિશેષ કાળજીપુર્વક ધ્યાન આપવામાં આવ્યું હતું અને તેના આધારે પારદર્શક ટેન્ડર ડ્રાફ્ટ પેપર તૈયાર કરવામાં આવ્યો હતો. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન બી.એસ.એન.એલ. ટેકનીકલ બીડમાં ક્વોલીફાઇ થઈ શક્યું ન હતું જયારે વોડાફોન ટેકનીકલ બીડમાં ક્વોલીફાઇ થયેલ હતું. આ સંજોગોમાં સ્વભાવિક રીતે જ જયારે બી.એસ.એન.એલ. ફાઈનાન્સિયલ બીડ માટે પણ ટેકનીકલી ક્વોલિફાઇ ન થવાના કારણે ભાગ જ ન લઈ શક્યુ હોય ત્યારે એ સંદર્ભમાં રાજ્ય સરકાર દ્વારા બી.એસ.એન.એલ.ની વિચારણા ક્યાંથી કરી શકાય? સમગ્રતયા મુલ્યાંકનમાં વોડાફોન ટેકનિકલ તથા ફાઈનાન્સિયલ બીડમાં અન્ય સર્વિસ પ્રોવાઈડર્સની સરખામણીએ સૌથી આગળ હોવાના પરિણામે તેમને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત અત્રે એ સત્ય હકિકત પણ ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૮ માં એટલે કે ચાલુ કરારની શરતો અનુસાર વોડાફોન દ્વારા સૌથી વધુ ૫૯.૩ ટકા ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવ્યું હતું જયારે બી.એસ.એન.એલ. દ્વારા પોસ્ટપેઈડમાં રુ. ૩૨૫ થી લઈને રુ. ૫૨૫ નો માર્કેટ રેટ ચાલી રહ્યો છે જયારે આની સરખામણીમાં વોડાફોનનો રુ. ૬૧.૦૫ નો માસિક ભાડાનો દર ઓફર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બી.એસ.એન.એલ. દ્વારા ૪જી સર્વિસ શરૂ કરવામાં આવી ન હતી જયારે વોડાફોન દ્વારા ૪જી સર્વિસની સુવિધા આપવામાં આવી રહી છે. સ્વાભાવિક રીતે આના પરિણામે કમ્યુનિકેશનની પ્રક્રિયા વધુ ઝડપી અને ડેટા પ્રોસેસિંગની સર્વિસમાં ઝડપ અને સરળતા મળી રહી છે. અત્રે એ ઉલ્લેખનીય રહેશે કે અગાઉ ૨૦૧૫માં જ્યારે ટેન્ડર પ્રક્રિયા યોજવામાં આવી હતી ત્યારે પણ વોડાફોન દ્વારા બેઈઝ રેટ કરતા ૪૮ ટકા ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવ્યું હતું. એની સામે બી.એસ.એન.એલ.એ માત્ર ૨૫ ટકા ડિસ્કાઉન્ટ ઓફર કર્યું હતું. પરિણામ સ્વરૂપે વોડાફોનની સેવા બી.એસ.એન.એલ. કરતા વધુ કિફાયતી દરે પ્રાપ્ત થતી હોઇ, વોડોફોનની સેવા લેવાનું રાજ્ય સરકારે નક્કી કર્યું હતું.

નવસારીમાં સ્વસ્થ ભારત યાત્રાનું આગમન : મેરેથોન દોડ યોજાઈ

ઈટ રાઈટ ઈન્ડિયા સૂત્ર સાથે નવસારીમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાયા

નવસારી

ભારત સરકારના ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા અને ગુજરાત રાજયના ખોરાક ઔષધ નિયમન તંત્ર અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા નવસારી જિલ્લાના ઐતિહાસિક દાંડી ખાતે સ્વસ્થ ભારતયાત્રાનું સ્વાગત કરાયું હતું. તા.૧૮, ૧૯ અને ૨૦ મી નવેમ્બર સુધી નવસારી જિલ્લામાં ઈટ રાઈટ ઈન્ડિયાના સુત્ર સાથે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહયાં છે.

નવસારી લુન્સીકુઈ મેદાન ખાતે નવસારી જિલ્લા કલેકટર ડૉ.એમ.ડી.મોડિયાએ સ્વસ્થ ભરાત યાત્રા ઉપક્રમે યોજાયેલ મેરોથોન દોડને લીલઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવી હતી. તેમની સાથે ઈન્ચાર્જ જિલ્લા પોલીસ વડા શ્રી મોરી, સ્વસ્થ ભારતના નોડલ અધિકારી શ્રી દિપિકાબેન ચૌહાણ, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી વસાવા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ.મેહુલ વ્યાસ, નગરપાલિકાના પ્રમુખ શ્રી કાંતિભાઇ પટેલ, એફ.એસ.એસ.આઈ.ના શ્રી અખિલેશ ગુપ્તા, નિવાસી અધિક કલેકટર શ્રી રાઠોડ, પ્રાંત અધિકારી શ્રી રાજપૂત, ડૉ.ચિરાગ ગાંધી, ડૉ.કવિતાબેન, ઈન્ચાર્જ ચીફ ઓફિસર શ્રી રાજુ ગુપ્તા ઉપસ્થિત રહયા હતાં.

સ્વસ્થ ભારત યાત્રાના વિવિધ બેનરો સાથે શાળાના બાળકો, એન.સી.સી.ના કેડેટો દ્વારા પ્રભાતફેરીમાં યોજાઈ હતી.

લુન્સીકુઈ ખાતે પબ્લીક બેઠકમાં જિલ્લા કલેકટર ડૉ.એમ.ડી.મોડિયાએ જણાવ્યું હતું કે, પૂ.મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતિ નિમિત્તે દેશના ૧૨ વિવિધ ટ્રેકમાં સ્વસ્થ ભારતયાત્રા યોજાઈ રહી છે. ૨૫ સાયકલ યાત્રીઓનું ગઈકાલે દાંડી ખાતે સ્વાગત કરાયું હતું. સ્વસ્થ ભારતયાત્રા નિમિત્તે નવસારી જિલ્લામાં મેરેથોન દોડ, પ્રભાતફેરી, ચિત્ર સ્પર્ધાઓ, રકતદાન શિબિર જેવા કાર્યક્રમો યોજી ઈટ રાઈટ ઈન્ડિયાનો પ્રચાર-પ્રસાર થઈ રહયો છે. યાત્રાનો મુખ્ય ઉદ્દેશ હેલ્થી ઈન્ડિયા, ઈટ રાઈટ ઈન્ડિયાની થીમ બેઝ ચીની, નમક ઔર તેલ કમ ના સુત્રને સાર્થક કરવાનો રહયો છે. આપણા જીવનમાં સ્વસ્થ રહેવા ખરેખર તેલ, નમક અને ખાંડનો ઓછો ઉપયોગ કરવાથી સફળતા પ્રાપ્ત થશે. આ સંદેશને સમાજમાં, સોસાયટી સુધી પહોંચાડવા યુવાનોને અનુરોધ કર્યો હતો.

સ્વસ્થ ભારતયાત્રાના નોડલ અધિકારી દિપિકાબેન ચૌહાણે આ પ્રસંગે જણાવ્યું હતું કે, સ્વસ્થ ભારતયાત્રાનો મુખ્ય ઉદ્દેશ હેલ્થી ફુડ, ઈટ રાઈટ ઈન્ડિયા છે. જેમાં ઈટ હેલ્થી, ઈટ સેઈફ, ઈટ ફોર્ટીફાઈડ અને નો ફુડ વેસ્ટ રહયો છે. આપણા ખોરાક પ્રત્યે આપણે જાગૃત થવું પડશે.

ડૉ.ચિરાગ ગાંધીએ જણાવ્યું હતું કે, આપણા જીવનમાં સ્વાસ્થ્ય અને ફીટનેશનું મહત્વ વધ્યું છે. સ્વાસ્થ્ય માટે યાત્રા કાઢવી પડે તે માટે આપણે જ જવાબદાર છીએ. તંદુરસ્તી માટે જીવન કસરત રૂટિન પાર્ટ બનાવવો જોઈએ. આપણી લાઈફ સ્ટાઈલને કારણે શારિરીક એકસરસાઈઝનો છેદ ઉડી જાય છે. કસરત રેગ્યુલર કરવી ખૂબ જરૂરી છે. ફીટનેશ સાથે ઘરનું હેલ્થી ફુડ ખાવા અનુરોધ કર્યો હતો. નવસારીના ડાયાબીટીશ્યન ડૉ.કવિતાબેને સવારના બ્રેકફાસ્ટ, લંચ, ડિનર અંગે વિસ્તૃત સમજ આપી હતી.

પ્રારંભમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રના શ્રી એ.જી.પટેલે ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત પ્રવચન કરી આવકાર્યા હતા.

બેઠકમાં આંગણવાડીના બહેનો દ્વારા વાનગી હરીફાઈમાં વિજેતાઓને ઈનામ અર્પણ કરાયાં હતાં. યાત્રામાં નવસારી નગરપાલિકાના હોદેદારો, શિક્ષકગણ, પોલીસ જવાનો, એન.સી.સી કેડેટો, નહેરુ યુવા કેન્દ્રના સંયોજકો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી ભાગ લીધો હતો.

ઉમરપાડા અને માંગરોળ એપીએમસી ખાતે ટેકાના ભાવે મગફળી ખરીદ કેન્દ્ર શરૂ

ખેડૂતોએ સાધનિક પુરાવા સાથે લાગવા જરૂરી છે

સુરત

મગફળી પકડવતા ખેડૂત મિત્રોને પોષણક્ષમ મૂલ્ય મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળી ખરીદીની જાહેરાત કરવામાં આવી છે. જે મુજબ વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન મગફળીના પ્રતિ કિવન્ટલ રૂા.૫૦૦૦ એટલે કે, મણના રૂા.૧૦૦૦ લધુતમ ટેકાના ભાવો જાહેર કરવામાં આવ્યા છે. રાજય સરકાર દ્વારા સ્ટેટ નોડલ એજન્સી તરીકે ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ દ્વારા તા.૧૫/૧૧/૨૦૧૮ થી નક્કી કરેલ ખરીદ કેન્દ્ર ખાતે મગફળીની ખરીદી કરવામાં આવી રહી છે.

ઉમરપાડા(કેવડી) એ.પી.એમ.સી. અને માંગરોળ(વાંકલ સબ યાર્ડ) એ.પી.એમ.સી. ખાતે ટેકાના ભાવે મગફળીની ખરીદના કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. ટેકાના ભાવે મગફળીનું વેચાણ કરવા માંગતા હોય તે ખેડુતોએ ખરીદ કેન્દ્ર ખાતે તા.૩૦/૧૧/૧૮ સુધીમાં ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવા માટે નોંધણી સમયે આધારકાર્ડની નકલ, અદ્યતન ૭/૧૨ અને ૮-અનો ઉતારો, પાક વાવણી અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, ખેડુતની બેંક પાસ બુકની નકલ જેવા સાધનિક કાગળો સાથે લાવવાના રહેશે તેમ સુરત જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

ઈદે મિલાદના તહેવાર નિમિત્તે ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું

એક હજારથી વધુ દર્દીઓને ફૂડ પેકેટ અપાયા

સુરત

ખ્વાજા ગરીબ નવાઝ વેલ્ફેર ટ્રસ્ટ તરફથી મોહમ્મદ પેયગમ્બર સાહેબના ૧૪૪૭માં જન્મ દિવસની ખુશીમાં દર વર્ષની જેમ તા.૧૮-૧૧-૨૦૧૮ રવિવારે સવારે ૧૦ કલાકે સુરત શહેરની સિવિલ, સ્મીમેર, મસ્કતિ, અશક્તા આશ્રમ, ભારતીમૈયા, પ્રાણનાથ, સુરત ડાયમંડ, પટેલ કિડની, સુરત જનરલ, લોખાત, જૈનબ, સુફી અને બુરહાની હોસ્પિટલના બધા જ દર્દીઓને ૧૦૦૨ જેટલા ફૂડ પેકેટનો વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા ખ્વાજા ગરીબ નવાઝ વેલ્ફેર ટ્રસ્ટના પ્રમુખ આસીફભાઈ ચીડીમાર, ઉપપ્રમુખ શબ્બીરભાઈ દડા, સેક્રેટરી ફૈયાઝભાઈ ચીડીમાર, જલીલભાઈ ચીડીમાર, ઈરફાન ગગન, સમદતેલી, અનીસ નવસારીવાલા, વસીમતેલી, અફજલ કોલંબોવાલા, ઈરશાદ ગગન, દિવ્યાંગ પચ્ચીગર, અબ્દુલ ગફ્ફાર વગેરે હાજર રહ્યા હતા.

રક્તની અછત નિવારવા તાકીદે રક્તદાન શિબિર યોજવા રક્તદાન કેન્દ્રની અપીલ

વેકેશનના કારણે જુદા જુદા ગ્રુપના રક્તની અછત ઉદ્‌ભવી

સુરત

સુરત રકતદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટરનાં જનસંપર્ક અધિકારી નિતેષ મહેતા તેમની એક યાદી દ્વારા જણાવે છે કે પ્રતિવર્ષ દિવાળીનાં તહેવારો અને વેકેશનના સમયગાળા દરમ્યાન શહેરીજનો બહારગામ જતા હોય છે. પરિણામે સ્વૈચ્છીક રક્તદાન શિબિરોનાં આયોજનો ઓછા પ્રમાણમાં થતા જોવા મળે છે. પરિણામે શહેરમાં રક્તદાન કેન્દ્રોમાં રક્તનાં જુદા જુદા ગ્રુપોની તીવ્ર અછત જોવા મળતી હોય છે.

વધતી જતી વસ્તી તેમજ વિવિધ માંદગીઓને પરિણામે રકતની જરૂરીયાતવાળા દર્દીઓની સંખ્યામાં પણ વધારો થતો જોવા મળી રહ્યો છે. પરિણામે હાલમાં રક્તનાં તમામ ગ્રુપોની તીવ્ર અછતને પરિણામે રક્ત પુરૂ પાડવાનું મુશ્કેલ બની રહ્યું છે.

રક્તની જરૂરીયાતવાળા દર્દીઓને સમયસર રક્ત મળી રહે તે હેતુસર શહેરનાં સામાજિક સંગઠનો, મંડળો, વગેરેને સુરત રક્તદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટર તરફથી તાકીદનાં ધોરણે રક્તદાન શિબિરોનાં આયોજનો ગોઠવવા માટે તેમજ સ્વૈચ્છીક રક્તદાતાઓને ખટોદરા ખાતે આવેલ સુરત રક્તદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટર ખાતે સ્વૈચ્છીક રક્તદાન કરી જવા નમ્ર અપીલ કરવામાં આવે છે.

અંકલેશ્વર જયાબેન મોદી હોસ્પિટલ દ્વારા રવિવારે મેરેથોનનું આયોજન

અંકલેશ્વર

અંકલેશ્વર જયાબેન મોદી હોસ્પિટલ દ્વારા રવિવાર તા.૨૫મીનાં રોજ પાંચ કિલોમીટરની મેરેથોનનું આયોજન કરાયું છે.

રવિવાર તા.૨૫મીનાં રોજ વર્લ્ડ ડાયાબિટીસ ડે છે. મધુપ્રમેહનાં આ રોગ અંગે લોકોમાં જાગૃતિ આવે અને પોતાનાં સ્વાસ્થ્ય માટે પણ લોકો સજાગ બને એ હેતુથી આ પાંચ કિલોમીટરની મેરેથોન રનનો કાર્યક્રમ યોજાનાર છે. જીઆઈડીસી સ્થિત ડી.એ. આણંદપુરા કોમ્પ્લેક્ષ ખાતેથી સવારે ૭ કલાકે મેરેથોન રન શરૂ થશે અને જોગર્સ પાર્ક, સરદાર પાર્ક સહિતના વિસ્તારોને સાંકળી લેતાં રૂટ પર પાંચ કિલોમીટર જેટલું ફરીને જયાબેન મોદી હોસ્પિટલ ખાતે એનું સમાપન થશે. આ રન ફોર યુ મોટી સંખ્યામાં યુવક યુવતીઓ સહિત રહીશો પણ જોડાશે.

દક્ષિણ ગુજરાત વીજ કંપનીનો ભ્રષ્ટાચાર ઉઘાડો પડ્યો

પીપી સવાણી સ્કૂલ પાસે રૂા.૫ લાખનો તોડ કરવાના મુદ્દે વિજલન્સ કમિશનમાં ફરિયાદ

અબ્રામાં પાસે હાઈટેન્શન લાઈન અંડરગ્રાઉન્ડ કરવા વીજ કંપનીના અધિકારીએ રૂા. પાંચ લાખની લાંચ લીધી હોવાનો પીપી સવામી સ્કૂલનો ખુલ્લો આરોપ

સુરત

અબ્રામા પી.પી. સવાણી સ્કૂલ કેમ્પસ પાસેની ભયજનક હાઈટેન્શન લાઈન અંડરગ્રાઉન્ડ કરવા માટે રૂા.પાંચ લાખનો તોડ કરનાર દક્ષિણ ગુજરાત વીજ કંપનીના ભ્રષ્ટાચાર અંગે ગુજરાત વિજીલન્સ કમિશનને ફરિયાદ કરવામાં આવી હતી. પી.પી. સવાણી સ્કૂલના કેમ્પસ ડાયરેક્ટર રાકેશકુમાર રાયે વિજીલન્સ કમિશનરને કરેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ ડીજીવીસીએલના ભ્રષ્ટાચારીઓની સામે તા.૨૬મીએ પ્રતિક ધરણા કરવામાં આવશે. તેમજ આ મુદ્દે કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવશે તો અઠવાડિયા પછી આમરણાંત ઉપવાસની ચીમકી આપવામાં આવી છે.

આજે પી.પી. સવાણી સ્કૂલે વિજીલન્સ કમિશન ઉપરાંત સુરત શહેર પોલીસ કમિશનરને ફરિયાદમાં જણાવ્યું હતું કે, હમો અબ્રામા મુકામે પી.પી. સવાણી સ્કૂલ સંકુલ સંસ્થા ચલાવીએ છીએ, આ સંકુલમાં મોટા વરાછાથી અબ્રામા જતા કેમ્પસની આગળ રોડ તરફ હાઈટેન્શન લાઈન પસાર થાય છે. જે લાઈનમાં ચોમાસા દરમ્યાન અવાર નવાર ફોલ્ટ આવે છે જેના કારણે ઘણીવાર વાયરો નીચે પડી જતાં હોય છે અને આ રોડ પર સ્કૂલ બસ બાળકો પસાર થતા હોય, અકસ્માતનું જોખમ રહે છે.

આ કારણે અમારા ઈલેક્ટ્રીક વાયરમેન દ્વારા જયેશભાઈ પટેલ ઈલેક્ટ્રીકલ લાઈન કોન્ટ્રાક્ટરનો સંપર્ક કરી આ ખુલ્લી લાઈનને બદલે કેબલ પાથરી, લાઈન જમીનમાં નાંખી દેવા અંગેની કાર્યવાહી કરવા જણાવેલ, જેથી જયેશભાઈએ આ કામ માટે અંદાજે પાંચેક લાખ રૂપિયા થશે તેમ જણાવતાં અમોએ આ કામગીરી અગત્યની હોય કરવા જણાવેલ જેથી તેઓ અમારી પાસેથી ૨ લાખ રૂપિયા તા.૪-૬-૨૦૧૮ના રોજ લઈ ગયેલ. ત્યારબાદ અમોએ આ કામ બાબતે ફોન કરી પૂછતાં તેઓએ જણાવેલ કે હજુ આ લાઈનની મંજૂરી લેવાની કામગીરી ચાલુ છે તો માટે ઉપર સુધી વહીવટ કરવાનો હોય, મને હજુ ત્રણ લાખ રૂપિયા પહોંચાડો.

જેથી અમોએ તેમને તા.૨૮-૯-૨૦૧૮ના રોજ ત્રણ લાખ રૂપિયા આપેલ, ત્યારબાદ બે મહિના થવા છતાં આ કામ થયેલ નહીં, જેથી અમોએ જયેશભાઈનો સંપર્ક કરતા તેઓ આ કામ થઈ જશે તેમ જણાવેલ. આ દરમ્યાન અમારી સકૂલના મીટરોમાં લોડ વધી જતો હોય, અવાર નવાર સમસ્યા આવતી હોય, જયેશભાઈએ જણાવેલ કે એક કનેકશન માટે અઢી લાખનો ખર્ચ થશે, જેથી અમોએ જણાવેલ કે વાંધો નહીં, પરંતુ અમારી લાઈન બદલવાની કામગીરી જલદીથી કરવા કહેલ. આ બાબતે અમોએ અમારા ટ્રસ્ટીઓને જણાવતાં તેઓએ કહેલ કે હજુ સુધી આગળનું કામ લાઈનનું કામ થયેલ ન હોય, પહેલા તે કામ કરાવડાવો, જેથી અમોએ જયેશભાઈને ફોન કરીને જણાવેલ જેથી તેઓએ મને જણાવેલ કે મારે ઉપર સુધી વાતચીત થઈ ગયેલ હોય, અમારી કચેરીમાં આવીને જમાવેલ કે મને આઈસ્ક્રીમવાલા સાહેબનો ફોન આવેલ છે કે કનેકશન મંજુરી પેટેના રૂપિયા આપવાના છે.

તમને વિશ્વાસ ન હોય તો તમે મારી સાથે ૨૦ લાખ રૂપિયા લઈને આપણે આઈસ્ક્રીમવાલા સાહેબના ઘરે જઈએ, આથી અમોએ વલ્લભભાઈને પૂછતાં તેઓએ ના કહેલ અને આ બાબતે મને કઠોર જીઈબીની કચેરીએ જઈને અધિકારી મળવા કહેલ જેથી મે કઠોર કચેરીએ જઈ અમારા મીટરોમાં લોડ વધારવા કરવા જણાવતા કચેરીમાં હાજરી કમલેશભાઈ નામના અધિકારીએ અરજી ફોર્મ ભરાવીને આ લોડ વધારા કરવા અંગેની ફોર્માલીટી કરી આપેલ. આ અમોએ કંપનીમાં ભરવાની થતી ફી ડી.ડી.થી ભરી આપેલ, આ બાબતની જાણ જયેશભાઈને થતા તેઓએ મારો સંપર્ક કરેલ અને કહેલ કે હવે મારૂ કામ કેમ થાય છે તે હું જોવું છું અને આ અધિકારીઓ કેમ કઠોરમાં નોકરી કરે છે તે પણ હું જોઈ લઈશ, જેથી મેં તેમને કહેલ કે તો પછી અમોએ આપેલ પાંચ લાખ રૂપિયા પરત કરી જાવ.

ત્યારબાદ તેઓ પૈસા પાછા આપવા આવે નહીં, પરંતુ તેમનો ફોન આવેલ કે રાય સાહેબ, કઠોરના બંને અધિકારીઓની ટ્રાન્સફર કરાવી દીધી છે, આ સાંભળીને હું અવાક થઈ ગયેલ. અમારી સ્કૂલ માટેના મીટરોનું જે કામ અધિકારીઓ દ્વારા ઈમાનદારીથી કરી આપવામાં આવેલ તે અધિકારીઓને અમારા કારણે આપના દ્વારા બદલી કરવામાં આવેલ તે તદ્દન ખોટું છે. જેથી મારી વિનંતી છે કે આ અધિકારીની બદલીઓ રદ કરવામાં આવે તથા જયેશભાઈ કોન્ટ્રાક્ટર તથા આઈસ્ક્રીમવાલા સાહેબની સાંઠગાંઠને ખુલ્લી પાડી, પુરતી તપાસ કરાવવા વિનંતી કરવામાં આવી હતી. અરજદાર રાકેશ રાય તથા જનતાના માણસો ૨૬મી તારીખે સવારે ૧૧ થી સાંજે ૫ ના સમયે ૫૦૦ થી વધુ માણસો ભેગા થઈને ''પ્રતિક ધરણા'' ઉપર ઉતરવાના છીએ. જો કમનસીબે અમારી માંગણીને ધ્યાનમાં લેવામાં નહીં આવે અને અમોને ન્યાય નહીં મળે તો એક અઠવાડીયા પછી અચોક્કસ મુદત માટે આમરણાંત ઉપવાસ પર જઈશું. જેની ગંભીર નોંધ લેવા અરજ કરવામાં આવી છે.

ગામના જ બે યુવાનોને સગીરા પર આચર્યું દુષ્કર્મ,ગર્ભવતી બનતા ભાંડો ફૂટ્યો

ભરુચ,

ભરૂચ તાલુકાના એક ગામના નરાધમ હવસખોર યુવાને ખેતરમાં કામ કરતી સગીરા પર સાત માસ પૂર્વે આચરેલા દુષ્કર્મની ઘટના પ્રકાશમાં આવતા ભરૂચ પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી હતી.

સમગ્ર મામલો નબીપુર પોલીસ મથકે પહોંચતા પોલીસે હવસખોર યુવાન સામે બળાત્કારનો ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે. સગીરાએ ભરૂચના એક ગામના જ અન્ય બે યુવાનોએ પણ દુષ્કર્મ આચર્યુ હોવાનું જણાવતા પોલીસે ત્રણેય નરાધમ હવસખોરોની ધરપકડ કરી જેલ ભેગા કર્યા છે. સગીરા ગર્ભવતી બનતા સમગ્ર ઘટના પ્રકાશમાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ભરૂચ જિલ્લાના એક ગામ ખાતે આશરે સાત માસ પૂર્વે ૧૬ વર્ષની સગીરા પર દુષ્કર્મ આચરાયું હતું. જે સંદર્ભે નોંધાયેલ ફરિયાદમાં જણાવ્યા મુજબ એક ગામની સગીરા સીમમાં આવેલ ખેતરમાં ઘાસ કાપવાનું કામ કરી રહી હતી.

જ્યાં તકનો લાભ ઉઠાવી ભરૂચના એક ગામના નરાધમ સતીષ શનાભાઈ વસાવાએ સગીરાને પાછળથી પકડી જમીન પર પછાડી મોઢું બંધ કરી બળાત્કાર ગુજાર્યો હતો. સાત માસ પૂર્વે બનેલી ઘટનામાં દુષ્કર્મનો ભોગ બનેલી સગીરાએ નબીપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેમાં ભરૂચના એક ગામના જ અને સતીષ વસાવાના મિત્રો રાહુલ રણજિત વસાવા અને શિવમ પૂજા વસાવાએ પણ દુષ્કર્મ કર્યું હોવાનો ઘટસ્ફોટ કર્યો હતો.

જેના આધારે નબીપુર પોલીસે ત્રણેય નરાધમ હવસખોર યુવાનોની ધરપકડ કરી નરાધમોને જેલ ભેગા કર્યા છે. ઉલ્લેખનીય છે કે સગીરા સગર્ભા બનતા સમગ્ર ઘટના પ્રકાશમાં આવી હોવાના અહેવાલ મળી રહ્યા છે. સગર્ભા સગીરાએ બે દિવસ પહેલા જ નવજાત શિશુને જન્મ આપ્યો હોવાના અહેવાલ પણ મળી રહ્યા છે.

બેંક સાથે આધાર પહેલા પાનાથી ચાલુ

ઉક્ત બાબત જણાવી હતી. પુરાલેને ડિસેમ્બર, ૨૦૧૫માં કેન્દ્રીય શિપિંગ મંત્રાલય દ્વારા પત્ર મોકલીને જે બેંક અકાઉન્ટમાં સેલેરી ક્રેડિટ થતી હોય તેને આધાર કાર્ડ સાથે લિંક કરાવવા કહ્યું હતું, પરંતુ તેણે પોતાની પ્રાઈવસીનો સૈદ્ધાંતિક અધિકારનો ભંગ થઈ રહ્યો હોવાનું જણાવીને એવું કરવાનો ઈનકાર કર્યો હતો. જુલાઈ, ૨૦૧૬થી પુરાલેને સેલેરી આપવાનું બંધ કરવામાં આવ્યું હતું ત્યાર બાદ તેણે હાઈ કોર્ટમાં ધા નાખી હતી.

ચાલુ મહિનાની શરૂઆતમાં પુરાલેએ સુપ્રીમ કોર્ટના ૨૬મી સપ્ટેમ્બરના આધાર કાર્ડ સંબંધિત ચુકાદાને આધાર રાખીને અરજી કરી હતી. કોઈ કર્મચારીનું બેંક અકાઉન્ટ આધાર કાર્ડ સાથે લિંક ન હોય તો કેન્દ્ર સરકાર કેવી રીતે કોઇ કર્મચારીની સેલેરી અટકાવી શકે છે? સુપ્રીમ કોર્ટના આદેશને અનુસરીને અમારો પ્રથમદર્શી મત છે કે આધાર કાર્ડ સાથે બેંક અકાઉન્ટ લિંક ન હોય તો કોઇ પણ કર્મચારીની સેલેરી અટકાવી શકાય નહીં', એમ હાઇ કોર્ટે કહ્યું હતું. હાઇ કોર્ટે કેન્દ્ર સરકારને પુરાલેની સેલેરી ચુકવવાનો આદેશ આપતા સુનાવણી આઠમી જાન્યુઆરી સુધી મુલતવી રાખી હતી.

નોટબંધી ભ્રષ્ટાચારનો પહેલા પાનાથી ચાલુ

૫૦ વર્ષથી લૂંટવાની આદત પડી ગઈ હતી, એટલા માટે તે પરેશાન છે.

તેમણે કહ્યું કે, અમારો સંકલ્પ છે કે દેશમાં એક પણ ગરીબ એવો ન હોવો જોઈએ કે તેની પાસે પોતાનું પાકું ઘર ના હોય. અમે એવા ઘરો બનાવીને આપી રહ્યા છે જે ઘરમાં નળ પણ હશે, નળમાં પાણી પણ હશે, ઘરમાં વિજળી પણ હશે, શૌચાલય પણ હશે અને ઘરમાં જમવાનું બનાવવા માટે ગેસ કનેક્શન પણ હશે. અગાઉ સોમવારે ઈન્દિરા ગાંધીની જયંતી અવસરે આયોજિત કાર્યક્રમમાં સોનિયા ગાંધીએ પીએમ મોદીનું નામ લીધા વગર કહ્યું હતું કે, અમુક લોકો કામ કરે છે અને અમુક લોકો શ્રેય લે છે. સોનિયાએ પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહની પ્રશંસા કરતા કહ્યું કે, તેમણે ક્યારેય પોતાનો પ્રચાર નથી કર્યો. તેમણે ક્યારેય કોઈ કામનો શ્રેય લીધો..

આયુષ્યમાન ભારતની વાત કરતા તેમણે કહ્યું કે, અમે આયુષ્યમાન યોજના બનાવી, ગરીબ જે બીમાર છે, ડોક્ટરની પાસે જશે, તેમનો મોટો ખર્ચ થશે. કિડની ખરાબ છે, હૃદયની બિમારી છે તેની સારવાર કરાવવામાં લાખો રૂપિયા ખર્ચ થઈ જશે. અમે ગરીબો માટે આયુષ્યમાન ભારત લઈને આવ્યા છીએ. હવે ગરીબો સારી હોસ્પિટલમાં સારવાર કરાવી શકશે. ગરીબોની સારવાર અને ઓપરેશનનો ખર્ચો સરકાર આપશે.

મોદીએ વધુમાં કહ્યું કે, અમારો મંત્ર છે બાલક-બાલિકાઓ માટે અભ્યાસ, યુવાઓ માટે રોજગારી, ખેડૂતો માટે સિંચાઈ અને બુઝુર્ગો માટે દવાઈપ મુદ્રા યોજના અંતર્ગત આપણા દેશના યુવાનોને પોતાના પગભર રહેવાની તાકાત આપીલ છે. એક નવો આત્મવિશ્વાસ આપ્યો છે. કોંગ્રેસ સરકારે ૫૦ વર્ષમાં કંઇ કર્યું નથી. તે કાર્ય શિવરાજ સિંહજીની સરકારે ૧૫ વર્ષમાં કરી બતાવીયું. એક જમાનો હતો જ્યારે વિકાસનો મતલબ હતો માટી નાખો અને તેને રસ્તો સમજો, આજે તે જમાનાને અમે બદલી નાખ્યો છે.

ગુજરાતના ગૃહ વિભાગે પહેલા પાનાથી ચાલુ

બદલી થયાના થોડા સમયમાં તેઓ પરત અમદાવાદ આવતા બદલીઓ સામે પણ પ્રશ્નાર્થ ઉભા થયા છે.

આ બદલીઓમાં ડી.વાય.એસ.પી. ડી.જે. ચાવડાને ગીર-સોમનાથથી સુરત, બી સી ઠક્કરને સુરત શહેરથી સુરત ટ્રાફિક,પી.એ. ઝાલાને એચ ડીવીઝન અમદાવાદથી પશ્ચિમ ગુજરાત વીજ કંપની રાજકોટ, કે.કે. પંડ્યા જી.યુ.વી.એન.એલ. વડોદરાથી ઉત્તર ગુજરાત વીજકંપની મહેસાણા, ક્રિશ્ના બા ડાભી એસ.સી. એસ.ટી. સેલ રાજકોટથી માનવ અધિકાર આયોગ ગાંધીનગર,કે.બી. ચૂડાસમાને એ.સી.બી. જુનાગઢથી એ.સી.બી. અમદાવાદ,બી.એલ. દેસાઈને એ.સી.બી. અમદાવાદથી એ.સી.બી. જૂનાગઢ, એન.એસ. દેસાઈને એસ.સી. એસ.ટી. સેલ સુરતથી ઈ ડીવીઝન સુરત,પિનાકીન પરમારને ઈ ડીવીઝન સુરતથી એસ.સી. એસ.ટી. સેલ સુરત, વી.આર. ખેંગારને આઈ.બી. જૂનાગઢથી આઇ.બી. ગાંધીનગર, એ.એમ. પરમારને આઇ.બી. ગાંધીનગરથી આઇ.બી.ડીસા,કે.એસ. દેસાઈને એન્ટી ટેરરિસ્ટ સ્કવોડ અમદાવાદથી આઇ.બી. ગાંધીનગર ખાતે બદલી કરવામાં આવી છે.

રાજદ્રોહ કેસ પહેલા પાનાથી ચાલુ

પડશે તો સુપ્રીમમાં પડકારીશું.

કોર્ટ જે કંઈ કહેશે તેનો સ્વીકાર કરીશું. પરંતુ દુઃખની વાત એ છે કે દિલ્હીના કનૈયા કુમાર પર લાગેલો કેસ કોર્ટે રદ કર્યો છે. પરંતુ ગુજરાત ભાજપમાં ભાજપની સરકારે પાટીદાર આંદોલનને દબાવવા માટે શક્ય એટલા પ્રયાસ કર્યા છે.

કાઇમ બ્રાંચના જેસીપી જે.કે. ભટ્ટ પર લાગેલા આક્ષેપ અંગે હાર્દિકે કહ્યું કે, "કાઇમ બ્રાંચના મુખ્ય અધિકારી પર ભ્રષ્ટાચારનો આક્ષેપ છે ત્યારે લોકોને તપાસમાં કેમ વિશ્વાસ બેસે. એ લોકો રૂપિયાના થપ્પા ભેગા કરતા હોય ત્યારે જનતા તેમના પર કેમ વિશ્વાસ મૂકે. જે.કે. ભટ્ટ પર વર્ષોથી આક્ષેપ લાગ્યા છે. અભય ચુડાસમા અને ડી.જી. વણઝારા પર પણ આક્ષેપ લાગ્યા છે.

જ્યારે યુવતીએ કહી દીધુ કે ભયભીત કરે તે નહિ પરંતુ ભય મુક્ત કરે એ સાચો પ્રેમ



ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા પુર્ણ થયા પછી અનેક વિદ્યાર્થીઓ પરીણામની રાહ જોઈ રહ્યા છે. કેટલાક વિદ્યાર્થીઓ પરીણામ ખરાબ આવવાની સતત ચિંતા કરી રહ્યા છે ત્યારે શ્વેતા નામની વિદ્યાર્થીની ધોરણ ૧૨ના બોર્ડની પરીક્ષાના પરીણામની ચિંતા કર્યા વગર ઉનાળુ વેકેશનની મજા માણી રહી છે. શ્વેતા તેના મિત્રોને પણ સમજાવતા કહે છે કે પરીક્ષામાં આપણે જેવુ લખ્યુ હશે તેવુ જ પરીણામ આવશે અને આપણે અત્યારે ગમે તેટલી ચિંતા કરીએ તો પણ આપણે લખેલા પેપરનો એક પણ શબ્દ આપણે બદલી શકવાના નથી, તો ખોટી પરીણામની ચિંતા કરીને વેકેશનની મજા બગાડવી ન જોઈએ. શ્વેતાની વાત સાંભળીને તેના મિત્રો કહે છે કે તારા પેપર સારા ગયા છે એટલે તને બોર્ડના પરીણામની ચિંતા ન હોય પરંતુ અમને તો પાસ થવામાં પણ શંકા છે. શંકા કુશંકાનો હવે કોઈ અર્થ રહેતો નથી વાંચવાનો સમય હવે નિકળી ગયો છે અને હવે તમે પરીણામની વ્યર્થ ચિંતા કર્યા કરો છો તેમ શ્વેતાએ જણાવ્યુ. પરંતુ હવે અમે શુ કરી કરીએ તેવો મિત્રોએ પ્રશ્ન કર્યો ત્યારે શ્વેતાએ જણાવ્યુ કે, પરીણામ જે આવે તે સ્વીકારવું પડશે અને ભવિષ્યમાં અભ્યાસ પર પુરતુ ધ્યાન આપવું પડશે. શ્વેતાના સમજાવવાના કારણે બધા મિત્રો પરીણામની ચિંતા કર્યા વગર વેકેશનની મજા માણવાની શરૂ કરે છે. થોડા દિવસો પછી ધોરણ ૧૨નું બોર્ડની પરીક્ષાનું પરીણામ જાહેર થાય છે અને હંમેશાની જેમ શ્વેતા ધોરણ ૧૨ની પરીક્ષામાં સમગ્ર શાળામાં અવ્વલ આવે છે અને શ્વેતાના પરીવારમાં આનંદ હર્ષોલ્લાસ જોવા મળી રહ્યો છે. પરીવારના સભ્યો દ્વારા મીઠાઈ વહેચવામાં આવી રહી છે. પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે શ્વેતાના તમામ મિત્રો પણ બોર્ડની પરીક્ષામાં પાસ થઈ જાય છે એટલે શ્વેતાની ખુશી બેવડાઈ જાય છે. બોર્ડની પરીક્ષામાં ઉત્તમ પરીણામ મેળવીને શ્વેતા આગળના ઉચ્ચ અભ્યાસ માટે શહેરમાં આવેલી જાણીતી કોલેજમાં પ્રવેશ મેળવે છે પરંતુ શ્વેતાના શાળાના મિત્રોને આ કોલેજમાં પ્રવેશ મળતો નથી અને તેઓને અન્ય કોલેજમાં પ્રવેશ મેળવવો પડે છે.

ભલેને અલગ અલગ કોલેજમાં પ્રવેશ મેળવ્યો હોય પરંતુ શ્વેતા તેના શાળાના મિત્રો સાથે પહેલા જેવો જ ગાઢ સંબધ રાખે છે. થોડા દિવસોમાં શ્વેતા ગામડાના માહોલમાંથી બહાર આવીને શહેરમાં રહેતા પોતાના નજીકના સંબધીના ઘરે રહેવા માટે આવી જાય છે અને શહેરમાં રહીને જ કોલેજનો અભ્યાસ કરી રહી છે. શ્વેતા કોલેજમાં નિમયમીત અભ્યાસ કરી રહી છે અને કેમ્પસમાં ભાગ્યો જોવા મળે. શ્વેતા ક્લાસરૂમ થી ઘરે અને ઘરે થી સીધી ક્લાસરૂમમાં પહોંચી જાય છે. શ્વેતા નિત્યક્રમ પ્રમાણે કોલેજમાં આવીને અભ્યાસ કરે છે અને નવરાશના સમયે ઘરકામમાં મદદરૂપ બની રહી છે. એકદમ સરળ અને શાંત સ્વભાવની શ્વેતા કોઈના પ્રેમમાં આસાનીથી પડી જાય તેમ નથી. પરંતુ શ્વેતાની જ કોલેજના બે યુવકોને શ્વેતા ખુબ જ ગમી જાય છે અને તે બન્ને યુવકો શ્વેતાનો પ્રેમ મેળવવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. તો બીજી બાજુ આ વાત થી શ્વેતા સાવ અજાણ છે કે તેને પોતાની કોલેજના બે યુવકો પ્રેમ કરે છે. શ્વેતા તો તેની મસ્તામાં મસ્ત બનીને કોલેજમાં અભ્યાસ કરી રહી છે અને પ્રથમ વર્ષની પરીક્ષાના અંતે શ્વેતા કોલેજમાં અવ્વલ આવે છે. જ્યારે શ્વેતાને પસંદ કરતા બન્ને યુવકો સામાન્ય પરીણામ સાથે કોલેજનું પ્રથમ વર્ષ પાસ કરે છે. શ્વેતાને પ્રેમ



કરતા યુવકો અનિલ અને મનોજના સ્વાભાવમાં આસમાન જમીનનો ફેર છે, બન્ને એકબીજાથી સાવ વિપરીત સ્વભાવ ધરાવે છે. અનિલ સ્વભાવમાં ઉગ્ર અને ઈર્ષાળુ છે જ્યારે મનોજ સ્વભાવમાં શાંત અને મદદગાર પ્રકૃતિનો છે. કોલેજના બીજા વર્ષના પ્રારંભમાં અનિલ મનોજને કોલેજની કેન્ટીનમાં મળવા માટે બોલાવે છે અને કહે છે કે હું શ્વેતાને ખુબ જ પ્રેમ કરૂ છુ એટલે હવે તુ મારા રસ્તામાં ન આવતો નહિતર ક્યાંય ગોત્યોય હાથ નહી આવે. હું તારી ધમકીથી ડરી જાવ તેવો નથી, તારા જેવા કેટલાય લોકો આવીને જતા રહ્યા છે. રહી વાત શ્વેતાને ભુલવાની તો તું એ વાત ભુલી જજે કે હું શ્વેતાને ભુલી જઈશ, શ્વેતા મારો શ્વાસ છે, મારો વિશ્વાસ છે અને મારો પ્રાણ છે તેમ ધીમ પરંતુ મક્કમ અવાજમાં મનોજે જણાવ્યુ. અનિલ અને મનોજ વચ્ચે જ્યારે કોલેજની કેન્ટીનમાં ઉગ્ર બોલાચાલી ચાલતી હોય છે ત્યારે શ્વેતા તેની બહેનપણીઓ સાથે કેન્ટીનમાં આવે છે અને તેને પામવા માટે ઝગડતા બન્ને યુવકોને જુએ છે. શ્વેતાને જોતાની સાથે જ અનિલ અને મનોજ ચુપચુપ પોતાની જગ્યા પર જઈને બેસી જાય છે અને થોડીવારમાં ત્યાથી બહાર નિકળી જાય છે. કોલેજની બહાર નિકળતાની સાથે જ ફરીથી અનિલ મનોજની પાસે પહોંચી જાય છે અને ધમકી આપતા કહે છે જો તું શ્વાતાને નહી ભુલે તો હું તને બરબાદ કરી નાખીશ, તને ક્યાંયનો નહી રહેવા દઉ. તેમ છતાં પણ મનોજ શાંત રહે છે અને માત્ર એટલુ જ કહે છે કે આપણે બન્ને શ્વેતાને પ્રેમ કરીએ છીએ પણ શ્વેતા તો એક ને જ મળશે ત્યારે અનિલ ઉગ્રતાથી કહે છે કે શ્વેતા તો મારી જ છે અને તેના માટે હું કોઈને મારતા પણ નહિ અચકાઈસ નહી. મનોજના આ શબ્દો શ્વેતા સાંભળી જાય છે અને ગુસ્સે થઈને શ્વેતા કહે છે કે, અનિલ આ તે શું માંડ્યુ છે કે શ્વેતા તો મારી જ છે, તું કહેવા શું માંગે છે? અનિલે જણાવ્યુ કે હું તને પ્રેમ કરૂ છુ. તું પ્રેમ કરતો હોય તો તારે મને આવીને કહેવું જોઈએ કે મનોજને તેવો શ્વેતાએ પ્રશ્ન કર્યો. અનિલે કહ્યુ કે, આ મનોજ પણ તને પ્રેમ કરે છે, એ તને પરેશાન ન કરે એટલે હું તેને સમજવાતો હતો. મને બધી ખબર પડે છે તારે મારૂ ધ્યાન રાખવાની કાંઈ જરૂર નથી, પ્રેમ તો દિલથી થાય ધમકાવાથી કાંઈ પ્રેમ ન મળે તેમ કહીને શ્વેતા ત્યાંથી ઘરે જવા માટે નિકળી જાય છે. આ ઘટના પછી રાત્રે મનોજને ઉંઘ નથી આવતી અને તે મોડી રાત્રે શ્વેતાને મોબાઈલ પર મેસેજ કરીને માંફી માંગે છે કે મારા કારણે તારૂ કોલેજમાં નામ બદનામ થયુ. બીજા દિવસે સવારે શ્વેતા કોલેજ આવવા માટે ઘરેથી નિકળી છે ત્યારે મનોજ શ્વેતા પાસે પહોંચી જાય છે અને કહે છે કે હું તને મારા પ્રાણથી પણ વધુ પ્રેમ કરૂ છુ અને જરૂર પડ્યે તને અનિલથી બચાવવા માટે મારા પ્રાણ આપવા પડે તો પણ તૈયાર છુ. આ તું શુ બોલે છે તેમ શ્વેતાએ કહ્યુ ત્યારે મનોજે કહ્યુ કે, અનિલ તને કોઈ પણ ભોગે મેળવવા માંગે છે અને જો તું અનિલને બદલે બીજા કોઈને પ્રેમ કરીશ તો અનિલ તને પામવા માટે તારા પ્રેમીની હત્યા કરતા સહેજ પણ નહિ અચકાય. આ સાંભળીને શ્વેતા સ્તબ્ધ થઈ જાય છે અને એક પણ શબ્દ બોલી શકતી નથી. થોડીવાર શાંત રહીને શ્વેતા મનોજનો હાંથ પરકડીને સીધે કોલેજના કેમ્પસમાં લઈ આવે છે અને અનિલને બોલાવે છે. અનિલને જોતાની સાથે જ શ્વેતા ઉંચા અવાજમાં કહે છે કે, અનિલ હું મનોજને ખુલ્લેઆમ પ્રેમ કરૂ છુ, તારાથી જે થાય તે કરી લેજે. શ્વેતાનું રણચંડી જેવુ સ્વરૂપ જોઈને અનિલ ધીમા અવાજમાં કહે છે કે પ્રેમ તો હું પણ તને કરૂ છુ ત્યારે શ્વેતાએ સ્પષ્ટ કહી દિધુ કે, તે મને પામવા માટે ભયનો સહારો લીધો જ્યારે મનોજે મને પામવા માટે પ્રેમનો સહારો લીધી છે. ભયભીત કરે તે નહિ પરંતુ ભય મુક્ત કરે એ સાચો પ્રેમ છે. હું પણ મનોજને જ પ્રેમ કરૂ છું.

સોહરાબુદ્દીન એન્કાઉન્ટરમાં અમિત શાહ ને ૮૦ લાખ અને વણઝારાને ૬૦ લાખ મળ્યા. ...!?

મુંબઈ

ગુજરાતના ચર્ચાસ્પદ સોહરાબુદ્દીન-તુલસી એક્રાઉન્ટર કેસમાં મુંબઈની સીબીઆઈ સ્પેશ્યલ કોર્ટમાં મુખ્ય તપાસ કરનાર અધિકારી સીબીઆઈ એસપી અમિતાભ ઠાકુરનું નિવેદન નોંધવામાં આવ્યું ત્યારે રાજકીયક્ષેત્રે સનસનાટી મચી જાય એવું ચોકાવનારું નિવેદન આપ્યું કે સોહરાબુદ્દીન શેખ નું એક્રાઉન્ટર રાજકીય અને આર્થિક લાભ માટે કરવામાં આવ્યું હતું. આ લાભ અમિત શાહ , ડીજી વણઝારા , રાજકુમાર પાંડિયન, અભય ચુડાસમા અને દિનેશ એમ એન ને થયો હતો.

મુંબઈની કોર્ટમાં છેલ્લા ઘણા સમયથી આ કેસ ચાલી રહ્યો છે. જેમાં સુનાવણી વખતે સોમવારે આ કેસના ચીફ આઈઓ ઠાકુરની જુબાની લેવાઈ હતી. ઠાકુરે કોર્ટને જણાવ્યું કે એક્રાઉન્ટર બાદ પોપ્યુલર બિલ્ડર ના માલિક રમણ પટેલ અને દશરથ પટેલ પાસેથી ડીજી વણઝારાએ ૬૦ લાખ અને અમિત શાહે ૮૦ લાખ લીધા હતા. બચાવ પક્ષ દ્વારા એ પુછવામાં આવ્યું કે સોહરાબુદ્દીન એક્રાઉન્ટર સાથે તેનો શો સંબંધ છે ત્યારે ઠાકુર કોઈ સ્પષ્ટ જવાબ આપી શક્યા નહોતા. બચાવ પક્ષની ઉલટ તપાસ માં ઠાકુરે કહ્યું કે રાજકીય અથવા આર્થિક લાભ મળ્યાં નો આ પાંચ ની સામે સ્પેસિફિક કોઈ પુરાવા નથી.

ઠાકુરે કોર્ટમાં બચાવ પક્ષ દ્વારા પૂંછતા કહ્યું કે આ કેસ નો હેતુ પોલીટીકલી અને આર્થિક લાભ માટેનો હતો. અત્યારે કોર્ટમાં જે ૨૨ આરોપીઓ ટ્રાયલનો સામનો કરી રહ્યાછે તેમાંથી કોઈને પણ સોહરાબુદ્દીન એક્રાઉનટરથી કોઈ રાજકીય કે આર્થિક લાભ મળ્યો નથી. તેમણે બચાવ પક્ષના વકીલ ના પ્રશ્નના જવાબમાં કહ્યુંકે કે સોહરાબુદ્દીન ની લાશ પાસેથી જે રિવોલ્વર મળી આવી તે ક્યાંથી ખરીદવામાં આવી કે ક્યાંથી લાવવામાં તેની કોઈ તપાસ થઈ નહોતી અને તે સંબધિત કોઈ પુરાવા કે સાક્ષ્ય નથી. એ તપાસ પણ કરવામાં નહોતી આવી કે એ રિવોલ્વર નો તે પહેલા ક્યારેક ઉપયોગ થયો હતો કે કેમ. ઠાકુરે એ બાબત નો પણ ખૂલાસો કર્યોકે એવી તપાસ પણ થઈ નહોતી કે સોહરાબુદ્દીનના શરીરમાથી મળી આવેલી ગોળી રાજસ્થાન પોલીસની સર્વિસ રિવોલ્વરમાંથી ચલાવામાં આવી હતી કે કેમ.

સોહરાબુદ્દીન નું એક્રાઉન્ટર થયા બાદ પોલીસ દ્વારા દાખલ કરાયેલી એફઆઈઆર કોના દ્વારા તૈયાર કરીને લખવામાં આવી હતી તે અંગે પણ ઠાકુર કોઈ સ્પષ્ટ જવાબ આપી શક્યા નહોતા. તેમણે કોર્ટને કહ્યું કે એફ આઈ આર લખનાર અંગે સીબીઆઈ દ્વારા કોઈ તપાસ થઈ નહોતી, એટલુંજ નહિ પરંતુ તેના પર કોઈના હસ્તાક્ષર કેમ નથી તેની પણ તપાસ થઈ નહોતી.

સીબીઆઈ ચાર્જશીટ અનુસાર સોહરાબુદ્દીન ના અપહરણ બાદ પોલીસે તુલસી ને વલસાડથી ઉદયપુર લઈ જઈ ને ૩ દિવસ ગેરકાયદે પોતાની અટકમાં રાખ્યો હતો, આ અંગે બચાવ પક્ષના વકીલ દ્વારા સવાલ કરાતા ઠાકુરે કહ્યું કે તપાસમાં આ વાત આઝમ ના નિવેદનોમાં આવી હતી. તેના વકીલે તેમના દ્વારા જ લેવામાં આવેલા પોલીસ અધિકારી ભંવર સિંહ હાડા અને સુધીર જોશી ના નિવેદન કોર્ટને દર્શાવાયા. જેમાં ઉલ્લેખ હતો કે તુલસી ને ૨૯ નવેમ્બર ૨૦૦૫ ના રોજ બાતમીદારની બાતમીના આધારે ભીલવાડાથી પકડવામાં આવ્યો હતો. સાક્ષીઓ ના નિવેદનમા આ વિરોધાભાસનો કોઈ જવાબ ઠાકુર આપી શક્યા નહોતા.

શુકલતીર્થના મેળા દરમ્યાન રોગચાળો અટકાવવા સહિતની અન્ય કાળજી રાખવા જરૂરી સૂચના

શુકલતીર્થના મેળામાં હાથલારીઓ નિયત જગ્યાએ જ ઊભી રાખવી

ભરૂચ તાલુકાના શુકલતીર્થ ગામે પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે કાર્તિકી પુનમનો મેળો તા.૧૯/૧૧/૨૦૧૮ થી તા.૨૫/૧૧/૨૦૧૮ સુધીના સમયમાં જાહેર મેળો ભરાશે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી મોટા પ્રમાણમાં સમુદાય એકત્રીત થશે. જેથી મેળામાં હાથ લારીઓમાં માલ સામાન રાખી વેપાર કરનાર વેપારીઓ ઉપર નિયંત્રણ મુકવા માટે જે જગ્યાએ લારીઓ ઉભી રાખવા નકકી કરેલ હોય તે જગ્યા સિવાય અન્ય જગ્યાએ લારીઓ ઉભી રાખી વેપાર કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે. જેથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આઈ.જે.માળીએ એક હુકમ તા.૧૯/૧૧/૨૦૧૮ થી તા.૨૫/૧૧/૨૦૧૮ સુધીના સમય માટે (બંને દિવસો સહિત) શુકલતીર્થ ગામના મેળામાં કોઈપણ ઈસમોએ પોતાની હાથ લારીઓ મેળામાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવવી નહિ. પરંતુ પોલીસ ખાતા અગર ગ્રામ પંચાયત તરફથી નિયત કરેલ જગ્યાએ જ ઉભી રાખવાની રહેશે. આ હુકમનો ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલા લેવામાં આવશે.

શુકલતીર્થના મેળા દરમ્યાન નર્મદા નદીમાં નિયત કરેલ હદની અંદર જ સ્નાન કરવું.

નિયત ઘાટની હદની બહાર સ્નાન કરવા ઉપર પ્રતિબંધ

શુકલતીર્થ ગામે તા.૧૯/૧૧/૨૦૧૮ થી તા.૨૫/૧૧/૨૦૧૮ દરમિયાન પ્રતિવર્ષની માફક જાહેર મેળો ભરાશે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી તેમજ સમગ્ર અન્ય રાજયોમાંથી પણ ઘણી મોટી સંખ્યામાં લોકો એકત્રીત થાય છે. તથા શુકલતીર્થ મુકામે આવેલ નર્મદા નદીના ઘાટ પર સ્નાન કરે છે. નર્મદા નદીના પાણી ઉંડાં હોવાથી તેમજ નદીમાં ખાડા પડેલ હોવાથી અકસ્માત થવાની શકયતા છે. જેથી નર્મદા નદીના અમુક વિસ્તારમાં સ્નાન કરવા પર નિયમન કરવાનું આવશ્યક જણાય છે. જેથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આઈ.જે.માળીએ એક જાહેરનામા તા.૧૯/૧૧/૨૦૧૮ થી તા.૨૫/૧૧/૨૦૧૮ (બંને દિવસો સહિત) સમયમાં શુકલતીર્થ, કબીરવડ, તથા મઢી મુકામેના નર્મદા નદીના ઘાટથી ગ્રામ પંચાયત તથા પોલીસ ખાતા તરફથી નકકી થયેલ હદની અંદર જ લોકોએ સ્નાન કરવું તથા નિયત ઘાટની હદની બહાર સ્નાન કરવા પર પ્રતિબંધ મુક્યો છે.

શુકલતીર્થ ગ્રામ પંચાયતની હદમાં જાહેર માર્ગો કે રસ્તાઓ ઉપર દારૂખાનુ ફોડવા પર પ્રતિબંધ

શુકલતીર્થ ગામે પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે કાર્તિકી પુનમનો મેળો તા.૧૯/૧૧/૨૦૧૮ થી તા.૨૫/૧૧/૨૦૧૮ સુધીના સમયમાં જાહેર મેળો ભરાશે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી મોટા પ્રમાણમાં સમુદાય એકત્રીત થશે અને ઘાસ, કામળા, વાંસ, વિગેરેથી માંડવા તૈયાર કરવામાં આવશે. જેથી ઉપરોકત દિવસો દરમ્યાન શુકલતીર્થ ગામની હદમાં કોઈપણ વ્યકિતએ ફટાકડા દારૂખાનું જાહેર રસ્તા ઉપર ફોડવાથી જાહેર સલામતિને અવરોધ તથા ટ્રાફીકને અડચણ થાય તેવો પૂરો સંભવ છે. જેથી જાહેર માર્ગો રસ્તાઓ ઉપર ફટાકડા, દારૂખાનું ફોડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે. જેથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આઈ.જે.માળીએ એક જાહેરનામા ઉપરોકત જણાવેલ તારીખના દિવસો દરમ્યાન શુકલતીર્થ ગ્રામ પંચાયતની હદના માર્ગો/રસ્તાઓ ઉપર દારૂખાનું ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉકત યાદીની કલમ -૧૩૧ પ્રમાણે સજા અને દંડને પાત્ર થશે.

શુકલતીર્થના મેળા દરમ્યાન રોગચાળો અટકાવવા દરેક વ્યકિતને કાળજી રાખવી જરૂરી

શુકલતીર્થ ગામે કાર્તિકી પુનમનો મેળો તા.૧૯/૧૧/૨૦૧૮ થી તા.૨૫/૧૧/૨૦૧૮ સુધી જાહેર મેળો ભરાશે. અભિપ્રાય મુજબ કેટલાક કૃત્યોથી ચેપી રોગચાળો ફાટી નિકળવાનો પુરો સંભવ છે. તેથી દરેક વ્યકિતએ કેટલાક નિયમોનું પાલન કરવું જરૂરી છે. જેમાં જે સ્થળે પાણી પીવા માટે નિયત કર્યા હોય તેની નજીકમાં ૧૨ ફૂટના વિસ્તારમાં અથવા જે તે જગ્યા ઉપર ન્હાવું ધોવું કે, કપડા ધોવા કે જાનવરોને નવડાવવા નહિ અને વાહનો ધોવા નહિ, યાત્રાના સ્થળે નિયત કરેલ જગ્યા સિવાય અન્ય જગ્યાઓ પર ઝાડો પેશાબ કરવા નહિ, ગંધાતા વાસી, અને ઉતરી ગયેલા અગર માનવખાધ માટે બિન ઉપયોગી એવા ફળફળાદિ પીણા તથા ખોરાક વેચવા નહિ, ખાનપાનની દુકાનો, હોટલો, રેસ્ટોરન્ટ તથા પોતાની દુકાનો અસ્વચ્છ અને ગંદી રાખવી નહિ, યાત્રાળુઓ કોલેરા, શીતળા, પ્લેગ જેવા ચેપી રોગથી પીડાતા હોય તેમને ફરજ પરની સેનેટરી ઈન્સ્પેકટર પાસેથી તેવા રોગ અટકાવવા માટેની દવા-ઈન્જેકશનો વિગેરે અગાઉથી લીધા વગર યાત્રામાં આવવું નહિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આઈ.જે.માળીએ એક જાહેરનામા ધ્વારા શુકલતીર્થ અને જયાં આજુબાજુના ગામોમાં જયાં જયાં યાત્રા ભરાતી હોય તેવા સ્થળોમાં કેટલાક કૃત્યો કરવા સંબંધી જણાવેલ શરતો અને સુચનાનો ચુસ્તપણે અમલ કરવા કેટલાંક નિયંત્રણો મુકાયા છે.

નિયમોનો જે કોઈ વ્યકિત ભંગ કરશે અથવા તેમ કરવામાં મદદ કરશે અથવા તેમ કરવામાં મદદ કરશે તેને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અનુસાર ત્રણ માસની કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનાદંડ અગર બંને શિક્ષાને પાત્ર થશે. આ હુકમ તા.૧૯/૧૧/૨૦૧૮ થી તા.૨૫/૧૧/૨૦૧૮ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે તેમ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચે એક જાહેરનામા ધ્વારા જણાવ્યું છે.

સુપ્રીમ કોર્ટમાં એક પીઆઈએલ દાખલ કરવામાં આવી છે, વાંચો કથિત વિગત અને કરો મૂલ્યાંકન

(૧) ધારાસભ્યોએ પેન્શન મેળવવું જોઈએ નહીં કારણ કે રાજકારણ નોકરી અથવા રોજગાર નથી, પરંતુ એક મફત સેવા છે. રાજકારણ જાહેર પ્રતિનિધિત્વ અધિનિયમ હેઠળ ચૂંટણી છે, ત્યાં નિવૃત્તિ નથી પરંતુ તેઓ ફરીથી ચૂંટાઈ શકે છે. આમાં બીજું મોટું છેતરપિંડી એ છે કે જો કોઈ વ્યક્તિ કાઉન્સિલર હોય તો તે વિધાનસભા બને છે અને પછી એમપી બને છે, તે ત્રણ પેન્શન મેળવે છે પરંતુ એક પણ નહીં. તે દેશના નાગરિકો સાથે એક મોટો વિશ્વાસઘાત છે જે તાત્કાલિક બંધ થવો જોઈએ.

(૨) સેન્ટ્રલ પે કમિશન સાથે, એન એમ ધારાસભ્યોના પગારમાં સુધારો કરવો જોઈએ. અને તેમને આવકવેરાના નિયમ હેઠળ લાવવામાં આવે છે.
હાલમાં, તેઓ પોતાની જાતને મત આપીને પગાર અને ભથ્થામાં વધારો કરે છે. અને તે સમયે તમામ પક્ષોનું સ્વર એકીકૃત થઈ જાય છે.

(૩) સાંસદો અને ધારાસભ્યોએ તેમની હાલની આરોગ્ય સંભાળ વ્યવસ્થાને કાઢી નાખવી જોઈએ અને ભારતીય જાહેર આરોગ્યની જેમ આરોગ્ય સંભાળ વ્યવસ્થામાં ભાગ લેવો જોઈએ. વિદેશમાં કરવામાં આવે તો સારવાર વિદેશમાં થવી જોઈએ નહીં, તે તમારા પોતાના ખર્ચે કરવામાં આવે છે.

(૪) વીજળી, પાણી, ફોન બિલ સહિત તમામ છૂટછાટો બંધ કરવી જોઈએ. (તેમને ઘણી બધી છૂટ મળી પરંતુ તેઓ વારંવાર તેને વધારી રહ્યા છે)

(૫) ચૂંટણી લડતા ફોજદારી નેતાઓને રોકવા માટે. સજાગ બનો ગુનેગારોને સંસદની અને એસેમ્બલી માટે પ્રતિબંધિત કરવા જોઈએ. ઓફિસમાં રાજકારણીઓને કારણે નાણાકીય નુકસાન તેમના પરિવારો અને સંપત્તિમાંથી એકત્રિત કરવામાં આવે છે.

(૬) સાંસદો અને એન એમ ધારાસભ્યોએ સામાન્ય ભારતીયને લાગુ પડતા તમામ કાયદાઓનું પાલન કરવું જોઈએ.

(૭) સાંસદો અને ધારાસભ્યોને મળતા સબ્સિડીઝ, સંસદમાં સબસિડીયુક્ત ખોરાક કેટેનનને પાછું ખેંચી લેવું જોઈએ. સંસદમાં એન એસેમ્બલી સેવા આપવી એ લુટિંગ માટે આકર્ષક કારકિર્દી નથી.

(૯) મફત રેલ અને હવાઈ મુસાફરી બંધ કરી દેવામાં આવશે

(૧૦) ચૂંટણી લડવાની તેમની પાસે નિવૃત્તિની ઉંમરની મર્યાદા હોવી જોઈએ.

(૧૧) ચૂંટણી લડવા માટે તેમની પાસે ઓછામાં ઓછા સ્નાતકની ડિગ્રી હોવી જોઈએ. જો દરેક વ્યક્તિ ઓછામાં ઓછા વીસ વ્યક્તિઓને આગળ ધપાવે છે, તો તે બધા સુધી પહોંચવા ફક્ત ત્રણ દિવસનો સમય લેશે.

ભાજપના મનમાં રામ અને બગલમાં નાથુરામ છે, ભાજપ સરકાર દેશ અને લોકતંત્રની રોજ હત્યા કરે છે:ડૉ.મોહંતી



- **આઝાદી સમયે લોકો લડાઈ લડી રહ્યા હતા ત્યારે આર.એસ.એસ ના નેતાઓ બીલમાં છુપાઈ દેશની દલાલી કરતા હતા:ડૉ.મોહંતી,કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી**
- **ખેડૂતો અધિકાર માટે આગળ આવે છે ત્યારે એમને ગોળી મારવામાં આવે છે,હાલ ભારતની મહિલાઓ સુરક્ષિત નથી:ડૉ.મોહંતી**
- **જે રામની પૂજા કરતા હતા એવા મહાત્મા ગાંધીના હત્યારા નાથુરામ ગોડસેનું ભાજપે મંદિર બનાવ્યું:ડૉ.મોહંતી**
- **ભાજપ દેશની જાતિઓને લડવી સત્તામાં આવી, ચોકીદાર મોદીએ દેશને લૂંટવામાં ભાગીદારી કરી:ડૉ.મોહંતી**
- **ભાજપ પાસે કોઈ મહાપુરુષ નથી એટલે જ એમણે કોગ્રેસના નેતા સરદાર પટેલની પ્રતિમા બનાવી,એમના નેતાઓ તો દેશની દલાલી કરતા હતા:ડૉ.મોહંતી**
- **આઝાદી માટે આર.એસ.એસ કે ભાજપના નહિ પણ કોંગ્રેસના નેતાઓએ બલિદાન આપ્યું:પી.ડી.વસાવા.. ધારાસભ્ય નાંદોદ**
- **ભાજપે રામ મંદિરના નામે અંદર અંદર લડાવ્યા,રામ મંદિર એમના માટે મત મેળવવાનું સાધન:પી.ડી.વસાવા.. ધારાસભ્ય નાંદોદ**
- **રાજપીપળા અને તિલકવાડામાં નર્મદા જિલ્લા કોંગ્રેસનું સ્નેહમિલન સંમેલન યોજાયું,કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી ડો.મોહંતી અને ધારાસભ્ય પી.ડી.વસાવાએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા.**

રાજપીપળા:રાજપીપળા અને તિલકવાડા ખાતે નર્મદા જિલ્લા કોંગ્રેસ સમિતિનું અખિલ ભારતીય કોંગ્રેસ કમિટીના મહામંત્રી અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સહપ્રભારી ડૉ.મોહંતીની અધ્યક્ષતામાં સ્નેહમિલન સંમેલન યોજાયું હતું.જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી હરેશ વસાવા,નાંદોદ ધારાસભ્ય પી.ડી.વસાવા,નર્મદા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હરેન્દ્ર વાળંદ,કાર્યકારી પ્રમુખ નિકુંજ પટેલ,માયનોરિટી કોંગ્રેસ પ્રમુખ ઈમ્તિયાઝ અલી કાદરી સહિત મોટી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.રાજપીપળાના સરદાર ટાઉનહોલ ખાતે યોજાયેલા આ સંમેલનમાં કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી ડો.મોહંતી અને ધારાસભ્ય પી.ડી.વસાવાએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા.

કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી ડો.મોહંતીએ જણાવ્યું હતું કે ભાજપના મનમાં રામ અને બગલમાં નાથુરામ છે,મહાત્મા ગાંધી રામની પૂજા કરતા હતા એમના જ હત્યારા નાથુરામ ગોડસેનું ભાજપે મંદિર બનાવ્યું છે.ભાજપ સરકાર દેશ અને લોકતંત્રની રોજ હત્યા કરે છે.આઝાદી સમયે લોકો લડાઈ લડી રહ્યા હતા ત્યારે આર.એસ.એસ ના નેતાઓ બીલમાં છુપાઈ દેશની દલાલી અને બ્રિટિશરોની ગુલામી કરતા હતા.ગુજરાતમાં ખેડૂતો અધિકાર માટે આગળ આવે છે ત્યારે એમને ગોળી મારવામાં આવે છે,હાલના સમયમાં ભારતની મહિલાઓ બિલકુલ સુરક્ષિત નથી.ભાજપ દેશની જાતિઓને લડવી સત્તામાં આવી છે,પોતાને દેશના ચોકીદાર ગણાવતા મોદીએ જ દેશને લૂંટવામાં વિજય માલ્યા અને નીરવ મોદી સાથે ભાગીદારી કરી છે.ભાજપ પાસે કોઈ મહાપુરુષ નથી એટલે જ એમણે કોગ્રેસના નેતા સરદાર પટેલની પ્રતિમા બનાવી છે,પણ સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં જેની પણ જમીન ગઈ છે એમને રોજગારી અને નોકરીમાં પ્રાથમિકતા મળવી જોઈએ.મોદી સરકારે યુવાનોને રોજગારી આપી હોવા સહિત વિકાસના કામો કર્યા હોવાના તમામ સરકારી આંકડાઓ ખોટા છે.ભારત દેશમાં હજારો એકર રસ્તાઓ પર રેલવે લાઈન નથી ત્યાં તો લોકોને બુલેટ ટ્રેનના સપના બતાવ્યા છે.

જ્યારે નાંદોદના ધારાસભ્ય પી.ડી.વસાવાએ જણાવ્યું હતું કે આઝાદી માટે આર.એસ.એસ કે ભાજપના નહિ પણ કોંગ્રેસના નેતાઓએ બલિદાન આપ્યું છે,આઝાદી સમયે એમના નેતાઓ તો જેલમાંથી બહાર નીકળવા બ્રિટિશરોની કાલા વાલા કરતા હતા.ભાજપે રામ મંદિરના નામે અંદર અંદર લોકોને લડાવ્યા જ છે રામ મંદિર એમના માટે મત મેળવવાનું સાધન બની ગયું છે.કોંગ્રેસ સરકારે જે ૫૦૦ કરોડમાં રાફેલ વિમાનનો સોદો કર્યો એનો ભાજપ સરકારે ૧૬૦૦ કરોડમાં ખરીદી કરવા નક્કી કર્યું.ભાજપે વર્ષોથી લડાકુ વિમાન બનાવતી કંપનીને બાજુએ મૂકી રિલાયન્સ કંપની સાથે લડાકુ વિમાન બનાવવા સોદો કર્યો,આ સોદા કર્યાના ૧૫ દિવસ બાદ રિલાયન્સ કંપનીનું રજીસ્ટ્રેશન થયું છે.

ફુડ એન્ડ સેફટી સ્ટાન્ડર્ડ એકટ ઓથોરીટી ઓફ ઈન્ડીયા દ્વારા સ્વસ્થ ભારત યાત્રાના બેનર હેઠળ સાયકલ યાત્રાનું આયોજન

ભરૂચ: ભારત સરકારના ફુડ એન્ડ સેફટી સ્ટાન્ડર્ડ એકટ ઓથોરીટી ઓફ ઈન્ડીયા દ્વારા સ્વસ્થ ભારત યાત્રાના બેનર હેઠળ સાયકલ યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. આ સાયકલ યાત્રા જુદા જુદા રાજ્યોના પ્રવાસ પૂર્ણ કરી ભરૂચ જિલ્લામાં પધારનાર છે જેના ભાગરૂપે આ સાયકલવીરોના સન્માન કરવાના હેતુથી તા.૨૨/૧૧/૨૦૧૮ ના રોજ સાંજે ૦૬:૩૦ કલાકે પંડિત ઓમકારનાથ ઠાકુર કલાભવન ટાઉનલ હોલ, શકિતનાથ - ભરૂચ ખાતે સાંસદ મનસુખભાઈ વસાવા, ભરૂચના ધારાસભ્ય દુષ્યંતભાઈ પટેલ અને વાગરાના ધારાસભ્ય અરૂણસિંહ રણા સ્વાગત અને પ્રમાણપત્ર વિતરણ કરશે.

તા.૨૩/૧૧/૨૦૧૮ સવારે ૦૬:૩૦ કલાકે મેરેથોન દોડ, પંડિત ઓમકારનાથ ઠાકુર કલાભવન ટાઉનલ હોલ, શક્તિનાથ પાસે - ભરૂચ થી શ્રવણ ચોકડી થઈ પરત ટાઉન હોલ ભરૂચ આવશે અને સવારે ૦૭:૩૦ કલાકે પ્રભારતફેરી પંડિત ઓમકારનાથ ઠાકુર કલાભવન ટાઉનલ હોલ, શક્તિનાથ - ભરૂચ થી કલેક્ટર કચેરી થઈ સિવિલ હોસ્પિટલ થઈ શક્તિનાથ પરત ટાઉન હોલ - ભરૂચ ખાતે આવશે તેમજ સવારે ૦૮:૩૦ થી ૧૧:૩૦ પબ્લિક મીટીગ મેડીકલ ચેક-અપ, બ્લડ ડોનેશન કેમ્પ તથા સાંસ્કૃત્તિક પ્રોગ્રામ યોજાશે. તા.૨૪/૧૧/૨૦૧૮ સવારે ૦૮:૦૦ કલાકે ફલેંગ ઓફ સેરેમની પંડિત ઓમકારનાથ ઠાકુર કલાભવન ટાઉનલ હોલ, શક્તિનાથ - ભરૂચ ખાતે થશે.

પાલીગામનો પ્લોટ ખરીદનાર શ્રમજીવી સાથે ૬.૪૨ લાખની ઠગાઈ

ત્રાહિતની માલિકીના પ્લોટ શ્રમજીવીને વેચી દેવાયો

સુરત

સચીન-પાલી ગામ ગોપાલવાડા સોસાટીમાં પ્લોટ ધારકની બોગસ સહીઓ કરી અંગૂઠાઓ કરી બોગસ આઈડી પ્રૂફ રજૂ કરી અવેજ પેટે ૬.૪૨ લાખ લઈને ગજવે ઘાલી મજૂરી કામ કરતા યુવક સાથે વિશ્વાસઘાત કરી ફરાર થઈ યા હોવાનો બનાવ સચીન જીઆઈડીસી પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સચીન જીઆઈડીસી પાલીગામ ખાતે આવેલા કૈલાશ નગર ખાતે અરવિંદભાઈ રાજેન્દ્ર પ્રસાદ મૌર્યા રહે છે. તેઓ છૂટક મજૂરી કામ કરે છે. મૂળ ઉત્તર પ્રદેશના જોનપુર જિલ્લાના વતની અને છૂટક મજૂરી કામ કરતા અરવિંદભાઈ પાસેથી ગોપાલવાડા સોસાયટીના પ્લોટ નંબર-૦૭ તથા ૭૬નો સોદો કરી વેચાણ પેટે રૂા. ૬.૪૨ લાખ ખંખેરી લઈ દિવ્યેશ નામના બોગસ ઈજાને ઊભો કરી તેના બોગસ સહી-સીક્કાઓ કરાવી આઈડી પ્રુફ મેળવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી રજિસ્ટ્રાર કચેરીમાં ખોટા દસ્તાવેજો રજૂ કરી આરોપી ક્રિષ્ણા દૂબે દિવ્યેશ માવાવાલા, પ્રેમલ શાંતિલાલ મોટીવાળા એ મજૂર સાથે છેતરપિંડી ફરાર થઈ ગયા હતા. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આંગણમાં બોલ રમતા ભાઈપર કુહાડીથી હુમલો

સુરત

સરવણ ગામ ફોકડી નિશાળ ફળિયા ખાતે રહેતા એક યુવક પર કુહાડી વડે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હોવાનો બનાવ ઉરપાડા પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ઉમરપાડા તાલુકાના સરવણ ગામના ફોકડી નિશાળ ફળિયા ખાતે મથુરભાઈ વાલજીભાઈ વસાવા રહે છે. ગતરોજ મથુરભાઈ વસાવા પોતાના પૌત્ર વિનેશને આંગણામાં બોલ રમાડતો હતો. આ દરમિયાન તેનો સગોભાઈ અમીર વાલજીભાઈ વસાવા આવીને જમવાનું માગ્યું હતું. ત્યારબાદ મથુરભાઈ વસાવાએ તેની પત્ની ઝમકુબેનને જમવાનું આપવાનું જણાવતા અમીરભાઈએત્યાં જમી લીધા બાદ મથુરભાઈ વસાવા પાસે આવીન જણાવ્યું હતું કે, તુ મને કેમ ખાવાનું આપતો ન હતા? તેમ જણાવી કુહાડીએ મથુરભાઈ વસાવા પર હુમલો કરી ગળાના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હતો.

ઈજાગ્રસ્ત સગાભાઈને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવતા તેમણે ભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઈદ એ મિલાદ : જે દેશ માં રહો તેના વફાદાર રહો તે સંદેશ મોહોમ્મદ પયગંબર સાહેબે આપ્યો જે લોકો સુધી પોહચાડવાનો આજે પ્રયાસ કર્યો છે :શાહનવાઝભાઈ



નર્મદા જિલ્લા માં મોહદ્દીસે આઝમ મિશન દ્વારા બાળકો ને ચોકલેટ વિતરણ

મોહોમ્મદ પયગંબર સાહેબ આખા જગત માટે રહેમત - મૌલાના ઈર્શાદ પઠાણ

રાજપીપળા : આજે સમગ્ર વિશ્વમાં ઈસ્લામના મહાન પયગંબર મોહંમદ પયગંબર સાહેબ નો જન્મ દિવસ અકિદતમંદો દ્વારા ખૂબ ધામધૂમ થી ઉજવવામાં આવે છે, ગરીબમાં ગરીબ વ્યક્તિ પણ પોતાની બનતી કોશિશ થકી આજના દિવસ ને ધામધૂમ થી ઉજવતો હોય છે

આજરોજ રાજપીપલા ખાતે મોહદ્દીસે આઝમ મિશન દ્વારા શાળા તેમજ આંગણવાડીમાં ચોકલેટ વિતરણ કરી ઈદ એ મિલાદ ની ઉજવણી કરવામાં આવી આ પ્રસંગે રાજપીપલા બ્રાન્ચ ના પ્રમુખ શાહનવાઝ પઠાણ , ઉપ્રમુખ તેમજ

મોહોમ્મદ પયગંબર સાહેબ ના જન્મ દિન નિમિત્તે મોહદ્દીસે આઝમ મિશનના વડા હઝરત હસન અસ્કરી બાબા ના આદેશ અનુસાર સમગ્ર વિશ્વ માં કાર્યક્રમ

કાર્યકર્તાઓએ આંગણવાડી ની મુલાકાત લઈ ભૂલકાઓને ચોકલેટ વિતરણ કર્યું હતું ઉપરાંત રાજપીપલાની એકમાત્ર કન્યા વિનય મંદિર ખાતે શાળાની વિદ્યાર્થીનીઓ ને પણ શાળા ના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ જતીન ભાઈ વસાવા, શાળાના શિક્ષકો ના હસ્તે ચોકલેટ વિતરણ કરાયું હતું.

આ પ્રસંગે મુસ્લિમ અગ્રણી અને જુમા મસ્જિદ ના ઈમામે જણાવ્યું હતું કે મોહંમદ પયગંબર સાહેબ તમામ માટે રહેમત બનાવી ને મોકલવામાં આવ્યા તેમજ જતીન ભાઈ વસાવા એ પોતાના શાબ્દિક પ્રવચન માં જણાવ્યું હતું કે આપણે આ પ્રસંગે મોહંમદ પયગંબર સાહેબ ના જીવન માં થી પ્રેરણા મેળવી જોઈએ.સંસ્થા દ્વારા જે કાર્ય કરવામાં આવે છે તે પ્રસંશનીય છે અને દેશ પ્રત્યે ની વફાદારી ની વાત કરવામાં આવી છે તે ઉદારત ભાવના છે.શાહનવાઝભાઈ એ જણાવ્યું હતું કે મોહમ્મદ પેગંબર સાહેબ નુ જીવન અને મોહમ્મદ પેગંબર સાહેબે બતાવેલ નિયમો લોકો ને જીવન જીવવા માટે સાચા મુલ્યો સૂચવે છે અને તેમણે જે દેશ માં રહો તેના વફાદાર રહો તે સંદેશ આપ્યો જે લોકો સુધી પોહચાડવાનો આજે પ્રયાસ કરવામાં આવ્યો છે.

રામપુરા ધનેશ્વર મંદિરના મહંતની હત્યામાં વિવાદ સ્થાનિક ખેડૂતો એ સંત્તો સામે બાંયો ચઢાવી

આજે સંતો કલેક્ટર કચેરીએ ધરણા કરવાની શક્યતા સામે : સ્થાનિક ખેડૂતોએ પણ નર્મદા ના તમામ સંતોની ગુનાહિત તપાસ ની માંગણી કરી આવતી કાલે સ્થાનિક ખેડૂતો પણ આંદોલન કરે એવી શક્યતાઓ

રાજપીપળા : નાંદોદ તાલુકાના રામપુરા ગામે આવેલા ધનેશ્વર મહાદેવ મંદિરના મહંત રામપ્યારેદાસ ત્યાગીની જમીન મુદ્દે હત્યાની ઘટના બાદ ૧૦ લોકો સામે ફરિયાદ નોંધવા છતાં સંતો મહંતો દ્વારા નર્મદા પોલીસ સામે અવિશ્વાસ નો આક્ષેપ કરી સીબીઆઈ તપાસ માંગી છે અને ત્રણ દિવસ નું અલ્ટીમેટમ માગ્યું છે. ત્યારે મહંતની હત્યા માં વિવાદ છંછેડાયો છે, પોલીસ એક બાજુ હુમલો કરનાર ની શોધખોળ કરી રહી છે ત્યારે બીજી બાજુ સંતો નું પોલીસ પર દબાણ કેટલે અંશે વ્યાજબી છે .

ત્યારે સંતોની આ કામગીરી થી સ્થાનિક ખેડૂતો પણ છંછેડાયા છે. આજે સંતો મોટી સંખ્યામાં જિલ્લા કલેટકર કચેરીએ ભેગા થવાના છે. જેમની સામે હવે સ્થાનિક ખેડૂતો પણ બાયો ચડાવી સંતોં સામે થયા છે. હવે આનું શુ પરિણામ આવે છે તે જોવું રહ્યું।

સાધુ સંતો પર થયેલ હુમલાને લઈને સાધુ સંતો ભેગા થઈ સંત પર હુમલો કરનારા ને ઝડપવા દબાણો કરે છે ત્યારે સરકાર ને પણ ૨૦૧૯ ની ચૂંટણીમાં જોઈ લઈશું કહી મોદી સરકાર ને પણ ગાળો ભાંડી દીધી અને આ મહંત નાં ોત ને રાજકીય રંગ આપાઈ રહ્યો છે ત્યો મૃતક મહંત રામપ્યારે દાસ દ્વા સ્થાકિ ખેડૂો અને મજૂરીએ આવતા મજૂરો પણ આ સંતના શિકાર બન્યા છે જેમના દ્વારા સંતો વધુ પડતું કરતા હોય નર્મદા તટે આવેલા આશ્રમો માં માત્ર ૧૦ ટકા સંતો હોય બાકીના કોણ છે કે જે સંતો બની સ્થાનિક લોકો સાથે મારપીટ અને ગાળા ગાળી કરે છે તો તમામ સંતો ની નર્મદા પોલીસ તપાસ કરે અને કોણ છે જેનો ભૂતકાળ શું છે કોઈ કાઈમ રેકોર્ડ તો નથી આ તમામ બાબત ની પોલીસ તપાસ કરે એવી માંગ ઉઠતા મહંત રામપ્યારેદાસની હત્યા માં નવો વળાંક આવ્યો છે

રામપુરા માંગરોલ માં આવેલ આશ્રમોની વાત કરીએ તો આશ્રમો ના સંતો દ્વારા માંગરોલ ગામના દલિત ઉપસરપંચ સાથે પણ આગાઉ મારામારી કરી હતી અને આ વિસ્તારા સાધુઓની મારામારી પોલીસ ચોપડે નોંધાઈ હોવાની બાબતો પણ જગ જાહેર બની છે ત્યારે સ્થાનિક ખેડૂતો અને અને આ કહેવાતા અમુક સંતો સાથે ઘર્ષણમાં આવ્યા છે ત્યારે આજે તમામ લોકો આ સંતો સામે બાંયો ચઢાવી આ ફરિયાદ ખોટી હોવાની પણ વાત કરી કોઈ અંગત અદાવતે નામો લખ્યા હોવાની પણ વાત કરે છે જે સમગ્ર રજુઆત આગામી દિવસ માં રેલી સ્વરૂપે જિલ્લા કલેકટર અને જિલ્લા પોલીસ વડાને રજૂઆત કરશે એમ સંભળાઈ રહ્યું છે ત્યારે આવનારા દિવસો માં આ હત્યા કયો નવો વળાંક લેશે એ જોવું રહ્યું .

દક્ષિણ ગુજરાતના તાપમાનમાં એકથી દોઢ ડિગ્રીનો વધારો : નવસારીમાં ૧૫ ડિગ્રી

દક્ષિણ ગુજરાતમાં આજ-કાલમાં જોરદાર ઠંડી પડવાની કોઈ શક્યતા નથી

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગત બે દિવસની તાપમાનમાં નજીવો ઘટાડો થતા શિયાળાની ઠંડી જામતી અટકી પડી છે. દિવસ દરમિયાન તાપ અનુભવાય છે. જ્યારે રાત્રે અને મળસ્કે વાતાવરણ ઠંડક છવાઈ રહી છે. નવસારી- વલસાડ અને સુરતના તાપમાનમાં એકથી દોઢ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગતરોજની સરખામણીએ આજે તાપમાનમાં નજીવો ઘટાડો થતા ઠંડીની અસર ઓછી થઈ છે. શહેરનું અધિકત્તમ તાપમાન ૩૬.૪ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૯.૮ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૪ ટકા અને હવાનું દબાણ ૧૦૧૫.૫ મીલીબાર નોંધાયું છે. ગતરોજ સરખામણીએ અધિકત્તમ અને ન્યુનત્તમ તાપમાનમાં એક એક ડિગ્રી વધારો નોંધાયો છે. નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ અધિકત્તમ તાપમાન ૩૫.૬ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૫ ડિગ્રી નોંધાયું છે. નવસારીમાં ગતરોજ ન્યુનત્તમ તાપમાન ૧૪.૫ ડિગ્રી નોંધાયું હતું. આજે અડધો ડિગ્રી તાપમાન ઘટયુ હોવા છતાં મળસ્કે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. વલસાડ હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે અધિકત્તમ તાપમાન ૩૪.૪ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૮.૧ ડિગ્રી નોંધાયું છે. દક્ષિર ગુજરાતમાં સતત બે દિવસથી તાપમાનમાં વધારો થવાથી ઠંડીનું પ્રમાણ ઘટયું છે.

અડાજણમાં ધક્કો વાગતો છોકરો પડી જતા પતિ-પત્ની પર હુમલો

દંપતી પર હુમલો કરી ધમકી આપનાર યુવકની ધરપકડ

સુરત

એપાર્ટમેન્ટ નીચે રમી રહેલા છોકરાને ધક્કો વાગી નીચે પડી ગયો હોવાની વાત કહી ઠપકો આપવા જતા દંપતીને માર મારી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ જવાની ઘટનામાં અડાજણ પોલીસે એક બ્રાહ્મણ યુવકની ધરપકડ કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, અડાજણ વિસ્તારમાં એક દંપતી રહે છે. અડાજણ પરશુરામ ગાર્ડની ગાર્ડન વિમલ એકસણીત એપાર્ટમેન્ટમાં રહેતા શ્યામભાઈ વિશ્વભર પ્રસાદ જોષીના છોકરાને રમતા રમતા ધક્કો વાગી જતા તે નીચે પડી ગયો હતો. ત્યારબાદ શ્યામભાઈ આ દંપતી તથા સાહેદ રાકેશભાઈના છોકરાઓને ઠપકો આપ્યો હતો. જે બાબતે દંપતી ઉશ્કેરાઈ જઈ કહેવા જતા શ્યામભાઈ જોષી તથા તેમના પત્નીએ દંપતીએ ઢીક-મુક્કીનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. અડાજણ પોલીસ મથકમાં ફરિયાદનોંધાવતા પોલીસે ગુનો નોંધી શ્યામભાઈ જોષીની ધરપકડ કરી હતી.

આ બાબતે આ કેશ ના તપાસ અધિકારી રાજપીપળા ટાઉન પી આઈ આર.એન.રાઠવા એ જણાવ્યું હતું કે હાલ પોલીસ ત્રણ ટીમો બનાવી આરોપીને શોધી રહી છે અને મોબાઈલ ટ્રેસ થી માંડી લોકેશનો અને કોલ ડીટેઈલ કાઢી તેમની સાથે સંપર્ક ના લોકો ની પણ પૂછપરછ કરી તપાસ કરી રહ્યા છે, હાલ ધરપકડ ની કામગીરી ચાલુ છે.

ભરૂચ એલ સી બી એ નેશનલ હાઈવે પરથી વિદેશી દારૂનના જથ્થા સાથે ત્રણની અટક કરી



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ નાઓની સુચના મુજબ ભરૂચ એલ.સી.બી ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર પી.એન.પટેલ નાઓના માર્ગદર્શન હેઠળ જીલ્લા મા દારૂ તેમજ જુગાર ની પ્રવૃતિ નાબુદ કરવા ડ્રાઇવ રાખવામા આવેલ હોય જે અનુસંધાને એલ.સી.બી ના પો.સ.ઈ વાય.જી.ગઢવી તથા પો.સ.ઈ એ.એસ.ચૌહાણ તેમજ ટીમ ના પોલીસ માણસો અંક્લેશ્વર ને.હા.નં-૪૮ ઉપર વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા માટે નાકાબંધી મા હતા ત્યારે પાનોલી નજીક બાકરોલ ઓવરબ્રીજ ખાતે સુરત થી અંક્લેશ્વર તરફના ટ્રેક ઉપર વોચ મા રહેલ દરમ્યાન બે અલગ-અલગ એકટીવા ઉપર કુલ ત્રણ ઇસમો (૧)વિશાલભાઇ પરસોત્તમભાઇ વસાવા (૨) કમલેશભાઇ અર્જુનભાઇ વસાવા (૩) યોગેશભાઇ ગોવિંદભાઇ વસાવા ત્રણેય રહે-જુના બોરભાઠા,પારસી ફળીયુ તા-અંક્લેશ્વર નાઓને ગે.કા. વગર પાસ પરમીટના ના વિદેશી દારૂ ની કુલ બોટલ નંગ-૧૪૪ કી.રૂ.૧૪,૪૦૦/-નામુદ્દામાલ સાથે ઝડપી પાડવામા આવેલ અને પકડાયેલ ઇસમોની મુદ્દામાલ સંબંધે પુછપરછ કરતા સુરત જીલ્લા ના કોસંબા નજીક ના લીબાડા ગામ ના મનીષ ઉર્ફે મનોજ અર્જુનભાઇ વસાવા મારફતે બુધાભાઇ સોમાભાઇ વસાવા, રહે-સીગલ ફળીયુ કોસંબા જી-સુરત પાસેથી ખરીદ કરી વેચાણ કરવા લઇ જતા હોવાનુ જણાવેલ જેથી ઉપરોક્ત પકડાયેલ ઇસમોના કબ્જામાંથી મળી આવેલ વિદેશી દારૂ ની બોટલ નંગ-૧૪૪ ની કી.રૂ.૧૪,૪૦૦/-તથા એકટીવા સ્કુટર-૦૨ કી.રૂ.૮૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૦૨ ની કી.રૂ. ૫૫૦૦/- મળી કુલ કી.રૂ.૯૯,૯૦૦/-નો મુદ્દામાલ વધુ તપાસ અર્થે કબ્જે કરી અંક્લેશ્વર રૂરલ પો.સ્ટે. મા સોંપવામાં આવેલ છે.

અંકલેશ્વર શહેર પો.સ્ટે. વિસ્તાર હાઈવે પરથી ઈંગ્લીશ દારૂ ઝડપી પાડતી ભરૂચ એસ.ઓ.જી.પોલીસ

પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમા વડોદરા વિભાગ વડોદરા તથા ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સુચના મુજબ જીલ્લા દારૂની પ્રવૃતિ નાબુદ કરવા સુચના આપેલ તે અનુસંધાને એસ.ઓ.જી.ના પોલીસ ઇન્સપેકટર પી.એન.પટેલ તથા પોલીસ સબ ઇન્સપેકટર કે.એમ.ચૌધરી એસ.ઓ.જી. ભરૂચ તથા પોલીસ માણસો સાથે અંકલેશ્વર શહેર વિસ્તારમાં હાઇવે ઉપર પેટ્રોલીગમા હાજર હતા દરમ્યાન પોલીસ સબ ઇન્સપેકટર કે.એમ.ચૌધરી એ બાતમી આધારે મારૂતી સુઝુકી આવતા ગાડીનો ચાલક તેમજ તેની બાજુમાં બેસેલ ઇસમ પોલીસને જોઇ ગાડી મુકીને નાસી જતા તે ગાડીમાંથી બેગ પાઇપર ડીલક્સ વ્હીસ્કી ૧૮૦ મીલી ના બોક્ષ નંગ-૨૪ જેમા ભરેલ કુલ કવાટર નંગ-૧૧૫૨ ની કુલ કી.રૂ.૧,૧૫,૨૦૦/- તથા ગાડીની કુ.રૂ.૩,૦૦,૦૦૦/- મળી કુલ કી.રૂ.૪,૧૫,૨૦૦/- નો મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવ્યો હતો .

હીરોહોન્ડા પેશન પ્લસ મો.સા.સાથે શકમંદ હાલતમાં એક ઇસમને ઝડપી પાડતી પેરોલ ફર્લો સ્કોડ ભરૂચ

પોલીસ મહાનિરિક્ષક અભયસિંહ ચુડાસમા વડોદરા રેન્જ તથા ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા ની સુચના મુજબ ભરૂચ જીલ્લામાં બનતા મિલ્કત સબંધી તથા વાહન ચોરીઓ અંગેના ગુનાઓ શોધી કાઢવા જણાવેલ જેથી અમો તથા સ્ટાફ સાથે આવા વણશોધાયેલ ગુનાઓ શોધી કાઢવા ઝઘડીયા વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન દઢેડા જવાના રોડ ઉપર આવતાં મહેન્દ્રસિંહ રામપ્રસાદ લોરીયાવંશ (સોની) ઉ.વ.આ. ૩૩, ધંધો. મંજુરી, રહે હાલ. પદમાવતી સોસાયટી સારંગપુર, અંકલેશ્વર, જી.ભરૂચ.મુળરહે. ગાવ સીમહારા (કાશીમપુર) થાના. સીસાકલર, તા. કાલ્પી, જી. જાલોન (યુ.પી.) નાને હીરોહોન્ડા કંપનીની પેશન પ્લસ કાળા કલરની મો.સા જેની કિ.રૂ.૨૦,૦૦૦/- ની ગણી



કોઇપણ જાતના આધાર પુરાવા કે આર.સી.બુક વગર મળી આવતા કબ્જે કરેલ છે. અને આરોપીને તા.૧૯/૧૧/૧૮ એ અટક કરી ઝઘડીયા પો.સ્ટે.માં આગળની કાર્યવાહી કરવા સુપ્રત કરવામાં આવેલ છે.ઉપરોક્ત કામગીરી ભરૂચ પેરોલ ફર્લો સ્કોડના પો.સ.ઇ. જે.વાય.પઠાણ તથા અન્ય સ્ટાફના માણસો દ્વારા ટીમવર્કથી કરવામાં આવેલ છે.

જુનારાજને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા માટે મીની બસ અને બોટીંગ સુવિધા પુરી પાડવા ટીમ નર્મદાને કલેકટરની તાકીદ



જિલ્લા કલેકટરશ્રી નિનામાના અધ્યક્ષસ્થાને યોજાયેલી જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિની બેઠકમાં જિલ્લાના પ્રશ્નોના ઉકેલ માટે થયેલી ચર્ચા-વિચારણા

રાજપીપળા : નર્મદા જિલ્લા કલેકટર આર.એસ.નિનામા એ જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિમાં લોકપ્રતિનિધિઓ ધ્વારા રજૂ થતાં પ્રજાકીય પ્રશ્નોના વાજબી ઝડપી રીતે અને યોગ્ય સમયમર્યાદામાં ઉકેલ ધ્વારા લોકાભિમૂખ વહિવટની પ્રતીતિ કરાવવા જિલ્લાના અમલીકરણ અધિકારીઓ- ટીમ નર્મદાને તાકીદ કરી છે. આવા પ્રશ્નોના નિકાલ અંગેની જાણ પણ સંબંધિત જનપ્રતિનિધિને સમયસર થાય તે જોવાની પણ તેમણે ખાસ સૂચના આપી છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ દામાભાઇ વસાવા, ભરૂચના સંસદસભ્ય મનસુખભાઇ વસાવા, નાંદોદના ધારાસભ્ય પી.ડી.વસાવા, જિલ્લા વિકાસ અધિકારી ર્ડો. જીન્સી વિલીયમ, ઇન્ચાર્જ જિલ્લા પોલીસ અધિક્ષક અચલ ત્યાગી, પ્રાયોજના વહિવટદાર આર.વી.બારીયા સહિત જિલ્લાના સંબંધિત અમલીકરણ અધિકારીઓની ઉપસ્થિતિમાં નર્મદા જિલ્લા પંચાયતના કોન્ફરન્સ હોલ ખાતે તાજેતરમાં યોજાયેલી જિલ્લા સંકલન સહ ફરીયાદ નિવારણ સમિતિની બેઠકમાં સંસદસભ્ય અને ધારાસભ્ય તરફથી જંગલની જમીનના અધિકાર, કરજણ અને નર્મદા કેનાલની અને જળસંપતિ વિભાગ હેઠળની જે તે દુરસ્તીની કામગીરી, રાત્રિના સમયે ખાણ-ખનીજ-રેતી વગેરે વહન કરતાં ઓવર લોડીંગ વાહનોની ચકાસણી કરી તેની સામે પગલાં ભરવા, ગ્રામ્ય વિસ્તારમાં જરૂરીયાતવાળા લોકોને નરેગા હેઠળ સતત રોજગારી મળી રહે તે અંગે કરાયેલી રજૂઆત સંદર્ભે જિલ્લા કલેકટર નિનામાએ સંબંધિત અમલીકરણ અધિકારીઓને આ દિશામાં સત્વરે અસરકારક અમલીકરણ થકી આ કામગીરી પરિણામલક્ષી બની રહે તેવા સઘન પ્રયાસો કરવા ખાસ અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં જુનારાજને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા માટે મીની બસ અને બોટીંગ સુવિધા પુરી પાડવા, કેવડીયા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે L & T ધ્વારા સ્થાનિક કર્મચારીઓને રોજગારીમાં અગ્રતા આપવા, સ્થાનિક લોકોને પાર્કિંગ મેનેજમેન્ટની કામગીરી, સખી મંડળ ધ્વારા પીવાના પાણી, રાજપીપળાની પોલીટેકનિક કોલેજના મકાન બાંધકામ, રાજપીપળામાં કાલા ઘોડા ખાતે રંગ અવધુત મંદિર નજીક સ્પીડ બ્રેકર મૂકવા વગેરે જેવી બાબતો અંગે પણ વિસ્તૃત ચર્ચા-વિચારણા કરીને સંબંધિત અધિકારીઓને ઉકત બાબતે જરૂરી કાર્યવાહી કરવા સૂચના અપાઇ હતી.


નર્મદા જિલ્લાના એક હજાર થી વધુ પ્રવાસી શિક્ષકો ને ૧૧ મહિનાથી પગાર ના વલખા

શાળાઓમાં શિક્ષકોની ઘટ પુરાવા પ્રવાસી શિક્ષકોની યોજના બનાવી સરકારે મજાક ઉડાવી નર્મદા જિલ્લામા ૧૦૦૦થી વધુ પ્રવાસી શિક્ષકો ની ભરતી વિવિધ શાળઓમા થઇ છે જેઓ અધ્ધર જીવે ફરજ બજાવી રહ્યા છે.

રાજપીપળા : શિક્ષિત બેરોજગારોની જો કોઈ ખુલ્લે આમ મઝાક ઉડાવતું હોય તો ગુજરાત સરકાર, બાલાગુરુ થી સારું કરી હાલ પ્રવાસી ક્ષિકો ની ભરતી કરી જેમાં પણ કોઈ આધાર પુરાવા વગર અને કોઈ રક્ષણ પણ નહી ખાનગી નોકરી કરતા પણ બત્તર નોકરીઓ આપી રાજ્ય સરકાર જાણે મઝાક ઉડાવે છે. નર્મદા જિલ્લામા ૧૦૦૦ થી વધુ પ્રવાસી શિક્ષકો ની ભરતી વિવિધ શાળઓમા થઇ છે જેઓ અધ્ધર જીવે ફરજ બજાવી રહ્યા છે. સાથે નોકરી કાર્યાના પુરાવા જોઈ પગાર આપે છે એ પણ છેલ્લા ૧૧ મહિનાથી થયા નથી કોઈ તહેવાર કે કોઈ લગ્ન પ્રસઁગ આ પગારથી ઉજવ્યો છતાં બેરોજગાર હોય બિચારા પ્રવાસી શિક્ષકો ફરજ બજાવ્યે જાય છે તો ઉંચા પગાર લેતા શિક્ષણ અધિકારી પણ આ શિક્ષકો માટે કશુ કરતા નથી.

સરકારની નીતિ રીતિઓ થી આજે આમ જનતા પરેશાન થઇ ગઈ છે. જેમાં ખાસ કરીને કોઈપણ ક્ષેત્રોમાં રોજગારીના નામે સરકાર શિક્ષિત બેરોજગારોનું શોષણ જ કરતી આવી છે, પરંતુ શિક્ષિત બેરોજગારો કઈ બોલી સકતા નથી કારણકે આ સમયે તેમને સૌથિ વધુ રોજગારીની જરુર છે, પરતુ સરકાર વિરુધ્ધ એક મોટો સિક્ષિત બેરોજગારોનો વર્ગ ઉભો થઈ રહ્યો છે. જો સરકાર આ વર્ગ માટે ચોક્કસ વ્યવસ્થાના કરી તો સરકાર સામે જંગ માંડસે એ વાત નક્કિ છે. આ સાથે પ્રવાસી શિક્ષકો માટે એક રક્ષણ પણ માંગે છે. પણ સરકાર નિયમિત પગાર નથી આપી શકતા તો હવે આ સરકાર કેટલુ આપે છે એ જોવુ રહ્યુ.

નર્મદા સુલપાણેશ્વર અભિયારણમાં બનનારા ટાઇગર સફારી ૨ વર્ષ માં તૈયાર કરી દેવાસે, કેન્દ્ર સરકાર ની મળી લીલીઝંડી





તિલકવાડા ના વજેરિયા ના જંગલ માં આવેલ કાકડિયા ગામે ૮૫ હેક્ટર જમીન માં આ ટાયગર સફારી પાર્ક બનશે,વન અને પર્યાવરણ મંત્રી ગણપત વસાવા એ કરી જાહેરાત

રાજપીપળા : નર્મદા સુલપાણેશ્વર અભિયારણ માં ટાઇગર સફારી બનાવવા ના પ્રોજેક્ટ પર લાગેલી બ્રેક હટી ગઈ છે અને કેન્દ્ર સરકારે આ પ્રજેક્ટ ને ઝડપથી પૂર્ણ કરવા મંજૂરી આપી દીધી છે ત્યારે હવે રાજ્ય સરકારે પણ આ પ્રોજેક્ટને હાથ પર લઇ કામગીરી શરૂ કરી દીધી છે. અને તાજેતરમા વન મંત્રી ગણપત વસાવા એ ગાંધીનગર ખાતે જાહેરાત કરી અને આ કામગીરી જલ્દી પૂર્ણ કરવાની પણ વાત કરી ત્યારે નર્મદા જિલ્લામાં આગામી દિવસોમાં કામગીરી શરૂ કરી દેવામાં આવશે।

ગુજરાત સરકાર દ્વારા ગરુડેશ્વર તાલુકામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી અને નર્મદા બંધને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે ગુજરાત સરકાર દ્વારા નર્મદા જિલ્લામાં પણ ટાયગર સફારી બાવી પ્રવાસીઓ માટે બધું એક આકર્ષણ જમાવવાનો ઉમદા વિચાર કરી એક પ્રોજેક્ટ રજુ કર્યો જેમાં તિલકવાડાના વજેરિયાના જંગલમાં આવેલ કાકડિયા ગામે ૮૫ હેક્ટર જમીનમાં આ ટાયગર સફારી બનાવવા ની તૈયારીઓ પણ હાથ ધરી હતી,

જોકે આ ટાયગર સફારી સરકારે હાલ બજેટ માં કોઈ જોગવાઈ ના થઇ હોય આ પ્રોજેક્ટ માં બ્રેક વાગી હતી, ત્યારે હવે સ્ટેચ્યુ નું લોકાર્પણ થઈ ગયું છે અને ૨ લાખ જેટલા પ્રવાસીઓ મુલાકાત લઈ ચુક્યા છે ત્યારે પ્રવાસીઓ માટે આકર્ષણરૂપ ટાયગર સફારી પાર્કને કેન્દ્ર સરકારે લીલી ઝંડી આપી દીધી છે હવે આ પ્રોજેક્ટ બે વર્ષ માં પૂર્ણ કરવાની રાજ્ય સરકાર ને કેન્દ્ર સરકારની સૂચના મળતા કામગીરી યુદ્ધના ધોરણે ચાલશે

વજેરિયાના આ જંગલમાં અન્ય દીપડા, રીછ, જરખ, નીલ ગાય, હરણ જેવા પ્રાણીઓ છે અને અને ટાયગર માટે સુરક્ષિત સ્થળ માનવામાં આવે છે જેથી આ પ્રોજેક્ટ ને મંજુર કરાયો હતો વન મંત્રી થી લઈ ઉચ્ચ અધિકારીઓ એ મુલાકાત લઇ જેની સીમાઓ પણ નક્કી કરી કામગીરી આરંભી હતી ટ્રેક પણ નક્કી કરાયા હતા અને મધ્યપ્રદેશ થી ૮ વાઘો નું એક કુટુંબ જેમાં બે નર નારી અને બીજા બચ્ચા લાવવાનું પણ નક્કી છે. હવે સરકારની લીલી ઝંડી મળી છે એટલે કામગીરી ચાલુ થશે.

નાંદોદના લીમટવાડા ગામમાં મહાકાય અજગર દેખાતા ગ્રામજનો માં ફફડાટ



રાજપીપળા : નર્મદા જિલ્લાનાં નાંદોદ તાલુકા માં આવેલા લીમટવાડા ગામમાંથી ૧૨ ફૂટ લાંબો અને ૩૦ કિલો વજન ધરાવતો મહાકાય અજગર ગત રાત્રે દેખા દેતા ગામના લોકો માં ભય ફેલાયો હતો જોકે તાત્કાલિક રાત્રેજ વાઈલ્ડ સેવિયર ટીમ નાં માઈકલ વસાવા અનિલ વસાવા વિપુલ વસાવા ને રાતે ફોન કરતા તાત્કાલિક લીમટવાડા ગામ જઈને એક કલાકની ભારે જહેમત બાદ આ અજગર ને સહી સલામત પકડીને દૂર જંગલમાં છોડી મુકવામાં આવ્યો હતો ત્યારબાદ લોકો એ રાહત મેળવી હતી અજગર એક નિશાચર સરીસૃપ છે તે ખોરાકની શોધમાં માનવ વસ્તી આવી જતા હોય ત્યારે લોકો માં ભય જરૂર ફેલાય છે પરંતુ નર્મદા જિલ્લા માં એક માત્ર વાઈલ્ડ સેવિયર ની ટીમના યુવાનો આ બાબતે જાગૃત હોય તાત્કાલિક સ્થળ પર પોહચી કામગીરી કરતા લોકો એનો નિઃશુલ્ક લાભ લે છે ત્યારે આવી સંસ્થા ના યુવાનો ની પ્રશંસા કરવી જોઈએ અને વન વિભાગ સહીત ના તંત્ર ના લાગતા વળગતા અધિકારીઓ એ આ યુવાનો ની કામગીરી માં સહભાગી થઈ જરૂરી સાધનો ની મદદ કરી એમની કામગીરી ને વધુ સારી બનાવવા પ્રયાસ કરવો જોઈએ .



ઈદે મિલાદ નબી પર્વ નિમિત્તે સુરત શહેરમાં ભવ્ય જુલૂસનું આયોજન કરવામાં આવ્યું છે. આ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોની ઈમારતો તથા મસ્જિદો પર લાઈટની ભવ્ય રોશની કરવામાં આવી છે. દૃશ્યમાન તસ્વીર ટેક્સટાઈલ્સ માર્કેટ પાસે આવેલી મસ્જિદે હિદાયાની છે.